12

# ॥ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર ॥

## ઋષભદેવ અને અષ્ટાપદ

**પ્રસ્તાવના :**

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય રચિત ''શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર''ના પહેલા પર્વમાંથી શ્રી ઋષભદેવના અષ્ટાપદ પર નિર્વાણ તથા અષ્ટાપદ સાથે સંકળાયેલ વિવિધ ઘટનાઓનું સંકલન કરવામાં આવ્યું છે.

વિશ્વોપકારી ભગવાન શ્રી ઋષભદેવજી ગ્રામ, ખાણ, નગર, દ્રોણમુખ, કર્બટ, પત્તન, મંડબ, આશ્રમ અને ખેડાઓથી પરિપૂર્ણ પૃથ્વીમાં વિચરતા હતા[૧]. વિહાર સમયમાં પોતાની ચારે દિશાએ સવાસો યોજન સુધી લોકોની વ્યાધિનું નિવારણ કરવાથી વર્ષાઋતુના મેઘની જેમ જગતજંતુઓને શાંતિ પમાડતા હતા; રાજા જેમ અનીતિના નિવારણથી પ્રજાને સુખ આપે તેમ મુષક, શુક વગેરે ઉપદ્રવ કરનારા જીવોની અપ્રવૃત્તિથી સર્વનું રક્ષણ કરતા હતા, અંધકારના ક્ષયથી સૂર્યની જેમ પ્રાણીઓનાં નૈમિત્તિક અને શાશ્વત વૈર શાંત કરવાથી સર્વને પ્રસન્ન કરતા હતા, પ્રથમ સર્વ રીતે સ્વસ્થ કરનારી વ્યવહાર પ્રવૃત્તિથી જેમ લોકસમૂહને આનંદ પમાડ્યો હતો, તેમ હાલ વિહારની પ્રવૃત્તિથી સર્વને આનંદ પમાડતા હતા, ઔષધથી અજીર્ણ અને અતિ ક્ષુધાની જેમ અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિના ઉપદ્રવનો નાશ કરતા હતા, અંતઃશલ્યની જેમ સ્વચક્ર અને પરચક્રનો ભય દૂર થવાથી તત્કાળ પ્રસન્ન થયેલા લોકો તેમનો આગમન ઉત્સવ કરતા હતા, અને માંત્રિક પુરુષ જેમ ભૂત રાક્ષસથી રક્ષા કરે, તેમ સંહારકારક ઘોર દુર્ભિક્ષથી સર્વની રક્ષા કરતા હતા. આવા ઉપકારથી એ મહાત્માની સર્વ લોકો સ્તુતિ કરતા હતા. જાણે અંદર ન સમાવાથી બહાર આવેલી અનંત જ્યોતિ હોય તેવું અને સૂર્યમંડળને જીતનારું ભામંડળ તેઓએ ધારણ કર્યું હતું.[૨] આગળ ચાલતા ચક્રથી જેમ ચક્રવર્તી શોભે તેમ આકાશમાં આગળ ચાલતા અસાધારણ તેજવાળા ધર્મચક્રથી તેઓ શોભતા હતા; સર્વ કર્મનો જય કરવાથી ઊંચા જયસ્તંભ જેવો નાની નાની હજારો ધ્વજાઓ યુક્ત એક ધર્મધ્વજ તેઓની આગળ ચાલતો હતો; જાણે તેમનું પ્રયાણોચિત કલ્યાણ મંગળ કરતો હોય તેવો પોતાની મેળે જ નિર્ભર શબ્દ કરતો દિવ્યદુંદુભિ તેમની આગળ વાગતો હતો; જાણે પોતાનો યશ હોય તેવા આકાશમાં રહેલા પાદપીઠ સહિત સ્ફટિક રત્નના સિંહાસનથી તેઓ શોભતા હતા; દેવતાઓએ સંચાર કરેલા સુવર્ણ કમલ ઉપર રાજહંસની જેમ લીલાસહિત તેઓ ચરણન્યાસ કરતા હતા; જાણે તેમના ભયથી રસાતલમાં પેસી જવાને ઇચ્છતા હોય તેમ નીચા મુખવાળા થયેલા તીક્ષ્ણ દંડ રૂપ કંટકથી તેમનો

---

૧ અહીંથી તીર્થંકરના અતિશય સંબંધીનું વર્ણન છે.

૨ તીર્થંકર વગેરે તેની ચોતરફ સવાસો યોજન સુધી ઉપદ્રવકારથી રોગની શાંતિ થાય, પરસ્પરના વેરનો નાશ થાય. ધાન્યાદિને ઉપદ્રવકારી જંતુઓ ન થાય. મરકી વિ. ન થાય. અતિવૃષ્ટિ ન થાય. દુર્ભિક્ષ, દુષ્કાળ ન પડે. સ્વચક્ર પરચક્રનો ક્ષય ન થાય. એ તથા પ્રભુના મસ્તકની પાછળ ભામંડળ રહે એ કેવળજ્ઞાનના પ્રગટ થવાથી થતા અગિયાર અતિશય મહાન અતિશય છે.

---

**Ashtapad Maha Tirth Vol. I Ch. 1-A, Pg. 16-46**

પરિવાર આશ્લિષ્ટ થતો નહોતો; જાણે કામદેવને સહાય કરવાના પાપનું પ્રાયશ્ચિત્ત કરવાને ઇચ્છતી હોય તેમ જ ઋતુઓ સમકાળે તેમની ઉપાસના કરતી હતી; ચોતરફ દૂરથી નીચા નમતા માર્ગનાં વૃક્ષો, જોકે તેઓ સંજ્ઞા રહિત છે, તો પણ જાણે તેમને નમસ્કાર કરતા હોય તેવા જણાતા હતા. પંખાના વાયરાની જેમ મૃદુ, શીતળ અને અનુકૂળ પવન તેમની નિરંતર સેવા કરતો હતો; સ્વામીથી પ્રતિકૂળ (વામ) વરતનારાનું શુભ થાય નહીં એમ જાણતા હોય તેમ પક્ષીઓ નીચે ઊતરી તેમની પ્રદક્ષિણા કરી જમણી બાજુએ અતિક્રમણ કરતાં હતાં; ચપળ તરંગોથી જેમ સાગર શોભે તેમ જઘન્યે કોટી સંખ્યાવાળા અને વારંવાર ગમનાગમન કરતા સુરઅસુરોથી તેઓ શોભતા હતા; ભક્તિવશ થઈ દિવસે પણ પ્રભાસહિત ચંદ્ર રહ્યો હોય તેવા આકાશમાં રહેલા છત્રથી તેઓ શોભતા હતા; અને જાણે ચંદ્રના જુદા કરેલા સર્વસ્વ કિરણોના કોશ હોય તેવા ગંગાના તરંગ જેવા શ્વેત ચામરો તેમની ઉપર ઢોળાતા હતા;[3] નક્ષત્ર ગણોથી ચંદ્રમાની જેમ તપથી પ્રદીપ્ત થયેલા અને સૌમ્ય એવા લાખો ઉત્તમ શ્રમણોથી તેઓ વીંટાયેલા હતા. જેમ સૂર્ય દરેક સાગરમાં અને દરેક સરોવરમાં કમલને પ્રબોધ (પ્રફુલ્લિત) કરે, તેમ એ મહાત્મા દરેક ગામ અને દરેક શહેરમાં ભવ્યજનોને પ્રતિબોધ કરતા હતા. આવી રીતે વિચરતા ભગવાન્ ઋષભદેવજી એકદા અષ્ટાપદ પર્વતે આવ્યા.

અત્યંત શ્વેતપણાને લીધે જાણે શરદઋતુના વાદળાનો એક ઠેકાણે કલ્પેલો ઢગલો હોય, ઠરી ગયેલા ક્ષીર સમુદ્રનો લાવી મૂકેલ વેલાકૂટ હોય અથવા પ્રભુના જન્માભિષેક વખતે ઇન્દ્રે વૈક્રિય કરેલા ચાર વૃષભના રૂપ માંહેનો ઊંચાં શૃંગવાળો એક વૃષભ હોય એવો તે ગિરિ જણાતો હતો. નંદીશ્વરદ્વીપ માંહેની પુષ્કરિણી (વાવડી)માં રહેલા દધિમુખ પર્વતોમાંથી આવેલો જાણે એક પર્વત હોય, જંબૂદ્વીપરૂપી કમલનો જાણે એક બિસખંડ (નાળ) હોય અને પૃથ્વીનો જાણે શ્વેત રવમય ઊંચો મુગટ હોય તેવો તે પર્વત શોભતો હતો. નિર્મળ તથા પ્રકાશવાળો હોવાથી દેવગણો તેને હંમેશાં જળથી સ્નાન કરાવતા હોય અને વસ્ત્રોથી જાણે લૂંછતા હોય તેવો તે જણાતો હતો. વાયુએ ઉડાડેલા કમલના રેણુઓ વડે તેના નિર્મળ સ્ફટિક મણિના તટને સ્ત્રીઓ નદીના જળ જેવો દેખતી હતી. તેનાં શિખરોના અગ્રભાગમાં વિશ્રામ લેવાને બેઠેલી વિદ્યાધરોની સ્ત્રીઓને તે વૈતાઢ્ય અને ક્ષુદ્ર હિમાલયનું સ્મરણ કરાવતો હતો. સ્વર્ગ ભૂમિનું જાણે અંતરીક્ષ દર્પણ હોય, દિશાઓનું જાણે અતુલ્ય હાસ્ય હોય અને ગ્રહ-નક્ષત્રોને નિર્માણ કરવાની મૃત્તિકાનું અક્ષય સ્થળ હોય એવો તે જણાતો હતો. તેનાં શિખરોના મધ્ય ભાગમાં ક્રીડાથી શ્રાંત થયેલાં મૃગો બેઠેલાં હતાં, તેથી તે અનેક મૃગલાંછન (ચંદ્ર)ના વિભ્રમને બતાવતો હતો. નિર્ઝરણાની પંક્તિઓથી જાણે નિર્મળ અર્ધવસ્ત્રને છોડી દેતો હોય અને સૂર્યકાંત મણિઓના પ્રસરતા કિરણોથી જાણે ઊંચી પતાકાવાળો હોય તેવો તે શોભતો હતો. તેના ઊંચાં શિખરના અગ્રભાગમાં સૂર્ય સંક્રમ થતો, તેથી તે સિદ્ધ લોકોની મુગ્ધ સ્ત્રીઓને ઉદયાચલનો ભ્રમ આપતો હતો. જાણે મયૂરપત્રથી રચેલાં મોટાં છત્રો હોય તેવાં અતિ આર્દ્રપત્રવાળાં વૃક્ષોથી તેમાં નિરંતર છાયા થઈ રહી હતી. ખેચરોની સ્ત્રીઓ કૌતુકથી મૃગના બચ્ચાંઓનું લાલનપાલન કરતી, તેથી હરણીઓના ઝરતા દૂધ વડે તેનું સર્વ લતાવન સિંચાતું હતું. કદલી પત્રના અર્ધા વસ્ત્રવાળી શબરીઓના નૃત્યને જોવાને માટે ત્યાં નગરની સ્ત્રીઓ નેત્રોની શ્રેણી કરીને રહેતી હતી. રતિથી શ્રાંત થયેલી સર્પિણીઓ ત્યાં વનનો મંદ મંદ પવન પીતી હતી; તેના લતાવનને પવનરૂપી નટે ક્રીડાથી નચાવ્યું હતું, કિન્નરોથી સ્ત્રીઓ રતિના આરંભથી તેની ગુફાઓને મંદિરરૂપ કરતી હતી, અને અપસરાઓના સ્નાન કરવાના ઘસારાથી તેના સરોવરનું જળ તરંગિત થયેલું હતું. કોઈ ઠેકાણે સોગઠાબાજી રમતા, કોઈ ઠેકાણે પાનગોષ્ઠી કરતા અને કોઈ ઠેકાણે પણિત (પણ) બાંધતા યક્ષોથી તેના મધ્ય ભાગમાં કોલાહલ થઈ રહ્યો હતો. તે પર્વત ઉપર કોઈ ઠેકાણે કિન્નરોની સ્ત્રીઓ, કોઈ ઠેકાણે ભિલ લોકોની સ્ત્રીઓ અને કોઈ ઠેકાણે વિદ્યાધરની સ્ત્રીઓ, ક્રીડાનાં ગીત ગાતી હતી.

---

૩ અહીં સુધીના સર્વે અતિશય દેવકૃત છે.

કોઈ ઠેકાણે પાકેલાં દ્રાક્ષફળ ખાઈને ઉન્મત્ત થયેલાં શુક પક્ષીઓ શબ્દ કરતાં હતાં, કોઈ ઠેકાણે આમ્રના અંકુર ખાવાથી ઉન્મત્ત થયેલી કોકિલાઓ પંચમ સ્વર કરતી હતી, કોઈ ઠેકાણે કમલતંતુના આસ્વાદથી ઉન્મત્ત થયેલા હંસો મધુર શબ્દ કરતા હતા, કોઈ ઠેકાણે સરિતાના તટમાં મદવાળાં થયેલાં ક્રૌંચ પક્ષીઓના કેંકાર શબ્દો થતા હતા, કોઈ ઠેકાણે નજીક રહેલા મેઘથી ઉન્મદ પામેલા મયૂરોનો કેકા શબ્દ થતો હતો અને કોઈ ઠેકાણે સરોવરમાં ફરતાં સારસ પક્ષીઓના શબ્દો સંભળાતા હતા; એથી તે ગિરિ મનોહર લાગતો હતો. કોઈ ઠેકાણે રાતાં અશોકવૃક્ષોનાં પત્રોથી જાણે કસુંબી વસ્ત્રવાળો હોય, કોઈ ઠેકાણે તમાલ, તાલ અને હિતાલનાં વૃક્ષોથી જાણે શ્યામ વસ્ત્રવાળો હોય, કોઈ ઠેકાણે સુંદર પુષ્પવાળા ખાખરાના વૃક્ષોથી જાણે પીળા વસ્ત્રવાળો હોય અને કોઈ ઠેકાણે માલતી અને મલ્લિકાના સમૂહથી જાણે શ્વેત વસ્ત્રવાળો હોય એવો તે પર્વત જણાતો હતો. આઠ યોજન ઊંચો હોવાથી તે આકાશ જેટલો ઊંચો લાગતો હતો. એવા તે અષ્ટાપદ પર્વત ઉપર ગિરિના જેવા ગરિષ્ઠ જગત્ગુરુ આરૂઢ થયા. પવનથી ખરતાં પુષ્પોથી અને નિર્ઝરણાના જળથી એ પર્વત જગત્પતિ પ્રભુને અન્નપાન આપતો હોય તેવો જણાતો હતો. પ્રભુનાં ચરણથી પવિત્ર થયેલો એ પર્વત, પ્રભુના જન્મ સ્નાત્રથી પવિત્ર થયેલા મેરુથી પોતાને ન્યૂન માનતો નહોતો. હર્ષ પામેલા કોકિલાદિકના શબ્દના મિષથી જાણે તે પર્વત જગત્પતિના ગુણ ગાતો હોય એવો જણાતો હતો.

તે પર્વત ઉપર વાયુકુમાર દેવોએ એક યોજન પ્રદેશમાંથી માર્જન કરનારા સેવકોની જેમ ક્ષણ વારમાં તૃણ - કાષ્ઠાદિક દૂર કર્યું અને મેઘકુમારોએ પાણીને વહેનારા પાડાની જેવાં વાદળાં વિકુર્વીને સુગંધી જળથી તે ભૂમિ ઉપર સિંચન કર્યું. પછી ત્યાં દેવતાઓએ વિશાળ એવી સુવર્ણરત્નની શિલાઓથી દર્પણના તળની જેવું સપાટ પૃથ્વીતળ બાંધી લીધું. તેની ઉપર વ્યંતર દેવતાઓએ ઇન્દ્રધનુષનાં ખંડની જેવાં પંચવર્ણી પુષ્પોની જાનુપ્રમાણ વૃષ્ટિ કરી અને જમના નદીના તરંગની શોભાને ગ્રહણ કરનારાં વૃક્ષોના આર્દ્ર પાત્રોનાં ચારે દિશાએ તોરણો બાંધ્યાં. ચારે બાજુ સ્તંભોની ઉપર બાંધેલાં મકરાકૃતિ તોરણો સિંધુના બંને તટમાં રહેલા મગરની શોભાને અનુસરતા શોભતા હતાં. તેના મધ્યમાં જાણે ચાર દિશાઓની દેવીના રૂપાનાં દર્પણો હોય તેવાં ચાર છત્રો તથા આકાશગંગાના ચપળ તરંગોની ભ્રાંતિને આપનારા પવને તરંગિત કરેલા ધ્વજપટો શોભતાં હતાં. તે તોરણોની નીચે રચેલાં મોતીના સ્વસ્તિકો 'સર્વ જગતનું આ મંગળ છે.' એવી ચિત્રલિપિનાં વિભ્રમને કરાવતા હતા. બાંધેલા ભૂમિતળ ઉપર વૈમાનિક દેવતાઓએ રત્નાકરની શોભાના સર્વસ્વ જેવાં રત્નમય ગઢ કર્યો અને તે ગઢ ઉપર માનુષોત્તર પર્વતની સીમા ઉપર રહેલી ચંદ્ર સૂર્યના કિરણોની માળા જેવી માણેકના કાંગરાની પંક્તિઓ રચી. પછી જ્યોતિષ દેવતાઓએ વલયાકારે કરેલું હેમાદ્રિ પર્વતનું શિખર હોય તેવો નિર્મળ સુવર્ણનો મધ્યમ ગઢ કર્યો અને તેના ઉપર રત્નમય કાંગરા કર્યા; તેમાં પ્રેક્ષકોનાં પ્રતિબિંબો પડવાથી જાણે ચિત્રવાળા હોય તેવા તે કાંગરાઓ જણાતા હતા. તે પછી ભવનપતિઓએ, કુંડલાકારે થયેલા શેષનાગના શરીરના ભ્રમને આપનારો છેલ્લો રૂપાનો ગઢ કર્યો અને તેની ઉપર ક્ષીરસાગરના તટના જળ ઉપર રહેલી ગરુડની શ્રેણી હોય તેવી સુવર્ણના કાંગરાની શ્રેણી કરી. પછી જેમ અયોધ્યા નગરીના ગઢમાં કર્યા હતા તેમ યક્ષોએ તે દરેક ગઢમાં ચાર ચાર દરવાજા કર્યા અને તે દરવાજાને માણેકનાં તોરણો કર્યાં; પોતાનાં પ્રસરતાં કિરણોથી જાણે તે તોરણો શતગુણા હોય તેવા જણાતા હતા. દરેક દ્વારે વ્યંતરોએ નેત્રની રેખામાં રહેલી કાજળની રેખાની પેઠે આચરણ કરતા ધુમાડા રૂપી ઊર્મિઓને ધારણ કરનારા ધૂપિયાઓ રાખ્યાં હતાં. મધ્યગઢની અંદર ઈશાન દિશામાં, ઘરમાં દેવાલયની જેવો પ્રભુને વિશ્રામ લેવા માટે એક દેવછંદ રચ્યો. વહાણની મધ્યમાં જેમ કૂવાસ્થંભ હોય તેવું વ્યંતરોએ તે સમવસરણના મધ્યમાં ત્રણ કોસ ઊંચું ચૈત્યવૃક્ષ રચ્યું. તે ચૈત્યવૃક્ષની નીચે પોતાનાં કિરણોથી જાણે વૃક્ષને મૂળથી જ પલ્લવિત કરતી હોય તેવી એક રત્નમય પીઠ રચી અને તે પીઠ ઉપર ચૈત્યવૃક્ષની શાખાઓના અંત પલ્લવોથી વારંવાર સાફ થતો એક રત્નછંદ રચ્યો, તેની મધ્યમાં પૂર્વ તરફ વિકસિત કમલકોશની મધ્યમાં કર્ણિકાની જેવું, પાદપીઠ સહિત એક રત્નસિંહાસન

રચ્યું અને તેની ઉપર જાણે ગંગાના આવૃત્તિ કરેલા ત્રણ પ્રવાહ હોય તેવા ત્રણ છત્રો બનાવ્યાં. એવી રીતે જાણે અગાઉથી જ તૈયાર હોય અને તે કોઈ ઠેકાણેથી લાવીને અહીં મૂકી દીધું હોય તેમ ક્ષણ વારમાં દેવ અને અસુરોએ મળીને ત્યાં સમવસરણ રચ્યું.

જગત્પતિએ ભવ્યજનોના હૃદયની જેમ મોક્ષદ્વાર રૂપ એ સમવસરણમાં પૂર્વદ્વારથી પ્રવેશ કર્યો. તત્કાળ જેની શાખાના પ્રાંત પલ્લવો પોતાના કર્ણના આભૂષણ રૂપ થતા હતા એવા અશોકવૃક્ષને તેમણે પ્રદક્ષિણા કરી. પછી પૂર્વદિશા તરફ આવી 'નમસ્તીર્થાય' એમ બોલી રાજહંસ જેમ કમલ ઉપર બેસે તેમ તેઓ સિંહાસન ઉપર બિરાજમાન થયા. તરત જ બાકીની ત્રણ દિશાના સિંહાસન ઉપર વ્યંતર દેવોએ ભગવંતના ત્રણ રૂપ વિકુર્વ્યા. પછી સાધુ, સાધ્વી અને વૈમાનિક દેવતાની સ્ત્રીઓએ પૂર્વ દ્વારથી પેસી, પ્રદક્ષિણા કરી, ભક્તિપૂર્વક જિનેશ્વર અને તીર્થને નમસ્કાર કર્યો અને પ્રથમ ગઢમાં પ્રથમ ધર્મરૂપી ઉદ્યાનના વૃક્ષરૂપ સાધુઓ પૂર્વ અને દક્ષિણ દિશાના મધ્યમાં બેઠા, તેમના પૃષ્ઠ ભાગમાં વૈમાનિક દેવતાઓની સ્ત્રીઓ ઊભી રહી અને તેની પાછળ તેવી જ રીતે સાધ્વીઓનો સમૂહ ઊભો રહ્યો. ભુવનપતિ, જ્યોતિષી અને વ્યંતરોની સ્ત્રીઓ દક્ષિણદ્વારથી પ્રવેશ કરી પૂર્વ વિધિવત્ પ્રદક્ષિણા નમસ્કાર કરીને નૈઋત્ય દિશામાં બેઠી અને તે ત્રણે નિકાયના દેવો પશ્ચિમ દ્વારથી પ્રવેશ કરી તેવી જ રીતે નમી અનુક્રમે વાયવ્ય દિશામાં બેઠા. આવી રીતે પ્રભુને સમોસર્યા જાણી, પોતાનાં વિમાનોના સમૂહથી ગગનને આચ્છાદિત કરતો ઇન્દ્ર ત્યાં સત્વર આવ્યો. ઉત્તરદ્વારથી સમવસરણમાં પ્રવેશ કરી, સ્વામીને ત્રણ પ્રદક્ષિણા દઈ નમસ્કાર કરી ભક્તિવાન્ ઇન્દ્ર આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

"હે ભગવાન્ ! જોકે ઉત્તમ યોગીઓથી પણ આપના ગુણો સર્વ પ્રકારે જાણવા અશક્ય છે, તો સ્તુતિ કરવાને યોગ્ય એવા તે આપના ગુણો ક્યાં અને નિત્ય પ્રમાદી એવો હું સ્તોતા ક્યાં ? તથાપિ હે નાથ ! હું યથાશક્તિ તમારા ગુણોને સ્તવીશ. હે નાથ ! પ્રમાદરૂપ નિદ્રામાં મગ્ન થયેલા મારા જેવા પુરુષોના કાર્યને માટે આપ સૂર્યની જેમ વારંવાર ગમનાગમન કરો છો. જેમ કાળે કરી પથ્થર જેવું થયેલું (ઠરી ગયેલું) ઘૃત અગ્નિથી ઓગળે છે, તેમ લાખો જન્મ વડે કરી ઉપાર્જન કરેલાં કર્મ તમારા દર્શનથી નાશ પામે છે. હે પ્રભુ ! એકાંત સુષમ કાળ (બીજા આરા)થી સુષમ દુઃષમ કાળ (ત્રીજો આરો) સારો છે કે જે સમયમાં કલ્પવૃક્ષથી પણ વિશેષ ફળને આપનારા તમે ઉત્પન્ન થયા છો. હે સર્વ ભુવનના પતિ ! જેમ રાજા ગામડા અને ભુવનોથી પોતાની નગરીને ઉત્કૃષ્ટ કરે છે, તેમ તમે આ ભુવનને ભૂષિત કરેલું છે. જે હિત પિતા, માતા, ગુરુ અને સ્વામી એ સર્વે કરી શકતાં નથી, તે હિત તમે એક છતાં પણ અનેકની જેવા થઈને કરો છો. ચંદ્રથી જેમ રાત્રી શોભે, હંસથી જેમ સરોવર શોભે અને તિલકથી જેમ મુખ શોભે તેમ તમારાથી આ ભુવન શોભે છે." આવી રીતે યથાવિધિ ભગવાનની સ્તુતિ કરીને વિનયી ભરતરાજા પોતાને યોગ્ય સ્થાને બેઠા.

પછી ભગવાને યોજન સુધી પ્રસરતી અને સર્વ ભાષામાં સમજાય તેવી ભારતીથી વિશ્વના ઉપકારને માટે દેશના આપી. દેશના વિરામ પામ્યા પછી ભરતરાજાએ પ્રભુને નમી રોમાંચિત શરીરવાળા થઈ અંજલિ જોડી આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી, 'હે નાથ ! આ ભરતખંડમાં જેમ આપ વિશ્વના હિતકારી છો તેમ બીજા કેટલા ધર્મચક્રીઓ થશે ? અને કેટલા ચક્રવર્તીઓ થશે ? હે પ્રભુ ! તેમનાં નગર, ગોત્ર, માતા-પિતાનાં નામ, આયુષ, વર્ણ, શરીરનું માન, પરસ્પર અંતર, દીક્ષાપર્યાય અને ગતિ-એ સર્વ આપ કહો.'

ભગવાને કહ્યું- 'હે ચક્રી ! આ ભરતખંડમાં મારી પછી બીજા ત્રેવીસ અર્હતો થશે અને તારા સિવાય બીજા અગિયાર ચક્રવર્તી થશે. તેમાં વીસમા અને બાવીસમા તીર્થંકરો ગૌતમગોત્રી થશે અને બીજા કાશ્યપગોત્રી થશે તથા તે સર્વે મોક્ષગામી થશે. અયોધ્યામાં જિતૃશત્રુ રાજા અને વિજયારાણીના

પુત્ર બીજા અજિત નામે તીર્થંકર થશે, તેમનું બોતેર લક્ષ પૂર્વનું આયુષ્ય, સુવર્ણના જેવી કાંતિ, અને સાડાચારસેં ધનુષની કાયા થશે અને તેઓ પૂર્વાંગે[1] ઉણા લક્ષ પૂર્વના દીક્ષા પર્યાયવાળા થશે. મારા અને અજિતનાથના નિર્વાણકાળમાં પચાસલાખ કોટિ સાગરોપમનું અંતર છે. શ્રાવસ્તી નગરીમાં જિતારીરાજા અને સેનારાણીના પુત્ર ત્રીજા સંભવ નામે તીર્થંકર થશે, તેમનો સુવર્ણના જેવો વર્ણ, સાઠ લાખ પૂર્વનું આયુષ્ય અને ચારસેં ધનુષ ઊંચું શરીર થશે, તેઓ ચાર પૂર્વાંગે હીન લાખ પૂર્વનો દીક્ષાપર્યાય પાળશે અને અજિતનાથ તથા તેમના નિર્વાણ વચ્ચે ત્રીસ લાખ કરોડ સાગરોપમનું અંતર થશે. વિનીતાપુરીમાં સંવરરાજા અને સિદ્ધાર્થા રાણીના પુત્ર ચોથા અભિનંદન નામે તીર્થંકર થશે, તેમનું પચાસ લાખ પૂર્વનું આયુષ, સાડાત્રણસેં ધનુષની કાયા અને સુવર્ણ જેવો વર્ણ થશે; તેમનો દીક્ષાપર્યાય આઠ પૂર્વાંગે ન્યૂન લાખ પૂર્વનો થશે અને દશ લાખ કરોડ સાગરોપમનું અંતર થશે. તે જ નગરીમાં મેઘરાજા અને મંગલા રાણીના પુત્ર સુમતિ નામે પાંચમા તીર્થંકર થશે; તેમનો સુવર્ણ જેવો વર્ણ, ચાળીસ લક્ષ પૂર્વ આયુષ અને ત્રણસેં ધનુષની કાયા થશે; વ્રત પર્યાય દ્વાદશ પૂર્વાંગે ઉણ લાખ પૂર્વનો થશે અને અંતર નવ લાખ કોટિ સાગરોપમનું થશે. કૌશાંબી નગરીમાં ધરરાજા અને સુસીમા દેવીના પુત્ર પદ્મપ્રભ નામે છઠ્ઠા તીર્થંકર થશે; તેમનો રક્તવર્ણ, ત્રીસ લક્ષ પૂર્વ આયુષ અને અઢીસેં ધનુષની કાયા થશે; એમનો વ્રતપર્યાય સોળ પૂર્વાંગે ન્યૂન લાખ પૂર્વનો અને અંતર નેવું હજાર કોટિ સાગરોપમનું થશે. વારાણસી નગરીમાં પ્રતિષ્ઠ રાજા અને પૃથ્વી રાણીના પુત્ર સુપાર્શ્વ નામે સાતમા તીર્થંકર થશે; તેમની સુવર્ણ જેવી ક્રાંતિ, વીસ લક્ષ પૂર્વ આયુષ્ય અને બસો ધનુષ્યની કાયા થશે; એમનો વ્રતપર્યાય વીસ પૂર્વાંગે ન્યૂન લાખ પૂર્વનો અને નવ હજાર કોટિ સાગરોપમનું અંતર થશે. ચંદ્રાનન નગરમાં મહાસેન રાજા અને લક્ષ્મણા દેવીના પુત્ર ચંદ્રપ્રભ નામે આઠમા તીર્થંકર થશે, તેમનો શ્વેતવર્ણ, દશ લક્ષ પૂર્વ આયુષ અને દોઢસો ધનુષની કાયા થશે તથા વ્રતપર્યાય ચોવીસ પૂર્વાંગે હીન લક્ષપૂર્વ અને નવસે કોટિ સાગરોપમનું અંતર થશે. કાકંદી નગરીમાં સુગ્રીવ રાજા અને રામાદેવીના પુત્ર સુવિધિ નામે નવમા તીર્થંકર થશે. તેમનો શ્વેતવર્ણ, બે લક્ષ પૂર્વ આયુષ અને એકસો ધનુષની કાયા થશે, વ્રતપર્યાય અઠ્યાવીસ પૂર્વાંગે હીન લક્ષ પૂર્વ અને નેવું કોટી સાગરોપમનું અંતર થશે; ભદ્દિલપુરમાં દઢરથ રાજા અને નંદા દેવીની પુત્ર શીતળ નામે દશમા તીર્થંકર થશે. તેમનો સુવર્ણના જેવો વર્ણ, લક્ષ પૂર્વનું આયુષ, નેવું ધનુષની કાયા, પચીસ હજાર પૂર્વનો વ્રતપર્યાય અને નવ કોટી સાગરોપમનું અંતર થશે. સિંહપુરમાં વિષ્ણુ રાજા અને વિષ્ણુદેવીના પુત્ર શ્રેયાંસ નામે અગિયારમા તીર્થંકરની સુવર્ણ જેવી ક્રાંતિ, એંશી ધનુષની કાયા, ચોરાશી લક્ષ વર્ષનું આયુષ્ય, એકવીસ લાખ વર્ષનો વ્રતપર્યાય તથા છત્રીસ હજાર અને છાસઠ લાખ વર્ષે તથા સો સાગરોપમે ન્યૂન એક કરોડ સાગરોપમનું અંતર થશે; ચંપાપુરીમાં વસુપૂજ્ય રાજા અને જયાદેવીના પુત્ર વાસુપૂજ્ય નામે બારમા તીર્થંકર થશે; તેમનો રક્તવર્ણ, બોંતેર લાખ વર્ષનું આયુષ્ય અને સિત્તેર ધનુષ પ્રમાણ કાયા થશે; એમનો ચોપ્પન લાખ વર્ષનો દીક્ષાપર્યાય અને ચોપ્પન સાગરોપમનું અંતર થશે. કાંપિલ્ય નામે નગરમાં કૃતવર્મા રાજા અને શ્યામાદેવીના પુત્ર વિમલ નામના તેરમા તીર્થંકર થશે; તેમનું સાઠ લાખ વર્ષનું આયુષ્ય, સુવર્ણના જેવો વર્ણ અને સાઠ ધનુષની કાયા થશે; એમને વ્રતમાં પંદર લક્ષ વર્ષ વ્યતીત થશે અને વાસુપૂજ્ય તથા તેમના મોક્ષમાં ત્રીસ સાગરોપમનું અંતર થશે. અયોધ્યામાં સિંહસેન રાજા અને સુયશાદેવીના પુત્ર અનંત નામે ભગવાન ચૌદમા તીર્થંકર થશે; તેમની સુવર્ણના જેવી કાંતિ ત્રીસ લાખ વર્ષ આયુષ્ય અને પચાસ ધનુષ ઉન્નત કાયા થશે; એમનો સાડાસાત લાખ વર્ષનો વ્રતપર્યાય તથા વિમલનાથ અને તેમનો મોક્ષ વચ્ચે નવ સાગરોપમનું અંતર થશે. રત્નપુરમાં ભાનુરાજા અને સુવ્રતા દેવીના પુત્ર ધર્મ નામે પંદરમા તીર્થંકર થશેઃ તેમનો સુવર્ણનો દેહ દશ લાખ વર્ષનું આયુષ્ય અને પિસ્તાલીસ ધનુષની કાયા થશેઃ એમનો અઢી લાખ વર્ષનો વ્રત પર્યાય અને અનંતનાથ તથા તેમના મોક્ષ વચ્ચે

---

૧ ચોરાસી લાખ વર્ષ

ચાર સાગરોપમનું અંતર થશે. ગજપુર નગરમાં વિશ્વસેન રાજા અને અચિરાદેવીના પુત્ર શાંતિ નામે સોળમા તીર્થંકર થશે, તેમનો સુવર્ણ વર્ણ, એક લાખ વર્ષનું આયુષ્ય, ચાળીશ ધનુષની કાયા, પછી ગજપુરમાં શૂરરાજ અને શ્રીદેવી રાણીના પુત્ર કુંથુ નામના સત્તરમા તીર્થંકર થશે; તેમનો સુવર્ણ જેવો વર્ણ, પંચાણું હજાર વર્ષનું આયુષ્ય અને પાંત્રીસ ધનુષની કાયા થશે; એમનો વ્રતપર્યાય ત્રેવીશ હજાર અને સાડા સાતસો વર્ષનો અને શાંતિનાથ તથા તેમના મોક્ષમાં અર્ધ્ય પલ્યોપમનુ અંતર થશે. તે જ ગજપુર નગરમાં સુદર્શન રાજા અને દેવી રાણીના અર નામે પુત્ર અઢારમા તીર્થંકર થશે; તેમની સુર્વણ જેવી ક્રાંતિ, ચોરાશી હજાર વર્ષનું આયુષ્ય અને ત્રીશ ધનુષની કાયા થશે; એમનો વ્રતપર્યાય એકવીશ હજાર વર્ષ અને કુંથુનાથ તથા તેમના નિર્વાણમાં એક હજાર કોડ વર્ષે ન્યુન પલ્યોપમના ચોથા ભાગનું અંતર થશે. મિથિલા નગરીમાં કુંભરાજા અને પ્રભાવતી દેવીના પુત્ર મલ્લીનાથ ઓગણીસમા તીર્થંકર થશે; તેમનો નીલવર્ણ, પંચાવન હજાર વર્ષનું આયુષ એ પચ્ચીશ ધનુષની કાયા થશે; એમનો વ્રતપર્યાય ચોપન હજાર નવસો વર્ષ તથા મોક્ષમાં એક હજાર કોટીવર્ષનું અંતર થશે. રાજગૃહ નગરમાં સુમિત્ર રાજા અને પદ્માદેવીના પુત્ર મુનિસુવ્રત નામે વીશમા તીર્થંકર થશે; તેમની કૃષ્ણવર્ણ, ત્રીશ હજાર વર્ષનું આયુષ અને વીશ ધનુષની કાયા થશે. એમનો વ્રતપર્યાય સાડા સાત હજાર વર્ષ અને મોક્ષમાં ચોપન લાખ વર્ષનું અંતર થશે. મિથિલા નગરીમાં વિજય રાજા અને વપ્રાદેવીના પુત્ર નમિ નામે એકવીશમા તીર્થંકર સુવર્ણ જેવા વર્ણવાળા, દશ હજાર વર્ષના આયુવાળા અને પંદર ધનુષની કાયાવાળા થશે; એમનો વ્રતપર્યાય અઢી હજાર વર્ષ અને મુનિસુવ્રત તથા તેમના મોક્ષમાં છ લાખ વર્ષનું અંતર થશે. શૌર્યપુરમાં સમુદ્રવિજય રાજા અને શિવાદેવીના પુત્ર નેમિ નામે બાવીશમા તીર્થંકર થશે; તેમનો શ્યામ વર્ણ, હજાર વર્ષનું આયુષ અને દશ ધનુષની કાયા થશે. એમનો વ્રતપર્યાય સાતશેં વર્ષ અને નમિનાથ તથા તેમના મોક્ષમાં પાંચ લાખ વર્ષનું અંતર થશે. વારાણસી (કાશી) નગરીમાં અશ્વસેન રાજા અને વામારાણીના પુત્ર પાર્શ્વનાથ નામે ત્રેવીશમા તીર્થંકર થશે; તેમનો નીલવર્ણ, સો વર્ષનું આયુષ અને નવ હાથની કાયા થશે; એમનો વ્રતપર્યાય સિત્તેર વર્ષ અને મોક્ષમાં ત્યાસી હજાર અને સાડા સાતશેં વર્ષનું અંતર થશે; ક્ષત્રિયકુંડ ગ્રામમાં સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા દેવીના પુત્ર મહાવીર નામે ચોવીસમા તીર્થંકર થશે; તેમનો સુવર્ણ જેવો વર્ણ, બહોંતેર વર્ષનું આયુષ્ય અને સાત હાથની કાયા થશે; એમનો વ્રતપર્યાય બેતાળીસ વર્ષ અને પાર્શ્વનાથના મોક્ષ તથા તેમના મોક્ષ વચ્ચે અઢીસેં વર્ષનું અંતર થશે.

પુંડરીક વગેરે ગણધરોથી પરિવરેલા ૠષભસ્વામી વિહારના મિષથી પૃથ્વીને પવિત્ર કરતાં ત્યાંથી ચાલી નીકળ્યા. કોશલ દેશના લોકોને પુત્રની જેમ કૃપાથી ધર્મમાં કુશળ કરતા, જાણે પરિચયવાળા હોય તેમ મગધ દેશના લોકોને તપમાં પ્રવીણ કરતા, કમલના કોશને સૂર્ય જેમ વિકસ્વર કરે તેમ કાશી દેશના લોકોને પ્રબોધ કરતા, સમુદ્રને ચંદ્રની જેમ દશાર્ણ દેશને આનંદ આપતા, મૂર્છા પામેલાને સાવધાન કરતા હોય તેમ ચેદી દેશને સચેત (જ્ઞાનવાળો) કરતા, મોટા વત્સો (બળદો) ની જેમ માલવ દેશની પાસે ધર્મધુરાને વહન કરાવતા, દેવતાઓની જેમ ગુર્જર દેશને પાપરહિત આશયવાળો કરતા અને વૈદ્યની જેમ સૌરાષ્ટ્ર દેશવાસીને પટુ (સાવધાન) કરતા મહાત્મા ૠષભદેવ શત્રુંજય પર્વતે આવ્યા.

ત્યાં દેવતાઓએ તત્કાળ બનાવેલા સમવસરણમાં સર્વહિતકારી પ્રભુ બેઠા અને દેશના આપવા લાગ્યા. એકદા બીજે વિહાર કરવાની ઇચ્છાથી જગદ્‌ગુરુએ ગણધરમાં પુંડરીક ગણધરને આજ્ઞા કરી કે 'હે મહામુનિ ! અમે અહીંથી બીજે વિહાર કરીશું અને તમે કોટિ મુનિ સાથે અહીં જ રહો. આ ક્ષેત્રના પ્રભાવથી પરિવાર સહિત તમને થોડા કાળમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થશે અને શૈલેશી ધ્યાનને કરતા

તમે પરિવાર સહિત આ જ પર્વત ઉપર મોક્ષ પ્રાપ્ત કરશો' પ્રભુની એ આજ્ઞા અંગીકાર કરીને સંવેગવાળા તેઓ પ્રભુના જેવી મધુર વાણીથી બીજા શ્રમણો પ્રત્યે પ્રમાણે આ કહેવા લાગ્યા—

**⁕ પુંડરીક ગણધરનું નિર્વાણ :**

'હે મુનિઓ ! જયની ઇચ્છાવાળાઓને સીમાડાની ભૂમિને સાધનાર કિલ્લાની જેમ મોક્ષની ઇચ્છાવાળાઓને આ પર્વત ક્ષેત્રના પ્રભાવથી સિદ્ધિને આપનારો છે, તો હવે આપણે મુક્તિના બીજા સાધન રૂપે સંલેખના કરવી જોઈએ. તે સંલેખના દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારની છે. સાધુઓએ સર્વ પ્રકારના ઉન્માદ અને મહારોગના નિદાનનું શોષણ કરવું તે દ્રવ્ય સંલેખના કહેવાય છે, અને રાગ, દ્વેષ, મોહ અને સર્વ કષાયરૂપ સ્વાભાવિક શત્રુઓનો વિચ્છેદ કરવો તે ભાવ સંલેખના કહેવાય છે.' એ પ્રમાણે કહીને પુંડરીક ગણધરે કોટિ શ્રમણોની સાથે પ્રથમ સર્વ પ્રકારના સૂક્ષ્મ અને બાદર અતિચારની આલોચના કરી અને પછી અતિ શુદ્ધિને માટે ફરીથી મહાવ્રતનું આરોહણ કર્યું, કારણ કે વસ્ત્રને બે-ત્રણ વખત ધોવું તે જેમ વિશેષ નિર્મળતાનું કારણ છે, તેમ અતિચારથી વિશેષ રીતે શુદ્ધ થવું તે વિશેષ નિર્મળતાનું કારણ છે. પછી 'સર્વ જીવો મને ક્ષમા કરો, હું સર્વના અપરાધ ખમું છું, મારે સર્વ પ્રાણીઓની સાથે મૈત્રી છે, કોઈની સાથે મારે વેર નથી' એવી રીતે કહીને આગાર રહિત અને દુષ્કર એવું ભવચરિમ અનશન વ્રત તેમણે સર્વ શ્રમણોની સાથે ગ્રહણ કર્યું. ક્ષપક શ્રેણીમાં આરૂઢ થયેલા તે પરાક્રમી પુંડરીક ગણધરના સર્વ ઘાતીકર્મો જીર્ણ દોરડાની જેમ ચોતરફથી ક્ષય થઈ ગયાં. બીજા સર્વ સાધુઓના ઘાતીકર્મ પણ તત્કાળ ક્ષય થઈ ગયાં, કારણ કે તપ સર્વને સાધારણ છે. એક માસની સંલેખનાને અંતે ચૈત્ર માસની પૂર્ણિમાને દિવસે પ્રથમ પુંડરીક ગણધરને કેવળજ્ઞાન થયું અને પછી બીજા સર્વ સાધુઓને કેવળજ્ઞાન થયું. શુક્લ ધ્યાનને ચોથે પાયે સ્થિત થયેલા તે અયોગીઓ બાકી રહેલા અઘાતીકર્મનો ક્ષય કરી મોક્ષપદ પામ્યા. તે વખતે દેવતાઓએ સ્વર્ગમાંથી આવીને મરુદેવીની જેમ ભક્તિથી તેમના મોક્ષગમનનો ઉત્સવ કર્યો. ભગવાન ઋષભસ્વામી જેમ પ્રથમ તીર્થંકર થયા તેમ એ પર્વત પણ ત્યારથી પ્રથમ તીર્થરૂપ થયો. એક સાધુ સિદ્ધ થાય તે સ્થાન પણ પવિત્ર તીર્થ કહેવાય છે, તો જ્યાં સંખ્યાબંધ મહર્ષિઓ સિદ્ધ થયા તેની પવિત્રતાની ઉત્કૃષ્ટતા વિશે શું કહેવું ?

એ શત્રુંજય ગિરિ ઉપર રાજાએ મેરુ પર્વતની ચૂલિકાની સ્પર્ધા કરનારું રત્ન શિલામય એક ચૈત્ય કરાવ્યું અને અંતઃકરણની મધ્યમાં ચેતનાની જેમ તેની મધ્યે પુંડરીકજીની પ્રતિમા સહિત ભગવંત ઋષભસ્વામીની પ્રતિમા સ્થાપન કરી.

ભગવાન્ ઋષભદેવજી જુદા જુદા દેશમાં વિહાર કરીને, ચક્ષુદાનથી અંધની જેમ ભાવિ પ્રાણીઓને બોધિબીજ (સમકિત)ના દાનથી અનુગ્રહ કરતા હતા. કેવળજ્ઞાન થયું ત્યારથી માંડીને પ્રભુના પરિવારમાં ચોરાસી હજાર સાધુઓ, ત્રણ લાખ સાધ્વીઓ, ત્રણ લાખને પચાસ હજાર શ્રાવકો, પાંચ લાખને ચોપ્પન હજાર શ્રાવિકાઓ, ચાર હજાર સાતસોને પચાસ ચૌદ પૂર્વી, નવ હજાર અવધિજ્ઞાની, વીસ હજાર કેવળજ્ઞાની, અને છસો વૈક્રિયલબ્ધિવાળા, બાર હજારને સાડાછસો મનઃપર્યવજ્ઞાની, તેટલા જ વાદીઓ, અને બાવીસ હજાર અનુત્તર વિમાનવાસી મહાત્માઓ થયા. વ્યવહારમાં જેમ પ્રજાનું સ્થાપન કર્યું હતું તેમ આદિ તીર્થંકરે ધર્મમાર્ગમાં એ પ્રમાણે ચતુર્વિધ સંઘને સ્થાપન કર્યો. દીક્ષા સમયથી લક્ષ પૂર્વ ગયા તે સમયે પોતાનો મોક્ષકાળ જાણી એ મહાત્મા પ્રભુ અષ્ટાપદ તરફ પધાર્યા. તે પર્વતની નજીક આવેલા પ્રભુ પરિવાર સહિત મોક્ષ રૂપી મહેલનાં પગથિયાં જેવા તે પર્વત ઉપર ચડ્યા. ત્યાં દશ હજાર મુનિઓની સાથે ભગવંતે ચતુર્દશ તપ (છ ઉપવાસ) કરીને પાદપોપગમન અનશન કર્યું.

વિશ્વપતિ પ્રભુને આવી રીતે રહેલા જાણીને પર્વતપાલકોએ તે વૃત્તાંતનું તરત જ ભરત રાજાને નિવેદન કર્યું. પ્રભુએ ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કર્યાનું સાંભળીને જાણે અંતઃકરણમાં શલ્ય પેઠું હોય

તેમ ભરતરાજા શોકથી પીડિત થયા અને વૃક્ષ જેમ જળબિંદુને મૂકે તેમ ઘણા શોકરૂપી અગ્નિથી પીડિત થયેલા તેઓ અશ્રુજળ છોડવા લાગ્યા. પછી દુર્વાર દુઃખથી પીડિત થયેલા તેઓ અંતઃપુર પરિવાર સહિત પાદચારીપણે અષ્ટાપદ તરફ ચાલ્યા. રસ્તે કઠોર કાંકરાને પણ તેમણે ગણ્યા નહીં, કારણ કે હર્ષની જેમ શોકથી પણ વેદના જણાતી નથી. કાંકરાથી દબાયેલા તેમનાં ચરણમાંથી રુધિરની ધારા થવા લાગી, તેથી જાણે અળતાના ચિહ્નવાળી હોય તેવી તેના ચરણનાં પગલાંની પદ્ધતિ પડતી ગઈ. પર્વત ઉપર ચડવામાં એક ક્ષણ વાર પણ ગતિમાં વિઘ્ન ન થાઓ એમ ધારી તેઓ સામા આવેલા લોકોને પણ ગણતા નહોતા. તેના માથા ઉપર છત હતું તો પણ તે ઘણા તપ્ત થઈને ચાલતા હતાં, કારણ કે મનનો તાપ અમૃતવૃષ્ટિથી પણ શાંત થતો નથી. શોકમાં ગ્રસ્ત થયેલા ચક્રી હાથનો ટેકો આપનારા સેવકોને પણ માર્ગમાં આડા આવેલાં વૃક્ષોની શાખાના પ્રાંત ભાગની જેમ દૂર કરતા હતા. સરિતાના વિસ્તારમાં ચાલતી નાવ જેમ તીરનાં વૃક્ષોને પાછળ કરે તેમ આગળ ચાલતા છડીદારોને તેઓ વેગથી પાછળ કરતા હતા. ચિત્તના વેગની જેમ ચાલવામાં ઉત્સુક એવા તે પગલે પગલે સ્ખલના પામતી ચામરધારિણીની રાહ પણ જોતા નહોતા. વેગે ચાલવાથી ઊછળી ઊછળીને છાતી ઉપર અથડાવાને લીધે તૂટી ગયેલા મોતીના હારને પણ તેઓ જાણતા નહોતા. પ્રભુના ધ્યાનમાં તેનું મન હોવાથી તેઓ પાસે રહેલા ગિરિપાલકોને ફરી ફરીને પ્રભુની વાર્તા પૂછવા માટે છડીદાર પાસે બોલાવતા હતા. ધ્યાનમાં રહેલા યોગીની જેમ તે રાજા બીજું કાંઈ જોતા નહોતા અને કોઈનું વચન સાંભળતા નહોતા, ફક્ત પ્રભુનું જ ધ્યાન કરતા હતા. વેગ વડે માર્ગને જાણે ટૂંકો નાનો કર્યો હોય તેમ પવનની જેમ ક્ષણ વારમાં તેઓ અષ્ટાપદ નજીક આવી પહોંચ્યા. સાધારણ માણસની જેમ પાદચારી છતાં પરિશ્રમને જાણનારા ચક્રી અષ્ટાપદ ઉપર ચડ્યા. શોક હર્ષથી આકુલ થયેલા તેમણે પર્યંકાસને બેઠેલા જગત્પતિને જોયા. પ્રભુને પ્રદક્ષિણા દઈ, વંદન કરી, દેહની છાયાની જેમ પડખે બેસી ચક્રવર્તી ઉપાસના કરવા લાગ્યા.

'પ્રભુનો આવો પ્રભાવ વર્તતા છતાં ઇન્દ્રો ઉપર કેમ બેસી રહ્યા છે !' એમ જાણ્યું હોય તેમ તે સમયે ઇન્દ્રનાં આસનો ચલાયમાન થયાં. અવધિજ્ઞાને આસનકંપનું કારણ જાણી ચોસઠે ઇન્દ્રો તે વખતે પ્રભુની પાસે આવ્યા. જગત્પતિને પ્રદક્ષિણા કરી, વિષાદ પામી જાણે ઓળખી લીધા હોય તેમ ભગવંતની પાસે તેઓ બેઠા.

આ અવસર્પિણીના ત્રીજા આરાના નવાણું પક્ષ બાકી રહ્યા હતા ત્યારે માઘમાસની કૃષ્ણ ત્રયોદશીના પૂર્વાન્હે, અભિજિતનક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યો હતો તે સમયે પર્યંકાસને બેઠેલા તે મહાત્મા પ્રભુએ બાદર કાયયોગમાં રહી બાદર મનયોગ અને બાદર વચનયોગને રુંધી દીધા. પછી સૂક્ષ્મ કાયયોગનો આશ્રય કરી બાદર કાયયોગ, સૂક્ષ્મ મનયોગ તથા સૂક્ષ્મ વચનયોગને રુંધ્યા. છેવટે સૂક્ષ્મ કાયયોગનો પણ અસ્ત કરીને સૂક્ષ્મક્રિય નામના શુક્લધ્યાનના ત્રીજા પાયાના અંત પ્રાપ્ત થયા. તે પછી ઉચ્છિન્નક્રિય નામનો શુક્લધ્યાનનો ચોથો પાયો, જેનો પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર જેટલો જ માત્ર કાળ છે તેનો આશ્રય કર્યો. પછી કેવળજ્ઞાની, કેવળદર્શની, સર્વ દુઃખથી રહિત, અષ્ટકર્મ ક્ષીણ કરી સર્વ અર્થને નિષ્ઠિત (સિદ્ધ) કરનાર, અનંત વીર્ય, અનંતસુખ અને અનંત ઋદ્ધિવંત-પ્રભુ બંધના અભાવથી એરંડફળના બીજની જેમ ઉર્ધ્વ ગતિવાળા થઈને, સ્વભાવથી સરલ એવા માર્ગ વડે લોકાગ્રને પ્રાપ્ત થયા. દશ હજાર શ્રમણોને પણ અનશનવ્રત લઈ ક્ષપક શ્રેણીમાં આરૂઢ થતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને મન વચન કાયાના યોગને સર્વ પ્રકારે રુંધી તેઓ પણ સ્વામીની જેમ તત્કાળ પરમ પદને પામ્યા.

પ્રભુના નિર્વાણ કલ્યાણક સમયે, સુખના લેશને પણ નહીં જોનારા નારકીઓનો પણ ક્ષણ વાર દુઃખાગ્નિ શાંત થયો. તે સમયે મહાશોકથી આક્રાંત થયેલા ચક્રવર્તી વજ્રથી પર્વતની જેમ તત્કાળ મૂર્ચ્છિત થઈ પૃથ્વી ઉપર પડ્યા. ભગવંતના વિરહનું મોટું દુઃખ આવી પડ્યું; પરંતુ તે સમયે દુઃખ શિથિલ થવામાં કારણરૂપ રુદનને કોઈ જાણતું નહોતું, તેથી ચક્રીને એ જણાવવા માટે તથા તેને હૃદયનો ખુલાસો

થવા માટે ઈન્દ્રે ચક્રીને પાસે બેસી મોટો પોકાર કરી રુદન કર્યું. ઈન્દ્રની પછવાડે સર્વ દેવતાઓએ પણ રુદન કર્યું કારણ કે તુલ્ય દુઃખવાળા પ્રાણીઓની સરખી જ ચેષ્ટા થાય છે. એ સર્વનું રુદન સાંભળી, સંજ્ઞા પામી ચક્રીએ પણ જાણે બ્રહ્માંડને ફોડી નાખતા હોય તેવો ઊંચે સ્વરે આક્રંદ કર્યો. મોટા પ્રવાહના વેગથી જેમ પાળનો બંધ તૂટી જાય તેમ એવા રુદનથી મહારાજાની મોટી શોકગ્રંથિ પણ તૂટી ગઈ. તે સમયે દેવ, અસુર અને મનુષ્યોના રુદનથી જાણે ત્રણ લોકમાં કરુણરસ એક છત્રવાળો (રાજા) થયો હોય તેમ જણાવા લાગ્યું. ત્યારથી માંડીને જગતમાં પ્રાણીઓને શોકસંભવ સમયે શોકશલ્યને વિશલ્ય કરનાર રુદનનો પ્રચાર પ્રવર્ત્યો. ભરતરાજા સ્વાભાવિક ધૈર્યને પણ છોડી દઈ, દુઃખિત થઈ, તિર્યંચોને પણ રોવરાવતા, આ પ્રમાણે વિલાપ કરવા લાગ્યાઃ- હે જગદ્‌બંધુ ! હે કૃપારસસાગર ! અમને અજ્ઞને આ સંસાર અરણ્યમાં કેમ છોડી દો છો ? દીપક સિવાય જેમ અંધકારમાં રહી ન શકાય તેમ કેવળજ્ઞાનથી સર્વત્ર પ્રકાશ કરનારા તમારા સિવાય અમે આ સંસારમાં કેમ રહી શકીશું હે પરમેશ્વર! છદ્મસ્થ પ્રાણીની જેમ તમે મૌન કેમ અંગીકાર કર્યું છે ! મૌનનો ત્યાગ કરીને દેશના દો; હવે દેશના આપી મનુષ્યોનો શું અનુગ્રહ નહીં કરો ? હે ભગવાન ! તમે લોકાગ્રમાં જાઓ છો તેથી બોલતા નથી, પણ મને દુઃખી જાણીને આ મારા બંધુઓ પણ મને કેમ બોલાવતા નથી ? પણ અહો ! મેં જાણ્યું કે તેઓ તો સ્વામીના જ અનુગામી છે તો સ્વામી ન બોલે ત્યારે તેઓ પણ કેમ બોલે ? અહો ! આપણા કુળમાં મારા સિવાય બીજો કોઈ આપનો અનુગામી નથી થયો એવો નથી. ત્રણ જગત્‌ને રક્ષણ કરનારા આપ, બાહુબલી વગેરે મારા નાના ભાઈઓ, બ્રાહ્મી અને સુંદરી બહેનો, પુંડરીકાદિક મારા પુત્રો, શ્રેયાંસ વગેરે પૌત્રોએ સર્વ કર્મ રૂપી શત્રુને હણી લોકાગ્રમાં ગયા, તે છતાં હું અદ્યાપિ જીવિતને પ્રિય માનતો જીવું છું !

આવા શોકથી નિર્વેદ પામેલા ચક્રીને, જાણે મરવાને ઇચ્છતા હોય તેવા જોઈને ઇન્દ્રે બોધ આપવાનો આરંભ કર્યો- ''હે મહાસત્વ ભરત ! આપણા આ સ્વામી પોતે સંસારસમુદ્ર તરી ગયા છે અને બીજાઓને તેમણે તાર્યા છે. કિનારા વડે મહાનદીની જેમ એમણે પ્રવર્તાવેલા શાસન વડે સંસારી પ્રાણીઓ સંસારસમુદ્ર તરશે. એ પ્રભુ પોતે કૃતકૃત્ય થયેલા છે અને બીજા લોકોને કૃતાર્થ કરવાને લક્ષ પૂર્વ પર્યંત દીક્ષાવસ્થામાં રહેલા છે. હે રાજા ! સર્વ લોકનો અનુગ્રહ કરીને મોક્ષસ્થાનમાં ગયેલા એ જગત્પતિનો શા માટે તમે શોક કરો છો ? જેઓ મૃત્યુ પામીને મહા દુઃખના ગૃહરૂપ ચોરાસી લક્ષયોનિમાં અનેક વખત સંચરે છે તેમનો શોક કરવો ઘટે, પણ મૃત્યુ પામી મોક્ષસ્થાનમાં જનારનો શોક ન ઘટે ! માટે હે રાજા! સાધારણ માણસની જેમ પ્રભુનો શોક કરતાં કેમ લાજ પામતા નથી ? શોચ કરનાર તમને અને શોચનીય પ્રભુને બંનેને શોક ઉચિત નથી. જે એક વખત પણ પ્રભુની ધર્મદેશના સાંભળે છે તે શોક અને હર્ષથી જિતાતો નથી, તો તમે બહુવાર દેશના સાંભળ્યા છતાં કેમ જીતાઓ છો ? મોટા સમુદ્રને જેમ ક્ષોભ, મેરુ પર્વતને કંપ, પૃથ્વીને ઉદ્વર્તન, વજ્રને કુંઠત્વ, અમૃતને વિરસતા અને ચંદ્રને જેમ ઉષ્ણતા-એ અસંભવિત છે તેમ તમારે રુદન કરવું તે પણ અસંભવિત છે. હે ધરાધિપતિ ! તમે ધીરા થાઓ અને તમારા આત્માને જાણો, કેમ કે તમે ત્રણ જગત્‌ના પ્રભુ અને એક ધીર એવા ભગવંતના પુત્ર છો.'' એવી રીતે ગોત્રના વૃદ્ધ જનની જેમ ઇન્દ્રે પ્રબોધ કરેલા ભરતરાજાએ જળ જેમ શીતળતાને ધારણ કરે તેમ પોતાનું સ્વાભાવિક ધૈર્ય ધારણ કર્યું.

પછી ઇન્દ્રે તત્કાળ પ્રભુના અંગના સંસ્કારને માટે ઉપસ્કર લાવવા આભિયોગિક દેવતાને આજ્ઞા કરી એટલે તેઓ નંદનવનમાંથી ગોશીર્ષ ચંદનનાં કાષ્ઠો લઈ આવ્યા. ઇન્દ્રના આદેશથી દેવતાઓએ ગોશીર્ષ ચંદનનાં કાષ્ઠથી પૂર્વ દિશામાં પ્રભુના દેહને માટે એક ગોળાકાર ચિતા રચી; ઇક્ષ્વાકુ કુળમાં જન્મેલા મહર્ષિઓને માટે દક્ષિણ દિશામાં બીજી ત્રિકોણાકાર ચિતા રચી અને બીજા સાધુઓને માટે પાંચેય દિશામાં ત્રીજી ચોરસ ચિતા ખડકી. પછી જાણે પુષ્કરાવર્ત્તમેઘ હોય તેવા દેવતાઓની પાસે ઇન્દ્રે સત્વર ક્ષીરસમુદ્રનું જળ મગાવ્યું. તે જળ વડે ભગવંતના શરીરને સ્નાન કરાવ્યું અને તેની ઉપર ગોશીર્ષચંદનના

રસથી વિલેપન કર્યું. પછી હંસ લક્ષણવાળા (શ્વેત) દેવદુષ્ય વસ્ત્રથી પરમેશ્વરના શરીરને આચ્છાદન કર્યું અને દિવ્ય માણેકના આભૂષણોથી દેવાગ્રણી ઈન્દ્રે તેને ચોતરફથી વિભૂષિત કર્યું. બીજા દેવતાઓએ બીજા મુનિનાં શરીરોની ઈન્દ્રની જેમ ભક્તિથી સ્નાનાદિક સર્વ ક્રિયા કરી. પછી દેવતાઓએ જાણે જુદા જુદા લાવ્યા હોય તેવા ત્રણ જગતનાં સારા-સારા રત્નોથી સહસ્ર પુરુષોએ વહન કરવા યોગ્ય ત્રણ શિબિકાઓ તૈયાર કરી. ઈન્દ્રે પ્રભુનાં ચરણને પ્રણામ કરી, સ્વામીના શરીરને મસ્તક પર ઉપાડી શિબિકામાં આરૂઢ કર્યું. બીજા દેવોએ મોક્ષમાર્ગના અતિથિ એવા ઇક્ષ્વાકુ વંશના મુનિઓના શરીરને મસ્તક ઉપર ઉપાડી બીજી શિબિકામાં અને બીજા સર્વ સાધુઓના શરીરને ત્રીજી શિબિકામાં સ્થાપન કર્યાં. પ્રભુના શરીરવાળી શિબિકાને ઈન્દ્રે પોતે વહન કરી અને બીજા મુનિઓની શિબિકાઓને દેવતાઓએ ઉપાડી. તે વખતે અપ્સરાઓ એક તરફ તાલબંધ રાસડા લેતી હતી અને એક તરફ મધુર સ્વરથી ગાયન કરતી હતી. શિબિકાની આગળ દેવતાઓ ધૂપિયાં લઈને ચાલતા હતા. ધૂપિયાંના ધુમાડાના મિષથી જાણે તેઓ શોકથી અશ્રુપાત કરતા હોય તેવા જણાતા હતા. કોઈ દેવતાઓ શિબિકા ઉપર પુષ્પો નાખતા હતા; કોઈ શેષ તરીકે તે પુષ્પોને ગ્રહણ કરતા હતા; કોઈ આગળ દેવદુષ્ય વસ્ત્રોના તોરણ કરતા હતા; કોઈ યક્ષકર્દમથી આગળ છંટકાવ કરતા હતા; કોઈ ગોફણથી-પાષાણની જેમ શિબિકા આગળ આળોટતા હતા અને કોઈ જાણે મોહચૂર્ણ (માજમ)થી હણાયા હોય તેમ પાછળ દોડતા હતા. કોઈ 'હે નાથ ! હે નાથ !' એવા શબ્દો કરતા હતા; 'અરે અમે મંદભાગી માર્યા ગયા,' એમ બોલી પોતાના આત્માની નિંદા કરતા હતાં; કોઈ 'હે નાથ ! અમને શિક્ષા આપો' એમ યાચના કરતા હતાં. કોઈ ! 'હવે અમારો ધર્મસંશય કોણ છેદશે ?' એમ બોલતા હતા; 'અમે અંધની જેમ હવે ક્યાં જઈશું !' એમ બોલી કોઈ પશ્ચાત્તાપ કરતા હતા; અને કોઈ 'અમને પૃથ્વી માર્ગ આપો' એમ ઇચ્છતા હતા.

એ પ્રમાણે વર્તન કરતા અને વાજિંત્રો વગાડતા દેવતાઓ તથા ઈન્દ્ર તે શિબિકાને ચિતા પાસે લાવ્યા. ત્યાં કૃત્યજ્ઞ ઈન્દ્રે પુત્રની જેમ પ્રભુના દેહને ધીમે ધીમે પૂર્વ દિશાની ચિતામાં મૂક્યો; બીજા દેવતાઓએ સહોદરની જેમ ઇક્ષ્વાકુ કુળના મુનિઓના શરીરને દક્ષિણ દિશાની ચિતામાં સ્થાપન કર્યા અને ઉચિતને જાણનારા-બીજા સાધુઓના શરીરને પશ્ચિમ દિશાની ચિતામાં સ્થાપન કર્યા. પછી ઈન્દ્રની આજ્ઞાથી અગ્નિકુમાર દેવતાઓએ તે ચિતાઓમાં અગ્નિ પ્રગટ કર્યો અને વાયુકુમાર દેવોએ વાયુ વિકુર્વ્યો, એટલે ચોતરફ અગ્નિ પ્રગટ થઈને બળવા લાગ્યો. દેવતાઓ ચિતામાં પુષ્કળ કર્પૂર અને ઘડા ભરી ભરીને ઘી તથા મધ નાખવા લાગ્યા. જ્યારે અસ્થિ સિવાય બાકીની સર્વ ધાતુઓ દગ્ધ થઈ ત્યારે મેઘકુમાર દેવતાઓએ ક્ષીરસમુદ્રના જળથી ચિતાગ્નિને શાંત કર્યો. પછી પોતાના વિમાનમાં પ્રતિમાની જેમ પૂજા કરવાને માટે સૌધર્મેંદ્રે પ્રભુની ઉપલી જમણી દાઢ ગ્રહણ કરી, ઈશાન ઈન્દ્રે પ્રભુની ઉપલી ડાબી દાઢ ગ્રહણ કરી, ચમરેંદ્રે નીચલી જમણી દાઢ ગ્રહણ કરી, બલિ ઈન્દ્રે નીચેની ડાબી દાઢ ગ્રહણ કરી, બીજા ઈન્દ્રોએ પ્રભુના બાકીના દાંત ગ્રહણ કર્યા અને દેવતાઓએ બીજાં અસ્થિ ગ્રહણ કર્યાં. તે વખતે જે શ્રાવકો અગ્નિ માગતા હતા તેમને દેવતાઓએ ત્રણ કુંડના અગ્નિ આપ્યા, તે અગ્નિ લેનારા અગ્નિહોત્ર બ્રાહ્મણો થયા. તેઓ પોતાને ઘેર જઈ પ્રભુના ચિતાગ્નિને નિત્ય પૂજવા લાગ્યા અને ધનપતિ જેમ નિર્વાત પ્રદેશમાં રાખી લક્ષદ્વીપનું રક્ષણ કરે, તેમ તેઓ તેનું રક્ષણ કરવા લાગ્યા. ઇક્ષ્વાકુ વંશના મુનિઓનો ચિતાગ્નિ શાંત થઈ જતો તો તેને સ્વામીના ચિતાગ્નિથી જાગૃત કરતા હતા અને બીજા મુનિઓના શાંત થયેલા ચિતાગ્નિને ઇક્ષ્વાકુળના મુનિઓના ચિતાગ્નિથી પ્રગટ કરતા હતા, પરંતુ બીજા સાધુઓના ચિતાગ્નિનું બીજા બે ચિતાગ્નિ સાથે તેઓ સંક્રમણ કરતા નહોતા; તે વિધિ અદ્યાપિ બ્રાહ્મણોમાં પ્રવર્ત્તે છે. કેટલાક

પ્રભુના ચિતાગ્નિની ભસ્મ લઈને ભક્તિથી તે ભસ્મને વંદન કરતા હતા અને શરીર ચોળતા હતા; ત્યાંથી ભસ્મભૂષણધારી તાપસો થયા.

પછી જાણે અષ્ટાપદગિરિના નવાં ત્રણ શિખરો હોય તેવા તે ચિતાસ્થાને દેવતાઓએ રત્નના ત્રણ સ્તૂપ (દેરીઓ) કર્યા. ત્યાંથી તેઓએ નંદીશ્વરદ્વીપે જઈ શાશ્વત પ્રતિમા સમીપે અષ્ટાન્હિકા ઉત્સવ કર્યો અને પછી ઈન્દ્ર સહિત સર્વ દેવતાઓ પોતપોતાને સ્થાને ગયા. ત્યાં તે ઈન્દ્રો પોતપોતાનાં વિમાનોમાં સુધર્માસભાની અંદર માણવક સ્તંભ ઉપર વજ્રમય ગોળ ડાબલામાં પ્રભુની દાઢોને આરોપણ કરીને પ્રતિદિવસ તેની પૂજા કરવા લાગ્યા. તેના પ્રભાવથી તેમને હંમેશા વિજય મંગળ થવા લાગ્યું.

ભરતરાજાએ પ્રભુના સંસ્કાર સમીપની ભૂમિ ઉપર ત્રણ ગાઉ ઊંચો અને જાણે મોક્ષમંદિરની વેદિકા હોય તેવો સિંહનિષદ્યા નામે પ્રાસાદ રત્નમય પાષાણથી વાર્દ્ધકિરત્ન પાસે કરાવ્યો. તેની ચોતરફ પ્રભુના સમવસરણની જેમ સ્ફટિક રત્નના ચાર રમણીક દ્વાર કરાવ્યા, અને તે દરેક દ્વારની બંને તરફ શિવલક્ષ્મીના ભંડારની જેવા રત્નચંદનના સોળ કળશો રચાવ્યા. દરેક દ્વારે જાણે સાક્ષાત્ પુણ્યવલ્લી હોય તેવા સોળ સોળ રત્નમય તોરણો રચાવ્યાં, પ્રશસ્તિ લિપિના જેવી અષ્ટમાંગલિકની સોળ સોળ પંક્તિઓ રચી અને જાણે ચાર દિક્પાળોની સભા ત્યાં લાવ્યા હોય તેવા વિશાળ મુખમંડપો કરાવ્યા. તે ચાર મુખમંડપોની આગળ ચાલતાં શ્રી વલ્લીમંડપની અંદર ચાર પ્રેક્ષાસદન મંડપો કરાવ્યા, તે પ્રેક્ષામંડપોની વચમાં સૂર્યબિંબને ઉપહાસ્ય કરનારા વજ્રમય અક્ષવાટ રચ્યા અને દરેક અક્ષવાટની મધ્યમાં કમલમાં કર્ણિકાની જેમ એક એક મનોહર સિંહાસન રચ્યું. પ્રેક્ષામંડપની આગળ એકેક મણિપીઠિકા રચી; તેની ઉપર રત્નના મનોહર ચૈત્યસ્તૂપ રચ્યા અને તે દરેક ચૈત્યસ્તૂપમાં આકાશને પ્રકાશ કરનારી દરેક દિશાએ મોટી મણિપીઠિકા રચી. તે મણિપીઠિકાની ઉપર ચૈત્યસ્તૂપની સન્મુખ પાંચસેં ધનુષ્યના પ્રમાણવાળી રત્નનિર્મિત અંગવાળી, ઋષભાનન, વર્દ્ધમાન, ચંદ્રાનન, વારિષેણ એ નામની ચાર, પર્યંકાસને બેઠેલી, મનોહર, નેત્રરૂપી પોયણાને ચંદ્રિકા સમાન, નંદીશ્વર મહાદ્વીપના ચૈત્યની અંદર છે તેવી, શાશ્વત જિન પ્રતિમાઓ રચાવીને સ્થાપન કરી. તે દરેક ચૈત્યસ્તૂપની આગળ અમૂલ્ય માણિક્યમય વિશાળ એવી સુંદર પીઠિકાઓ રચી. તે દરેક પીઠિકા ઉપર એક એક ચૈત્યવૃક્ષ રચ્યું. દરેક ચૈત્યવૃક્ષની પાસે બીજી એકેક મણિપીઠિકા રચી અને તેની ઉપર એકેક ઈન્દ્રધ્વજ રચ્યો. જાણે દરેક દિશાએ ધર્મે પોતાના જયસ્તંભ આરોપ્યા હોય તેવા તે ઈન્દ્રધ્વજ જણાતા હતા. દરેક ઈન્દ્રધ્વજની આગળ ત્રણ પગથિયાં અને તોરણોવાળી નંદા નામે પુષ્કરિણી (વાવડી) રચી. સ્વચ્છ, શીતળ જળથી ભરેલી અને વિચિત્ર કમળોથી શોભતી તે પુષ્કરિણીઓ, દધિમુખ પર્વતના આધારભૂત પુષ્કરિણી જેવી મનોહર લાગતી હતી.

તે સિંહનિષદ્યા નામના મહા ચૈત્યના મધ્ય ભાગમાં મોટી મણિપીઠિકા બનાવી અને સમવસરણની જેમ તેના મધ્ય ભાગમાં વિચિત્ર રત્નમય એક દેવછંદક રચ્યો. તેની ઉપર વિવિધ વર્ણના વસ્ત્રનો ચંદરવો બનાવ્યો, તે અકાળે પણ સંધ્યાસમયનાં વાદળાંની શોભા ઉત્પન્ન કરતો હતો. તે ચંદરવાની અંદર અને પડખે વજ્રમય અંકુશો રચ્યા હતા. તથાપિ ચંદરવાની શોભા તો નિરકુંશ થઈ રહી હતી. તે અંકુશોમાં કુંભની જેવાં ગોળ અને આમળાનાં ફળ જેવાં સ્થૂળ મુક્તાફળોથી રચેલા અમૃતની ધારા જેવા હાર લટકતા હતા. તે હારના પ્રાંત ભાગમાં નિર્મળ મણિમાલિકા રચી, તે જાણે ત્રણ જગત્માંહે રહેલી મણિઓની ખાણોમાંથી વાનકી લાવ્યા હોય તેવી જણાતી હતી. મણિમાલિકાના પ્રાંત ભાગમાં રહેલી નિર્મળ વજ્રમાલિકા, સખીઓની જેમ પોતાની કાંતિરૂપ ભુજાથી પરસ્પર આલિંગન કરતી હોય તેવી જણાતી હતી. તે ચૈત્યની ભીંતોમાં વિચિત્ર મણિમય ગવાક્ષ (ગોખલા) રચ્યા હતા, તેના પ્રભાપટલથી જાણે તેમાંથી જવનિકા (પડદા) ઉત્પન્ન થયેલ હોય તેવા જણાતા હતા, તેમાં ભળતા અગરુ ધૂપના ધુમાડા

તે પર્વત ઉપર નવી ઉત્પન્ન થયેલી નીલચૂલિકાના ભ્રમને આપતા હતા.

હવે પૂર્વોક્ત મધ્ય દેવછંદની ઉપર શૈલેશી ધ્યાનમાં વર્તતી હોય તેવી, દરેક પ્રભુના પોતપોતાના દેહના માન જેવડી, પોતપોતાના દેહના વર્ણને ધારણ કરનારી, જાણે દરેક પ્રભુ પોતે જ બિરાજેલા હોય તેવી - ઋષભસ્વામી વગેરે ચોવીસ અર્હંતોની નિર્મળ રત્નમય પ્રતિમાઓ રચીને સ્થાપન કરી. તેમાં સોળ પ્રતિમા સુવર્ણની, બે રાજવર્ત રત્નની (શ્યામ), બે સ્ફટિક રત્નની (ઉજ્જવળ), બે વૈડુર્ય મણિની (નીલ) અને બે શોણ મણિની (રક્ત) હતી. તે સર્વ પ્રતિમાઓના રોહિતાક્ષ મણિના (રક્ત) આભાસવાળા અંકરત્નમય (શ્વેત) નખો હતા, અને નાભિ, કેશના મૂળ, જિહ્વા, તાળું, શ્રીવત્સ, સ્તનભાગ તથા હાથપગનાં તળિયાં-એ સુવર્ણના (રક્ત) હતાં; પાંપણો, આંખની કીકીઓ, રૂવાંટાં, ભમર અને મસ્તકના કેશ અરિષ્ટરત્નમય (શ્યામ) હતાં; ઓષ્ઠ પરવાળામય (રક્ત) હતા; દાંત સ્ફટિક રત્નમય (શ્વેત) હતા, મસ્તકનો ભાગ વજ્રમય હતો; અને નાસિકા અંદરથી રોહિતાક્ષ મણિના પ્રતિસેક (આભાસ) વાળી-સુવર્ણની હતી. પ્રતિમાની દૃષ્ટિઓ લોહિતાક્ષ મણિના પ્રાંત ભાગવાળી અને અંકમણિથી બનાવેલી હતી. એવી રીતે અનેક પ્રકારના મણિથી બનાવેલી તે પ્રતિમાઓ અત્યંત શોભતી હતી.

તે દરેક પ્રતિમાની પછવાડે એક એક યથાયોગ્ય માનવાળી છત્રધારાની રત્નમય પ્રતિમા બનાવી હતી અને તે છત્રધાર પ્રતિમાએ કુરંટક પુષ્પની માળાએ યુક્ત મોતી તથા પરવાળા વડે ગૂંથેલા અને સ્ફટિકમણિના દંડવાળા શ્વેત છત્ર ધરી રાખ્યાં હતાં. દરેક પ્રતિમાની બે બાજુએ રત્નની ચામર ધરનારી બે પ્રતિમાઓ અને આગળ નાગ યક્ષ, ભૂત અને કુંડધારની બે બે પ્રતિમાઓ હતી. અંજલિ જોડીને રહેલી અને સર્વ અંગે ઉજ્જવળ એવી તે નાગાદિક દેવોની રત્નમય પ્રતિમાઓ જાણે ત્યાં તેઓ પ્રત્યક્ષ બેઠા હોય તેવી શોભતી હતી.

દેવછંદા ઉપર ઉજ્જવળ રત્નના ચોવીસ ઘંટાઓ, સંક્ષિપ્ત કરેલા સૂર્યબિંબ જેવા માણિક્યનાં દર્પણો, તેની પાસે યોગ્ય સ્થાને મૂકેલ સુવર્ણની દીવીઓ, રત્નના કરંડિયા, નદીની ભમરીની જેવી ગોળાકાર પુષ્પચંગેરિઓ, ઉત્તમ અંગલૂછણા, આભૂષણના ડાબલા, સોનાનાં ધૂપિયાં તથા આરતીઓ, રત્નોના મંગળદીવા, રત્નોની ઝારીઓ, મનોહર રત્નમય થાળો, સુવર્ણના પાત્રો, રત્નનાં ચંદનકળશો, રત્નના સિંહાસનો, રત્નમય અષ્ટમાંગલિક સુવર્ણના તેલના ડાબલા, ધૂપ રાખવા માટે સુવર્ણના પાત્રો, સુવર્ણના કમલહસ્તક- એ સર્વ ચોવીસે અર્હંતની પ્રતિમા પાસે એક એક ચોવીસ ચોવીસ રાખ્યાં હતાં. એવી રીતે નાના પ્રકારનાં રત્નનું અને ત્રૈલોક્યમાં અતિ સુંદર એવું તે ચૈત્ય ભરતચક્રની આજ્ઞા થતાં તત્કાળ સર્વ પ્રકારની કલાને જાણનારા વાર્દ્ધકિરત્ને વિધિ પ્રમાણે બનાવી આપ્યું. જાણે મૂર્તિમાન્ ધર્મ હોય તેવા ચંદ્રકાંતમણિના ગઢથી, તથા ચિત્રમાં આલેખેલા ઇહામૃગ (ન્હાર), વૃષભ, મગર, તુરંગ, નર, કિન્નર, પક્ષી, બાળક, રૂરૂમૃગ, અષ્ટાપદ, ચમરીમૃગ, હાથી, વનલતા અને કમળોથી જાણે ઘણાં વૃક્ષોવાળું ઉદ્યાન હોય તેવી વિચિત્ર અને અદ્‌ભુત રચનાથી તે ચૈત્ય અધિક શોભતું હતું. તેની આસપાસ રત્નના સ્તંભો ગોઠવેલા હતા. જાણે આકાશગંગાની ઊર્મિઓ હોય તેવી પતાકાઓથી તે મનોહર લાગતું હતું, ઊંચા કરેલા સુવર્ણના ધ્વજદંડોથી તે ઉન્નત જણાતું હતું. અને નિરંતર પ્રસરતા-ધ્વજાની ઘૂઘરીઓના અવાજથી વિદ્યાધરોની સ્ત્રીઓની કટીમેખલાના ધ્વનિને અનુસરતું હતું. તેની ઉપર વિશાળ કાંતિવાળા પદ્મરાગમણિના ઈંડાંથી, જાણે માણિક્ય જડેલી મુદ્રિકાવાળું હોય તેવું તે શોભતું હતું. કોઈ ઠેકાણે જાણે પલ્લવિત હોય, કોઈ ઠેકાણે જાણે બખ્તરવાળું હોય, કોઈ ઠેકાણે જાણે રોમાંચિત થયું હોય અને કોઈ ઠેકાણે જાણે કિરણોથી લિપ્ત હોય તેવું તે જણાતું હતું. ગોરૂચંદનના રસમય તિલકોથી તેને લાંછિત કરેલું હતું. તેના ચણતરના સાંધેસાંધા એવા મેળવ્યા હતા કે જાણે તે એક પાષાણથી બનાવેલું હોય તેવું જણાતું હતું. તે ચૈત્યના નિતંબભાગ ઉપર વિચિત્ર ચેષ્ટાથી મનોહર લાગતી માણેકની પૂતળીઓ ગોઠવેલી હતી. તેથી અપ્સરાઓથી અધિષ્ઠિત મેરુ પર્વતની જેવું તે શોભતું હતું. તેના દ્વારની બંને તરફ ચંદન રસથી લીંપેલા બે કુંભો મૂકેલા હતા, તેથી દ્વારસ્થળમાં નિષ્પન્ન થયેલાં બે પુંડરીક કમળથી

તે અંકિત હોય એવું લાગતું હતું. ધૂપિત કરીને તિરછી બાંધેલી લટકતી માળાઓથી તે રમણીક લાગતું હતું. પાંચ વર્ણનાં પુષ્પથી તેના તળિયા ઉપર સુંદર પગર ભર્યા હતા; યમુના નદીની જેમ કલિંદ પર્વત પ્લાવિત રહે તેમ કપૂર, અગર અને કસ્તૂરીથી બનાવેલા ધૂપના ધુમાડાથી હંમેશાં તે વ્યાપ્ત રહેતું હતું, આગળ બે બાજુએ અને પછવાડે સુંદર ચૈત્યવૃક્ષો તથા માણિક્યની પીઠિકાઓ રચેલી હતી, તેથી જાણે આભૂષણ ધર્યા હોય તેવું જણાતું હતું, અને અષ્ટાપદ પર્વતના શિખર ઉપર જાણે મસ્તકના મુગટનું માણિક્ય ભૂષણ હોય તથા નંદીશ્વરાદિના ચૈત્યોની જાણે સ્પર્ધા કરતું હોય તેમ અતિ પવિત્રપણે તે શોભતું હતું.

તે ચૈત્યમાં ભરતરાજાએ પોતાના નવાણું ભાઈઓની દિવ્ય રત્નમય પ્રતિમા બેસાડી અને પ્રભુની સેવા કરતી એવી એક પોતાની પ્રતિમા પણ ત્યાં સ્થાપિત કરી, ભક્તિમાં અતૃપ્તિ એ પણ એક ચિહ્ન છે. ચૈત્યની બહાર ભગવાનનો એક સ્તૂપ (પગલાંની દેરી) કરાવ્યો અને તેની પાસે પોતાના નવાણું ભાઈઓના પણ સ્તૂપ કરાવ્યા. ત્યાં આવનારા પુરુષો ગમનાગમન વડે એની આશાતના ન કરે એવું ધારીને લોઢાના યંત્રમય આરક્ષક પુરુષો તે ઠેકાણે ઊભા રાખ્યા. એ યંત્રમય લોઢાના પુરુષોથી જાણે મર્ત્યલોકની બહાર તે સ્થાન રહ્યું હોય એમ મનુષ્યોને અગમ્ય થઈ પડ્યું. પછી ચક્રવર્તીએ દંડરત્ન વડે તે પર્વતના દાંતા પાડી નાખ્યા. તેથી સરલ અને ઊંચા સ્તંભની પેઠે એ પર્વત લોકોથી ન ચડી શકાય તેવો થઈ ગયો. પછી મહારાજાએ એ પર્વતની ફરતા મેખલા જેવા અને મનુષ્યોથી ઉલ્લંઘન થઈ શકે નહીં એવા એક એક યોજનને અંતરે આઠ પગથિયાં બનાવ્યાં. ત્યારથી એ પર્વતનું નામ અષ્ટાપદ પડ્યું અને લોકોમાં તે હરાદ્રિ, કૈલાસ અને સ્ફટિકાદ્રિ એવા નામથી પણ ઓળખાવા લાગ્યો.

એવી રીતે ચૈત્ય નિર્માણ કરી, તેમાં પ્રતિષ્ઠા કરી, ચંદ્ર જેમ વાદળમાં પ્રવેશ કરે તેમ શ્વેત વસ્ત્ર ધારણ કરી ચક્રવર્તીએ તેમાં પ્રવેશ કર્યો. પરિવાર સહિત પ્રદક્ષિણા કરી મહારાજાએ પ્રતિમાઓને સુગંધી જળથી સ્નાન કરાવ્યું. પછી માર્જન કર્યું, એટલે તે પ્રતિમાઓ રત્નના આદર્શની પેઠે અધિક ઉજ્જવલ થઈ. પછી ચંદ્રિકાના સમૂહ જેવા નિર્મળ, ગાઢ અને સુગંધી ગોરૂચંદનના રસથી વિલેપન કર્યું તથા વિચિત્ર રત્નોના આભૂષણ, ઉદ્દામ દિવ્યમાળાઓ અને દેવદુષ્ય વસ્ત્રોથી અર્ચન કર્યું. ઘંટા વગાડતા મહારાજાએ તેઓની પાસે ધૂપ કર્યો, જેના ધુમાડાની શ્રેણીઓથી એ ચૈત્યનો અંતર્ભાગ જાણે નીલવલ્લીથી અંકિત હોય તેવો જણાવા લાગ્યો. ત્યાર પછી જાણે સંસારરૂપી શીતથી ભય પામેલાને માટે જ્વલંતો અગ્નિકુંડ હોય તેવી કર્પૂરની આરતી ઉતારી.

એવી રીતે પૂજન કરી, ઋષભ સ્વામીને નમસ્કાર કરી, શોક અને ભયથી આક્રાંત થઈ ચક્રવર્તીએ આ પ્રમાણે સ્તુતિ કરી-

*** અષ્ટાપદના જિનપ્રાસાદની અંતર્ગત ચોવીશ જિનેશ્વરોની સ્તુતિ :**

कल्लाणपंचएहिं, नेरइयाणं पि दुक्खतवियाणं।
दिण्णसुहस्स सुहागर ! नमो तुमं तिजगदीसस्स ।।

હે જગત્સુખાકર ! હે ત્રિજગત્પતિ ! પાંચ કલ્યાણકથી નારકીઓને પણ સુખ આપનાર એવા આપને હું નમસ્કાર કરું છું.

सामिय ! जगहियकारग ! विहरंतेणं तए इमं विस्सं ।
दिणवइणा विव निहिलं, अणुग्गहियमेत्थ तमगसियं ।।

હે સ્વામિન્ ! સૂર્યની પેઠે વિશ્વનું હિત કરનારા તમે હંમેશાં વિહાર કરીને આ ચરાચર જગત ઉપર અનુગ્રહ કર્યો છે.

अज्जाणज्जजणाणं, विहरंतो तुं सया समसुहाय।

भवओ पवणस्स य तह, परोवयाराय होज्ज गई ।।

આર્ય અને અનાર્ય-એ બંને ઉપરની પ્રીતિથી તમે ચિરકાળ વિહાર કરતા, તેથી પવનની અને તમારી ગતિ પરોપકારને માટે જ છે.

अण्णेसिं विहरंतो, उवयरिउं आसि दीहकालमिह ।
उवयाराय हि भयवं, मुत्तीए कास समुवगओ ।।

હે પ્રભુ ! આ લોકમાં મનુષ્યોનો ઉપકાર કરવાને માટે તમે ચિરકાળ વિહાર કર્યો હતો, પણ મુક્તિમાં તમે કોનો ઉપકાર કરવાને માટે ગયા ?

भवया अहिट्ठियं जं, लोयग्गं अज्ज लोगवरमासी ।
मच्चुपहाणो लोगो, तुमइ विणा एस संजाओ ।।

તમે અધિષ્ઠિત કરેલું લોકાગ્ર (મોક્ષ) આજ ખરેખર લોકાગ્ર થયું છે અને તમે છોડી દીધેલ આ મર્ત્યલોક ખરેખર મૃત્યુલોક (મૃત્યુ પામવા યોગ્ય) થયો છે.

अज्जवि सक्खमसि तुमं, तेसिं सब्भावभूसिय भवीणं ।
लोगाणुग्गहकरणिं, सरंति जे देसणं तुम्ह ।।

હે નાથ ! જેઓ વિશ્વને અનુગ્રહ કરનારી તમારી દેશનાને સંભારે છે તે ભવ્ય પ્રાણીઓને હજી પણ તમે સાક્ષાત જ છો.

रूवत्थं पि जणा जे, जिणिंद ! झाणं तुमम्मि जुंजंति ।
पच्चक्खमेव ताणं, जोगीणं पि भयवं तुं सि ।।

જેઓ તમારું રૂપસ્થ એવું ધ્યાન કરે છે તેવા મહાત્માઓને પણ તમે પ્રત્યક્ષ જ છો.

परमेसर ! संसारं, जहा असेसं चइत्थ दुहभरियं ।
तह निम्ममोवि चित्तं, न चयसु कयावि मम नूणं ।।

હે પરમેશ્વર ! જેવી રીતે મમતારહિત એવા તમે આ સર્વ સંસારનો ત્યાગ કર્યો તેવી રીતે હવે કદાપિ મારા મનનો ત્યાગ કરશો નહીં.

इअ थुणिऊणं उसहं, पहुं तओ जिणवरे य अण्णे वि ।
नमिउं नमिउं भरहो, पत्तेगं वण्णिउं लग्गो ।।१।।

એવી રીતે આદીશ્વર ભગવંતની સ્તુતિ કરીને ભરત બીજા દરેક જિનેશ્વરોને નમી-નમીને પ્રત્યેકની સ્તુતિ કરવા લાગ્યા. ૧

विसयकसाया अजिअं, विजयामायर सुकुक्खिवरहसं ।
जियसत्तुनरिंदसुयं, नमामि अजियं अजियनाहं ।।२।।

વિષય કષાયથી અજિત, વિજયામાતાની કુક્ષિમાં માણિક્યરૂપ અને જિતશત્રુ રાજાના પુત્ર હે જગત્સ્વામી **અજિતનાથ** ! તમે જય પામો. ૨

भवगयण पारगमणे, सूरं सेणोयरस्स वररयणं ।
नरवइजियारिजायं, संभवजिणणाहमरिहामि ।।३।।

સંસારરૂપી આકાશનું અતિક્રમણ કરવામાં સૂર્યરૂપ, શ્રીસેનાદેવીના ઉદરથી ઉત્પન્ન થયેલા અને જિતારી રાજાના પુત્ર-એવા હે **સંભવનાથ** ! તમને હું નમસ્કાર કરું છું. ૩

संवरवंसाभरणं, देवो सिद्धत्थपुव्वदिसिभाणू ।
अभिणंदणजिणयंदो, हणेउ सइ अम्ह दुरियाइं ।।४।।

સંવર રાજાના વંશમાં આભૂષણરૂપ, સિદ્ધાર્થા દેવીરૂપી પૂર્વ દિશામાં સૂર્ય સમાન અને વિશ્વને આનંદદાયી એવા હે **અભિનંદનસ્વામી !** તમે અમને પવિત્ર કરો. ૪

जय मंगलामणकुमुय-चंदो मेहण्णयावणि जलहरो ।
सुमई जिणिंदणाहो, जो भवियजण-मण-दुहहरणो ।।५।।

મેઘરાજાના વંશરૂપી વનમાં મેઘ સમાન અને મંગળામાતા રૂપી મેઘમાલામાં મોતીરૂપ એવા હે સુમતિનાથ! હું તમને નમસ્કાર કરું છું. ૫

सामि ! धरनरिंदजलहि-सोम ! सुसीमासरोवरसरोय ! ।
पउमप्पह- तित्थयरो !, तुब्भं सययं नमो अत्थु ।।६।।

ધરરાજા રૂપી સમુદ્રને ચંદ્ર સમાન અને સુસીમાદેવી રૂપી ગંગા નદીમાં કમલસમાન એવા હે **પદ્મપ્રભુ!** તમને હું નમસ્કાર કરું છું. ૬

जिणवर-सुपास ! रक्खसु, पुढवीमलयम्मि चंदणसरिच्छ ! ।
सिरियपइट्ठनिवकुलाऽऽहारवरत्थंम ! अम्हे वि ।।७।।

શ્રી પ્રતિષ્ઠ રાજાના કુળરૂપી ગૃહના પ્રતિષ્ઠાસ્તંભરૂપ અને પૃથ્વી માતારૂપ મલયાચલમાં ચંદન સમાન હે **સુપાર્શ્વનાથ !** મારી રક્ષા કરો. ૭

महसेणकुलमयंको !, लक्खमणाकुक्खिमाणसमराल ! ।
भयवं चंदप्पहजिण !, तारसु अम्हे भवोदहिओ ।।८।।

મહાસેન રાજાના વંશરૂપી આકાશમાં ચંદ્ર સમાન અને લક્ષ્મણા દેવીની કુક્ષિરૂપી સરોવરમાં હંસ સમાન એવા હે **ચંદ્રપ્રભુ !** તમે અમારી રક્ષા કરો. ૮

सुग्गीवतणय ! रामा-देवी-णंदणवणुव्विकप्पतरू ! ।
सुविहिजिणो मज्झ दिससु, परमपयपयासगं मग्गं ।।९।।

સુગ્રીવરાજાના પુત્ર અને શ્રીરામાદેવી રૂપ નંદનવનની ભૂમિમાં કલ્પવૃક્ષ રૂપ એવા હે **સુવિધિનાથ!** અમારું શીઘ્ર કલ્યાણ કરો. ૯

सिरिसीयलो जिणेसो, नंदादेवीमणं बुहि-मंयको ।
दढरहनरिंदतणओ, मणवंछियदायगो मज्झ ।।१०।।

દઢરથ રાજાના પુત્ર, નંદાદેવીના હૃદયના આનંદરૂપ અને જગતને આહ્લાદ કરવામાં ચંદ્રસમાન એવા હે **શીતળસ્વામી !** તમે અમને હર્ષકારી થાઓ. ૧૦

सिरिविण्हु माउतणओ, विण्हुनरिंदकुलमोत्तियाभरणं ।
नीसेयससिरिरमणो, सिज्जंसो देउ मे मोक्खं ।।११।।

શ્રી વિષ્ણુદેવીના પુત્ર, વિષ્ણુ રાજાના વંશમાં મોતી સમાન અને મોક્ષરૂપ લક્ષ્મીના ભરથાર એવા હે **શ્રેયાંસપ્રભુ !** તમે કલ્યાણને માટે થાઓ. ૧૧

वसुपुज्जनरिंदसुओ, माइजयाहिययपंकयाइच्चो ।
अरिहंतवासुपुज्जो, सिमस्सिरिं दिज्ज भव्वाणं ।।१२।।

વસુપૂજ્ય રાજાના પુત્ર, જયાદેવી રૂપ વિદૂર પર્વતની ભૂમિમાં રત્નરૂપ અને જગતને પૂજ્ય એવા હે **વાસુપૂજ્ય** ! તમે મોક્ષ લક્ષ્મીને આપો. ૧૨

सामाणण-वरचंदो, कयवम्मनरिंदसागरससंको ।
अरिहो विमलजिणेसो, हिययं विमलं महंकुणउ ।।१३।।

કૃતવર્મા રાજાના પુત્ર અને શ્યામાદેવી રૂપ શમી વૃક્ષમાંથી ઉત્પન્ન થયેલ અગ્નિસમાન એવા હે **વિમલસ્વામી**! તમે અમારું મન નિર્મળ કરો. ૧૩

सिरिसिंहसेणनरवइ-कुलमंगलदीवगो अणंतजिणो ।
सुजसादेवीसूणू, वियरसु अम्हं सुहमणंतं ।।१४।।

સિંહસેન રાજાના કુળમાં મંગળદીપક અને સુયશા દેવીના પુત્ર હે **અનંત ભગવાન્** ! તમે અનંત સુખ આપો. ૧૪

भाणुनिवहिययचंदो, सुवयापुव्वायलेसउसिणंसू ।
धम्मजिणेसो भयवं, विहेउ धम्मे मइं मज्झ ।।१५।।

સુવ્રતા દેવીરૂપ ઉદયાચળની તટીમાં સૂર્યરૂપ અને ભાનુરાજાના પુત્ર એવા હે **ધર્મનાથ પ્રભુ** ! તમે ધર્મને વિષે મારી બુદ્ધિ સ્થાપન કરો. ૧૫

सिरिसंतिनाहजिणवर ! अइरादेवीवरंगओ भवसु ।
निववीससेणकुलणह- चंदो ! भवियाण संतिगरो ।।१६।।

વિશ્વસેન રાજાના કુળમાં આભૂષણ રૂપ અને અચિરા દેવીના પુત્ર-હે **શાંતિનાથ ભગવાન્** ! તમે અમારા કર્મની શાંતિને માટે થાઓ. ૧૬

सिरिकुंथुनाह ! भयवं ! सूरनरिंदकुलगयणतिमिरारी !
सिरिजणणी- कुक्खिमणी !, जएसु उम्महियमयणमओ ।।१७।।

શૂર રાજાના વંશરૂપ આકાશમાં સૂર્ય સમાન, શ્રીદેવીના ઉદરથી ઉત્પન્ન થયેલા અને કામદેવનું ઉન્મથન કરનારા-હે જગત્પતિ **કુંથુનાથ** ! તમે જય પામો. ૧૭

देवीमाणसहंसो, सुदंसणनरिंदचित्तघणमोरो ।
तित्थयरो अरणाहो, देउ मम भवुत्तरणवरयं ।।१८।।

સુદર્શન રાજાના પુત્ર અને દેવી માતારૂપ શરદ્ લક્ષ્મીમાં કુમુદ સમાન એવા હે **અરનાથ** ! તમે મને સંસાર તરવા રૂપ વૈભવને આપો. ૧૮

कुंभनरेससमुद्दाऽमयकुंभो, मल्लिनाहजिणचंदो ।
देविपहावइजाओ, दिसउ सिवं कम्मखयमल्लो ।।१९।।

કુંભરાજારૂપ સમુદ્રમાં અમૃતકુંભ સમાન, અને કર્મક્ષય કરવામાં મહામલ્લ સમાન એવા પ્રભાવતી દેવીથી ઉત્પન્ન થયેલા હે **મલ્લિનાથ** ! તમે મોક્ષલક્ષ્મી આપો. ૧૯

पउमावइ देवीसुअ ! सुमित्तहिमवंतपोम्मदहरूवो ! ।
मुणिसुव्वयतित्थेसो ! पणई अम्हाण तुम्ह सिया ।।२०।।

સુમિત્ર રાજારૂપી હિમાચલમાં પદ્મદ્રહ સમાન અને પદ્માવતી દેવીના પુત્ર-હે **મુનિસુવ્રત પ્રભુ** ! તમને હું નમસ્કાર કરું છું. ૨૦

वप्पादेवीरोहण-गिरिरयण ! विजयनरिंदकुलदीव !।
विस्सनमंसियपयकय ! नमिजिणवर ! देसु मत्तिसुहं ।।२१।।

વપ્રાદેવીરૂપ વજ્રખાણની પૃથ્વીમાં વજ્રસમાન, વિજયરાજાના પુત્ર અને, જેમનાં ચરણકમળ જગતને નમસ્કાર કરવા યોગ્ય છે એવા હે **નમિપ્રભુ** ! તમને નમસ્કાર કરું છું. ૨૧

अरिहा अरिट्ठनेमी, समुद्दभूवइ समुद्धरयणीसो ।
असिवाणि सिवासूणू, हरेउ भवियाण नमिराणं ।।२२।।

સમુદ્ર (વિજય)ને આનંદ કરવામાં ચંદ્રરૂપ, શિવાદેવીના પુત્ર અને પરમ દયાળુ એવા હે મોક્ષગામી **અરિષ્ટનેમિ** ભગવંત ! તમને હું નમસ્કાર કરું છું. ૨૨

पासजिणीसरदेवो, वामाणनंदणो पसंतगिरो ।
रायाऽससेणतणुओ, विग्घहरो होज्ज अम्हाणं ।।२३।।

અશ્વસેન રાજાના કુળમાં ચૂડામણિરૂપ અને વામાદેવીના પુત્ર-એવા હે **પાર્શ્વનાથ** ! તમને નમસ્કાર કરું છું. ૨૩

सिद्धत्थभूवतणओ, तिसलाहियियसररायहंससमो ।
चरमजिणेसो वीरो, अणंतमक्खयपयं देज्जा ।।२४।।

સિદ્ધાર્થ રાજાના પુત્ર, ત્રિશલા માતાના હૃદયના આશ્વાસરૂપ અને સિદ્ધિ પ્રાપ્તિના અર્થને સિદ્ધ કરનારા હે **મહાવીર પ્રભુ** ! તમને વંદન કરું છું. ૨૪

એવી રીતે પ્રત્યેક તીર્થંકરને સ્તુતિપૂર્વક નમસ્કાર કરીને મહારાજા ભરત એ સિંહનિષદ્યા ચૈત્યની બહાર નીકળ્યા અને પ્રિયમિત્રની પેઠે એ સુંદર ચૈત્યને વાંકા વળી પાછી નજરે જોતાં જોતાં અષ્ટાપદ પર્વત ઉપરથી નીચે ઊતર્યા. પોતાનું મન તે પર્વતમાં મગ્ન થયેલું હોવાથી જાણે વસ્ત્રનો છેડો ભરાયો હોય તેમ અયોધ્યાપતિ મંદ મંદ ગતિએ અયોધ્યા તરફ ચાલ્યા. શોકના પૂરની જેમ સૈન્યથી ઊડેલી રજ વડે દિશાઓને આકુળ કરતા-શોકાર્ત ચક્રી અયોધ્યાની સમીપે આવી પહોંચ્યા જાણે ચક્રીના સહોદર હોય તેમ તેમના દુઃખથી અત્યંત દુઃખી થયેલા નગરજનોએ સાશ્રુદૃષ્ટિએ જોયેલા મહારાજાએ પોતાની વિનીતાનગરીમાં પ્રવેશ કર્યો. પછી ભગવંતને સંભારી સંભારીને વૃષ્ટિ પછી અવશેષ રહેલા મેઘની પેઠે અશ્રુજળના બિંદુને વરસાવતા તેઓ પોતાના રાજમહેલમાં પેઠા. દ્રવ્ય હરણ થયેલ પુરુષ જેમ દ્રવ્યનું જ ધ્યાન કર્યા કરે, તેમ પ્રભુરૂપી ધન હરણ થયાથી તેમણે ઊભા રહેતા, ચાલતા, સૂતા અને જાગતા, બહાર ને અંદર રાતદિવસ પ્રભુનું જ ધ્યાન કરવા માંડ્યું. બીજા હેતુથી પણ પોતાની પાસે અષ્ટાપદ પર્વત તરફથી આવનારા પુરુષોને, તેઓ જાણે પૂર્વની પેઠે પ્રભુને માટે કાંઈ કહેવા આવ્યા હોય તેમ માનવા લાગ્યા.

# 13

# ॥ શ્રી શત્રુંજય માહાત્મ્ય ॥

**પ્રસ્તાવના :**

આ ગ્રંથમાં શત્રુંજયનું અલૌકિક માહાત્મ્ય દર્શાવવામાં આવ્યું છે. આ ગ્રંથ મૂળરૂપે સવા લાખ શ્લોક પ્રમાણ હતો. ત્યારબાદ મનુષ્યોને અલ્પ આયુષ્યવાળા જાણીને શ્રી સુધર્માસ્વામીએ તેમાંથી સંક્ષેપ કરી ચોવીસ હજાર શ્લોક પ્રમાણ કર્યું. ત્યારબાદ ધનેશ્વરસૂરિએ સરળ શૈલીમાં સમજાય તેવું સંક્ષિપ્ત 'શ્રી શત્રુંજય માહાત્મ્ય' વલ્લભીપુરમાં રચ્યું, જેમાંથી અષ્ટાપદ વિષયક વિગતો અત્રે સંપાદિત કરવામાં આવી છે.

'જે અનંત, અવ્યક્ત મૂર્તિવાળા, જગતના સર્વ ભૂત, ભવિષ્ય અને વર્તમાન, અર્થથી મુક્ત, સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વ જનોથી નમસ્કાર કરાયેલા, સાધુસમૂહે સ્તુતિ કરેલા, ક્ષય નહિ પામનારા, સર્વ કર્મનો ક્ષય કર્યો છે જેમણે અને વાણીમાર્ગથી જેનું સ્વરૂપ દૂર છે, તથા જેઓ પ્રબળ પુણ્યથી પ્રાપ્ત થાય છે; એવા શ્રીમાન્ આદિનાથ પ્રભુ તમારું સદા મંગલ કરો.'

હે ઇન્દ્ર![૧] હવે ભરત ચક્રવર્ત્તી જે રીતે નિર્વાણ પદને પામે છે તે પ્રસંગનું સુંદર ચરિત્ર જે કર્ણને માટે અમૃત સમાન છે, તેને તું સાંભળ!

ત્યારબાદ તે અવસરે સોમયશા વગેરેને પૃથક્ પૃથક્ દેશની સોંપણી કરીને આશ્રિતોને વિશે સારું વાત્સલ્ય ધારણ કરનાર ભરતેશ્વરે સ્નેહથી સત્કારપૂર્વક તે બધાયને વિદાય કર્યા. અને ભોજનવસ્ત્રાદિકથી સર્વ સંઘનું સન્માન કરી ભરત રાજાએ પૃથ્વીનો ભાર પોતાની ભુજા પર ધારણ કર્યો. તે અરસામાં ભગવાન શ્રી આદિનાથ પ્રભુ વિહાર કરતાં કરતાં અષ્ટાપદ ગિરિ ઉપર સમવસર્યા. એ શુભ સમાચાર ઉદ્યાનપતિ પાસેથી સાંભળીને ભરતચક્રવર્તી પ્રભુને વંદન કરવાની ઇચ્છાથી ત્યાં અષ્ટાપદ ઉપર આવ્યા. શ્રી સર્વજ્ઞપ્રભુના મુખકમલથી દાનધર્મનો મહિમા અને તેનું મહાન ફળ સાંભળીને ચક્રવર્તીએ પ્રભુનાં ચરણોમાં વિજ્ઞપ્તિ કરી કે, 'આ સંયમી મુનિઓ મારા દાનને ગ્રહણ કરે તેમ આપ ફરમાવો.' ભરતનાં તે વચનોને સાંભળીને પ્રભુ બોલ્યા કે; 'નિર્દોષ રાજપિંડ પણ મુનિઓને કલ્પતો નથી! માટે તેની પ્રાર્થના કરવાથી સર્યું' આ સાંભળીને ભરતે કહ્યું, 'સ્વામી! આ જગતમાં મહાપાત્રરૂપ તો સંયમી મુનિવરો છે. જ્યારે તેમને મારું દાન કલ્પે નહિ, તો મારે શું કરવું?' તે અવસરે ઇન્દ્રે ભરતેશ્વરને કહ્યું, 'હે રાજા! જો તમારે દાન આપવું હોય તો ગુણોથી ઉપર સાધુ ભગવંતો પછી પાત્ર તરીકે ગણાતા સાધર્મિક શ્રાવકોને તમે દાન આપો.' પ્રભુએ નહિ નિષેધ કરેલું ઇન્દ્રનું તે કથન સાંભળીને ભરત અયોધ્યામાં આવી નિત્ય સાધર્મિક શ્રાવકોને ભક્તિથી ભોજન કરાવવા લાગ્યા.

---

૧. પ્રભુશ્રી મહાવીર ભગવંત ઇન્દ્રને ઉદ્દેશીને પ્રથમ સર્ગથી શત્રુંજયનો મહિમા વર્ણવી રહ્યા છે, તેના અનુસંધાનમાં વર્ણન આગળ વધે છે.

---

Rushbhadev & Ashtapad Parvat Vol. VI Ch. 36-G, Pg. 2447-2450

આવું મહાભોજન થતું સાંભળીને ઘણા લોકો ભોજન કરવા એકઠા થવા લાગ્યા. તેઓની મોટી સંખ્યા જોઈ મુગ્ધપણાથી રસોઈયાઓએ ભરત રાજાને કહ્યું કે; સ્વામી! 'આ શ્રાવક છે કે, આ શ્રાવક નથી' એવો ભેદ અમારાથી થઈ શકતો નથી.' તે સાંભળી ચક્રવર્તીએ શ્રાવકોના કંઠમાં કાકિણીરત્નથી રત્નત્રયીની[૨] નિશાની તરીકે દક્ષિણોત્તર ત્રણ રેખાઓ કરી. 'તમે જિતાયા છો, અને ભય વર્તે છે, માટે હણો નહિ, હણો નહિ[૩]' એમ દરરોજ પ્રાતઃકાલે તે શ્રાવકોને ભરત ચક્રવર્તી પોતાને સૂચના કરવા માટે કહેતા, તે મુજબ તે શ્રાવકો નિરંતર ભરતેશ્વરને જાગ્રત કરતા હતા. તે સાંભળીને તેના રહસ્યનો વિચાર કરીને ચક્રવર્તીએ પોતાની પ્રમાદિતાનો ત્યાગ કરવા માંડ્યો. ત્યારથી તેઓ ત્રણ રેખાઓથી અંકિત થયેલા માહણ-બ્રાહ્મણના નામથી પૃથ્વીતલમાં પ્રખ્યાત થયા. ત્યાર બાદ ભરતે અર્હત્, યતિ અને શ્રાવકધર્મના ગુણસમૂહથી યુક્ત ચાર વેદો તે શ્રાવકોને ભણાવ્યા. ભગવંત આદિનાથની જેમ ધર્મ પ્રર્વતાવ્યો, તેમ ભરતરાજાની સાધર્મિકવાત્સલ્યનો ક્રમ ત્યારથી પ્રવર્ત્યો.

આ બાજુ; શ્રી ઋષભદેવ ભગવાને પૃથ્વી પર વિહાર કરતાં ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. એક લાખ, પંચાસી હજાર અને સાડાછસો મુનિઓ (૧,૮૫,૬૫૦), ત્રણ લાખ સાધ્વીઓ (૩,૦૦૦૦૦), ત્રણ લાખ અને પચાસ હજાર (૩,૫૦,૦૦૦) શુદ્ધ સમ્યક્ત્વધારી શ્રાવકો, અને પાંચ લાખ, ચોપન હજાર શ્રાવિકાઓ (૫,૫૪,૦૦૦) આ પ્રમાણે શ્રી ઋષભદેવ પ્રભુનો કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી તેઓના ઉપદેશથી પ્રતિબોધ પામેલા ચતુર્વિધ સંઘનો પરિવાર હતો. ત્રણ જગતના પ્રભુશ્રી ઋષભદેવસ્વામી એક લાખ પૂર્વ સુધી વ્રત પાળ્યા પછી, પોતાનો મોક્ષકાળ સમીપ જાણી અષ્ટાપદ પર્વત ઉપર પધાર્યા. ત્યાં શુદ્ધ પ્રદેશમાં દશ હજાર મુનિઓની સાથે જગત પ્રભુએ અનશન વ્રત ગ્રહણ કર્યું. આ સમાચાર ઉદ્યાનપતિએ કંઠ રુંધાવાથી અસ્ફુટ શબ્દોમાં ભરતરાજા પાસે જઈને કહ્યા. 'પ્રભુએ અનશન ગ્રહણ કર્યું છે.' તે સાંભળીને ખેદ પામેલા ભરતરાજા વાહન તથા પરિવારને મૂકીને પગે એકદમ ચાલી નીકળ્યા. પોતાની પાછળ દોડતા સેવકોને પણ દૂર છોડતા, અને અશ્રુને વર્ષાવતા, તથા કાંટા વગેરેને નહિ ગણકારતા ભરત, તેવી અવસ્થાવાળી સ્ત્રીઓના સમૂહની સાથે શોક સહિત ઊંચા મકાનની જેમ અષ્ટાપદ પર્વત ઉપર આવ્યા. ત્યાં પર્યંકાસનવાળી સર્વ ઈન્દ્રિયોના આસ્રવને રુંધીને રહેલા શ્રી ઋષભદેવ પ્રભુને જોઈને અશ્રુજલથી યુક્ત ભરતે પ્રભુને વંદન કર્યાં. તે સમયે આસન ચલિત થવાથી સર્વ ઇન્દ્રોએ પણ શોકથી વ્યાકુળ બનીને ત્યાં આવી પ્રભુને પ્રદક્ષિણા કરી નમન કર્યું.

### * શ્રી ઋષભદેવ ભગવંતનું અષ્ટાપદ પર્વત પર નિર્વાણ :

આ અવસર્પિણી કાળના સુષમ-દુષમ નામના ત્રીજા આરાનાં નેવ્યાશી પખવાડિયાં અવશેષ રહેતા, માઘમાસની કૃષ્ણ ત્રયોદશી (વર્તમાનમાં પોષ વદી-૧૩)ના પૂર્વાહ્નકાલે, ચન્દ્ર અભિજિત નક્ષત્રમાં આવતાં, પર્યંકાસને રહેલા પ્રભુ શ્રી ઋષભદેવસ્વામી સ્થૂલ કાય, વાક્ અને ચિત્તના યોગને ત્યજીને, સૂક્ષ્મ કાયયોગથી બાદરયોગને રુંધી સૂક્ષ્મક્રિય નામના શુક્લધ્યાનના ત્રીજા ભેદને પ્રાપ્ત થયા, પછી સૂક્ષ્મ કાયયોગને પણ છોડી દઈ ઉચ્છિન્નક્રિય નામે ચોથું શુક્લધ્યાન પામી પ્રભુ લોકાગ્રપદને-મોક્ષને પામ્યા. તે સમયે બાહુબલી વગેરે મુનિઓ પણ વિધિપૂર્વક શુક્લધ્યાનનો આશ્રય કરી તે જ ક્ષણે અવ્યયપદને પ્રાપ્ત થયા. તે કાળે

---

૨. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયી.

૩. 'તમે કામક્રોધાદિ શત્રુઓથી જિતાયા છો, તમારા માથા પર કર્મરાજાનો મહાભય વર્તી રહ્યો છે; માટે તમે તમારા આત્માને મા હણો! મા હણો!' એ રીતે શ્રાવકો ભરતેશ્વરને નિરંતર પ્રતિબોધ કરે છે.

પ્રભુનાં નિર્વાણ કલ્યાણકના સમયે ક્ષણ વાર નારકીઓને પણ સુખ થયું, અને ત્રણ જગતમાં ઉદ્યોત થઈ રહ્યો. પંચત્વ પામીને પાંચમી ગતિને પ્રાપ્ત થયેલા પ્રભુને જોઈ ભરત રાજા અપાર દુઃખના ભારથી મૂર્ચ્છા પામી પૃથ્વી પર પડી ગયા. થોડી વારે સાવધાન થઈ તેમણે આક્રંદ કરવા માંડ્યું કે, 'અહા! ત્રણ જગતના ત્રાતા પ્રભુ, બાહુબલી વગેરે અનુજબંધુઓ, બ્રાહ્મી અને સુંદરી બહેનો, પુંડરીક વગેરે પુત્રો, અને શ્રેયાંસ વગેરે પૌત્રો કર્મરૂપ હણી લોકાગ્રને પામ્યાં. તથાપિ જીવિતમાં પ્રીતિવાળો હું ભરત અદ્યાપિ જીવું છું.' આ પ્રમાણે આક્રંદ કરતા ભરતને જોઈ ઇન્દ્રે શોકથી રુદન કરવા માંડ્યું. એટલે ત્યારથી રુદન 'સંક્રન્દન' નામથી પ્રખ્યાત થયું. ત્યાર બાદ ઇન્દ્રની પાછળ દેવતાઓએ પણ રુદન કરવા માંડ્યું. તે જોઈ ભરતરાજા રુદનક્રિયામાં કુશળ થયા. ત્યારથી માંડીને શોકગ્રંથિને ભેદનાર તથા હૃદય અને નેત્રને શોધનાર પૂર્વે નહિ દીઠેલો રુદનનો વ્યવહાર પ્રવર્ત્યો. ભરતના મોટા શબ્દપૂર્વકના રુદનથી ભૂમિ અને આકાશનો ભાગ પણ જાણે શોકાકુલ થઈ ગયો અને પર્વતના પથ્થર તૂટવા લાગ્યા. તેમ જ ઝરણાઓ જલરૂપી આંસુઓના પ્રવાહને વહેતાં કરવા લાગ્યાં.

અતિ શોક વડે આક્રંદ થયેલા હોવાથી જાણે મરવાને ઇચ્છતા હોય તેવા ભરતને જોઈ તેમને બોધ કરવાને માટે ઇન્દ્ર પવિત્ર વાણીથી આ પ્રમાણે તેમને કહેવા લાગ્યા. 'ત્રણ જગતના સ્વામીના પુત્ર હે ભરતચક્રવર્તી ! સ્વાભાવિક ધૈર્યને છોડીને અજ્ઞજનની પેઠે શોકથી આમ રુદન કેમ કરો છો ? જે સ્વામી જગતના આધાર, જગતની સ્થિતિના કરનાર, અને અહર્નિશ જગતને નમવા યોગ્ય હતા, તે પ્રભુનો શોક કરવાનો કેમ હોય ? અર્થાત્ તે પ્રભુ કેમ શોચનીય હોય ? જેણે અનુપમ કાર્યો સાધ્યાં છે અને કર્મોના બંધનનો જેઓએ ત્યાગ કર્યો છે, એવા મુમુક્ષુ આત્માઓને માટે વિશેષ રીતે આ પ્રસંગ અખંડ મહોત્સવરૂપ ગણાય છે, તેમ જ હર્ષ ને શોક બંને, સ્વાર્થનો ઘાત કરનારા અને પાપબંધનને કરાવનારા છે; માટે બુદ્ધિવાન એવા તમે તેને છોડી દો અને પુનઃધૈર્યને ધારણ કરો.'

આ પ્રમાણે ભરત ચક્રવર્તીને આશ્વાસન આપી ઇન્દ્રે પ્રભુના અંગનો સંસ્કાર કરવા માટે ગોશીર્ષ ચંદનનાં કાષ્ઠો દેવતાઓની પાસે મંગાવ્યાં. પછી દેવતાઓએ પ્રભુને માટે પૂર્વ દિશામાં ગોળ, બીજા ઇક્ષ્વાકુવંશી મુનિઓને માટે દક્ષિણ દિશામાં ત્રિખૂણી અને બાકીના સર્વ મુનિઓ માટે ચાર ખૂણાવાળી ચિતા રચી. પ્રભુના શરીરને ઇન્દ્રે ક્ષીરસમુદ્રનાં જલથી સ્નાન કરાવી અને વસ્ત્રાભરણથી શોભાવી શિબિકામાં પધરાવ્યું. બીજા દેવતાઓએ ઇક્ષ્વાકુવંશના મુનિવરોનાં શરીરો ભક્તિથી બીજી શિબિકામાં અને બાકીના સર્વ મુનિઓનાં શરીરને ત્રીજી શિબિકામાં મૂક્યાં. કેટલાક તે અવસરે વાજિંત્રોને વગાડતા હતા. કેટલાક પુષ્પવૃષ્ટિ કરતા હતા, કેટલાક ઉચ્ચ સ્વરે ગીત ગાતા હતા અને કેટલાક નૃત્ય કરતા હતા. આ રીતે ઉત્સવ પ્રવર્ત્તી રહ્યો હતો, તે સમયે દેવોએ પૂર્વ નિર્મિત ચિતાઓમાં તે શરીરોને પધરાવ્યાં. એટલે અગ્નિકુમાર અને વાયુકુમાર દેવોએ તત્કાળ તે શરીરોને પ્રજ્વલિત કર્યાં. પછી મેઘકુમારોએ બાકી રહ્યાં છે અસ્થિઓ જેમાં એવા તે શરીરોને જળધારાથી ઠાર્યાં. એટલે સર્વ દેવતાઓએ પ્રભુનાં અને બીજા મુનિઓનાં દાંત અને અસ્થિ પોત-પોતાનાં વિમાનોમાં પૂજા કરવા માટે પોત-પોતાની યોગ્યતા પ્રમાણે ગ્રહણ કર્યાં, અને ઇન્દ્રોએ પ્રભુની દાઢોને ગ્રહણ કરી. કેટલાક શ્રાવકોએ માગણી કરવાથી દેવતાઓએ ત્રણ કુંડનો અગ્નિ તેઓને આપ્યો. ત્યારથી તે શ્રાવકો અગ્નિહોત્રી માહણ (બ્રાહ્મણ) કહેવાયા. કેટલાકોએ તે ચિતાની ભસ્મને ભક્તિથી વંદન કર્યાં, અને શરીરે લગાવી, તે કારણે ભસ્મથી શોભતા શરીરવાળા તેઓ તાપસો કહેવાયા.

### * સિંહનિષદ્યા પ્રાસાદની સ્થાપના :

ત્યારબાદ તે ચિતાસ્થાનમાં ત્રણ મોટાં સ્તૂપોને કરીને સર્વ ઈન્દ્રોએ નંદીશ્વર દ્વીપે જઈ હર્ષથી પ્રભુનાં નિર્વાણ કલ્યાણકને અનુલક્ષીને અષ્ટાન્હિક ઉત્સવ કર્યો. ત્યાંથી પોત-પોતાનાં સ્થાને આવી, તે સર્વે દેવો, હૃદયમાં પ્રભુનું સ્મરણ કરતા વિઘ્નની શાંતિને માટે ભગવંતનાં અસ્થિનું પૂજન કરવા લાગ્યા. અહીં ચિતાની નજીકની ભૂમિ પર ભરતરાજાએ વાર્ધકીરત્નની પાસે એક સુંદર પ્રાસાદ કરાવ્યો. ત્રણ કોશ ઊંચા અને એક યોજન લાંબા પહોળા તે પ્રાસાદને તોરણોથી મનોહર ચાર દ્વાર રચાવ્યાં. તે ચારે દ્વારની પાસે સ્વર્ગમંડપ જેવા મંડપો કર્યા. તેની અંદર પીઠિકા, દેવચ્છંદ અને વેદિકા બનાવ્યાં. તેમાં સુંદર પીઠિકા પર કમલાસન પર રહેલી અને આઠ પ્રાતિહાર્યસહિત રત્નમય ચાર શાશ્વત અર્હંતોની પ્રતિમાઓ ભરત નરેશ્વરે સ્થાપન કરી. અને દેવચ્છંદ ઉપર પોતપોતાનાં પ્રમાણ, લાંછન તથા વર્ણસહિત ચોવીસ પ્રભુની મણિરત્નમય પ્રતિમાઓ ભરાવી. ત્યાં પ્રત્યેક પ્રતિમાની ઉપર ભરતેશ્વરે ત્રણ છત્રો, ચામરો, ધ્વજાઓ તેમ જ તે પ્રભુની આરાધના કરનારા યક્ષો અને કિન્નરોને ત્યાં સ્થાપિત કર્યા. ત્યાર બાદ ત્યાં ભરતે પોતાના પૂર્વજોની, બંધુઓની, તેમ જ બ્રાહ્મી અને સુંદરીની તથા ભક્તિથી નમ્ર એવી પોતાની મૂર્તિને ભાવથી ત્યાં સ્થાપન કરી.

તે વિશાળ મંદિરની ચોમેર ભરતેશ્વરે ચૈત્યવૃક્ષો, કલ્પવૃક્ષો, સરોવરો, કૂવા, વાવડીઓ તથા ઊંચાં વિશ્રાંતિ સ્થાનો કરાવ્યાં. મૂલમંદિરની બહાર પ્રભુ શ્રી ઋષભદેવસ્વામીનો ઊંચો સ્તૂપ તેમણે કરાવ્યો. તેની આગળ પોતાના બંધુમુનિઓનાં તેમ જ અન્ય મુનિઓનાં મણિસમૂહમય સ્તૂપો તે અવસરે ભરતનરેશ્વરે કરાવ્યા. એની ચોમેર ભૂચર મનુષ્યોથી દુર્ભેદ્ય એવા લોખંડના દ્વારપાલો કર્યા અને ત્યાં ભરત ચક્રવર્તીની આજ્ઞાથી મંદિરની રક્ષાને માટે અધિષ્ઠાયક દેવતાઓ અધિષ્ઠિત થયા. આ પ્રમાણે સિંહનિષદ્યા પ્રાસાદને ત્યાં અષ્ટાપદ પર્વત પર વિધિપૂર્વક કરાવીને ભરતેશ્વરે તેમાં ઉત્સવપૂર્વક સાધુમુનિવરોના સમૂહની પાસે પ્રતિમાઓનો પ્રતિષ્ઠા સમારોહ કરાવ્યો. ત્યાર બાદ પવિત્ર તથા શ્વેત વસ્ત્રોને ધારણ કરીને ભરત રાજાએ મંદિરમાં પ્રવેશ કર્યો; અને ત્રણ વખત નિસીહી કહીને, મંદિરમાં પ્રભુની ત્રણ વાર પ્રદક્ષિણા કરી. મંદિરમાં રહેલ પ્રભુ પ્રતિમાઓનો ભરતેશ્વરે પવિત્ર એવા જલથી અભિષેક કર્યો. કોમળ વસ્ત્રોથી જાણે સૂર્યબિંબને તેજસ્વી કરતા હોય તેમ પ્રભુ પ્રતિમાઓનું ભરત મહારાજાએ અંગલૂંછણ કર્યું, ત્યાર બાદ સુગંધમય જાણે સુંદર જ્યોત્સ્ના સમૂહ હોય તેવા ચંદનથી ભરત નરેશ્વરે પ્રભુજીને પોતાના યશથી પૃથ્વીને વિલેપન કરતા હોય તેમ વિલેપન કર્યું. તેમ જ સુગંધી એવા વિવિધ પ્રકારનાં પુષ્પોથી તેમણે પ્રભુપૂજન કર્યું.

આ રીતે અંગપૂજા કર્યા બાદ ભરતેશ્વરે પ્રભુપ્રતિમા સમક્ષ જાણે કસ્તૂરીની વેલ કરતા હોય તેવી રીતે ધૂપ કર્યો. ત્યાર બાદ પ્રભુજીથી દૂર જઈને સન્મુખ રહેલા મણિપીઠ પર શુદ્ધ તાંદુલો-અક્ષતોથી અષ્ટમાંગલિકોને ભરતચક્રવર્તીએ આલેખ્યા અને ફળોનો સમૂહ ત્યાં તેમણે પ્રભુજી સમક્ષ મૂક્યો. ત્યાર બાદ ચોમેર રહેલા અજ્ઞાનરૂપ અંધકારના સમુદાયને પોતાના દીવાઓની ક્રાંતિથી જાણે અપહાર કરતા હોય તેવા મંગલદીવાની સાથે ભરતેશ્વરે ત્યાં આરતી ઉતારી.

ઉપરોક્ત દ્રવ્યપૂજા કર્યા બાદ ભક્તિના સમૂહથી જેની રોમરાજી ઉલ્લસિત થઈ છે, એવા પરમ શ્રદ્ધાળુ ભરત ચક્રવર્તીએ હર્ષાશ્રુરૂપ મોતી અને વાણીરૂપ સૂત્રથી ગૂંથેલા હારરૂપ પ્રભુસ્તુતિ આ પ્રમાણે કરી; 'હે ત્રણ જગતના આધાર ! ધર્મના ઉદ્ધારને ધારણ કરનારી અને સ્વર્ગ તથા નરકની સીમાસમાન

આ પૃથ્વીને ત્યજીને આપે દુર્ગમ એવા લોકાગ્રને પ્રાપ્ત કર્યો છે. જોકે આપ તો આ ત્રિલોકને એકદમ ત્યજીને ચાલ્યા ગયા છો, છતાં તે ત્રિલોક બળાત્કારે આપને સ્પષ્ટપણે પોતાનાં હૃદયમાં ધારી રાખશે. આપના ધ્યાનરૂપ દોરીને અવલંબીને રહેલા મારા જેવા આત્માઓ આપનાથી દૂર હોવા છતાં પણ આપની પાસે જ છે, તો પછી હે નાથ! 'અમને ત્યજીને આપ પહેલાં કેમ ચાલ્યા ગયા? અશરણ એવા અમને અહીં જ મૂકીને એકદમ આપ જેમ અહીંથી ચાલ્યા ગયા, તેમ અમે જ્યાં સુધી આપની પાસે ન પહોંચીએ, ત્યાં સુધી અમને ત્યજીને આપ અમારા ચિત્તમાંથી ચાલ્યા ન જતા.' આ પ્રમાણે ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીની સ્તુતિ કરીને તેમ જ નમ્રતાપૂર્વક ત્યાં બિરાજમાન અન્ય અરિહંત પ્રભુની નવીન ઉક્તિ તથા યુક્તિઓથી નમસ્કાર કરીને ભરતેશ્વરે સ્તવના કરી.

આ રીતે અષ્ટાપદ તીર્થ પર શ્રી ભરતેશ્વરે જિનમંદિર બંધાવ્યાં પછી, તેમણે વિચાર કર્યો કે, 'કાલના પ્રભાવથી જેઓનું સત્ત્વ ક્ષીણ થયું છે, એવા મનુષ્યો દ્વારા આ રત્નમય જિનપ્રાસાદની આશાતના ન થાઓ.' આમ જાણીને તેમણે તે પર્વતનાં શિખરોને તોડી નાખી, એક-એક યોજનના અંતે દંડરત્નથી આઠ પગથિયાઓ કર્યાં, ત્યારથી તે પર્વત 'અષ્ટાપદ'ના નામથી પ્રસિદ્ધ થયો. આ પ્રમાણે સઘળું કરીને ભગવાન શ્રી ઋષભદેવસ્વામીના નિર્વાણથી અતિશય દુઃખને ધારણ કરતા ભરતેશ્વર માત્ર દેહને લઈને, મન ત્યાં રાખી અષ્ટાપદ પર્વત પરથી નીચે ઊતર્યા. ભગવાનના નિર્વાણથી શોક કરતા લોકોએ મૂકેલાં આંસુથી રજરહિત થયેલી પૃથ્વીને લંઘતા રજોગુણરહિત ભરત મહારાજા ક્રમે વિનીતાનગરીમાં આવ્યા. રાજધાનીમાં તે સમયે ભરતેશ્વરનું ચિત્ત ગીતમાં કે મનોરમ કવિતારસમાં, સુંદર સ્ત્રીઓમાં કે વાવડીઓમાં લાગતું ન હતું. નંદનવનોમાં, પુત્ર-પરિવારમાં કે ચંદનમાં તેમને આનંદ થતો ન હતો. મનોહર હારમાં કે આહાર-પાણીમાં પણ પિતાશ્રી ઋષભદેવસ્વામીના નિર્વાણથી ભરતેશ્વરને આનંદ ઊપજતો ન હતો. તેમનું ચિત્ત હંમેશાં ઉદ્વેગ પામતું હતું. બેસતાં, સૂતાં, ચાલતાં તેમ જ સમગ્ર કાર્યમાં પોતાના ચિત્તમાં કેવળ પ્રભુનું જ ધ્યાન ધરતા.

ભગવાન ઋષભદેવસ્વામી, ભરતરાજર્ષિ આદિનાં નિર્વાણસ્થાન શ્રી અષ્ટાપદતીર્થનો મહિમા અપાર છે. શુભ ભાવનાવાળો પ્રાણી અષ્ટાપદતીર્થ પર આઠ કર્મોને ભેદી, અષ્ટપ્રકારની શુભ સિદ્ધિઓને પ્રાપ્ત કરી, પરમપદને પ્રાપ્ત કરે છે. અષ્ટાપદ તીર્થ પર બિરાજમાન આઠ પ્રાતિહાર્ય સહિત શ્રી જિનેશ્વરદેવને અષ્ટપ્રકારી પૂજાથી જો પૂજ્યા હોય, તો ભવ્ય આત્મા, આઠ કર્મોના ક્ષયથી આઠ ગુણોના સ્થાનને પ્રાપ્ત કરે છે. આ ગિરિ પર ઉત્તમ હૃદયવાળો પ્રાણી પ્રસન્ન વદને શુભ ભાવનાથી વાસિત બની ઉત્કૃષ્ટ તપને આચરનારો થાય, તો તે સંસારના કષ્ટથી મુક્ત બને છે. પવિત્ર ભાવનાવાળો જે પ્રાણી, આ અષ્ટાપદતીર્થની યાત્રા કરે છે, તે ત્રણ ભવ અથવા સાત ભવમાં શિવમંદિરને પ્રાપ્ત કરે છે. ખરેખર શાશ્વત જિનમંદિરની ઉપમા જેવા પુણ્યરાશિ, ઉજ્જવલ મહાતીર્થ શ્રી અષ્ટાપદ ગિરિરાજ ત્રણેય ભુવનોને સારી રીતે પવિત્ર કરે છે.

# 14

# ।। श्री अष्टापदकल्पः ।।

**પ્રસ્તાવના :**

**પૂ. ધર્મઘોષસૂરિ કૃત વિવિધતીર્થકલ્પમાં વિવિધ વિષયક કલ્પ આપવામાં આવ્યા છે જેના અષ્ટાપદકલ્પમાં અષ્ટાપદની સ્તુતિ કરવામાં આવી છે. અત્રે મૂળ શ્લોકો તથા આ. સૂશીલસૂરિ કૃત ભાષાંતર દર્શાવવામાં આવ્યું છે.**

**वरधर्मकीर्ति ऋषभो विद्यानन्दाश्रिताः पवित्रितवान्।**
**देवेन्द्रवन्दितो यः, स जयत्यष्टापदगिरीशः ।।१।।**

**अर्थ** - श्रेष्ठ धर्म कीर्ति युक्त, सत् ज्ञान आनंद सहित तथा देवेन्द्रों से वन्दित एवं श्री ऋषभदेव भगवान् से पवित्र हुआ है; ऐसा अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (१)

**શ્રેષ્ઠ ધર્મ કીર્તિ યુક્ત, સત્ જ્ઞાન આનંદ સહિત તથા દેવેન્દ્રોથી વંદિત એવા શ્રી આદિનાથ પ્રભુએ જેને પાવન કરેલ છે, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૧.**

**यस्मिन्नष्टापदऽभूदष्टापदमुख्यदोषलक्षहरः।**
**अष्टापदाभ ऋषभः स जयत्यष्टापदगिरीशः।।२।।**

**अर्थ** - जिस अष्टापद पर्वत पर द्यूत प्रमुख लाख दोषों को हरनेवाले तथा स्वर्ण-सुवर्ण सदृश कान्तिवाले श्री ऋषभदेव भगवान् ने निर्वाण (मोक्ष) प्राप्त किया है; वह श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (२)

**જે અષ્ટાપદ પર્વત પર દ્યૂત (જુગાર) પ્રમુખ લાખો દોષોને હરનાર તથા સુવર્ણ સદૃશ કાંતિવાળા શ્રી ઋષભદેવ ભગવાન થયા છે, (નિર્વાણ પામ્યા છે) તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૨**

**ऋषभसुता नवनवतिर्बाहुबलिप्रभृतयः प्रवरयतयः।**
**यस्मिन्नभजन्नमृतं स जयत्यष्टापदगिरीशः।।३।।**

**अर्थ** - मुनियों में श्रेष्ठ ऐसे श्री ऋषभदेव भगवान् के बाहुबली इत्यादि ९९ पुत्रों ने जहाँ पर अक्षय सुख प्राप्त किया है; ऐसा श्री अष्टापद पर्वत जयवन्ता वर्त्तता है। (३)

**મુનિઓને વિષે શ્રેષ્ઠ એવા શ્રી ઋષભદેવ પ્રભુના બાહુબલી પ્રમુખ ૯૯ પુત્રો જ્યાં અક્ષય સુખને પામ્યા છે, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૩**

---

Ashtapadkalp Vol. II Ch. 10-A, Pg. 084-092, 516-522

**अयुजुर्निवृतियोगं, वियोगभीरव इव प्रभोः समकम्।**
**यत्रर्षिदशसहस्राः, स जयत्यष्टापदगिरीशः।।४।।**

**अर्थ** - मानों प्रभु के वियोग से भय पाये हों, ऐसे प्रभु के साथ ही दस हजार मुनिवरों ने जहाँ पर मोक्षपद प्राप्त किया है; यह अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (४)

**જાણે પ્રભુના વિયોગથી ભય પામ્યા હોય તેમ પ્રભુની સાથે જ દશ હજાર મુનિવરો જયાં મોક્ષપદને પામ્યા છે, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૪**

**यत्राष्ट पुत्र-पुत्रा युगपद्, वृषभेण नवनवति पुत्राः।**
**समयैकेन शिवमगुः, स जयत्यष्टापदगिरीशः।।५।।**

**अर्थ** - जहाँ पर श्री ऋषभदेव भगवान् के साथ एक ही समय में उनके ९९ पुत्रों तथा आठ पौत्रों ने शिवसुख प्राप्त किया है, ऐसा अष्टापद पर्वत जयवन्ता वर्त्तता है। (५)

**જયાં ઋષભદેવ પ્રભુની સાથે એકજ સમયે તેમના પુત્રો ૯૯ અને આઠ પૌત્રો સમકાળે શિવસુખને પામ્યા છે, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૫**

**रत्नत्रयमिव मूर्त्तं स्तूपत्रितयं चितित्रय-स्थाने।**
**यत्रास्थापयदिन्द्रः स जयत्यष्टापदगिरीशः।।६।।**

**अर्थ** - श्री तीर्थंकर भगवन्त की, गणधर महाराज की तथा मुनिवरों की इस तरह चिता के स्थान पर जाने साक्षात् रत्नत्रयी ही हो ऐसे तीन स्तूप जहाँ पर इन्द्र महाराजा ने स्थापित किये हैं, ऐसा अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (६)

**તીર્થંકરની, ગણધરની અને શેષ મુનિજનોની - એમ ત્રણ ચિતાને સ્થાને જાણે સાક્ષાત્ રત્નત્રયી જ હોય તેવા ત્રણ સ્તૂપો જયાં ઇન્દ્રે સ્થાપન કર્યા (રચ્યા) છે, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૬**

**सिद्धायतनप्रतिमं सिंहनिषद्येति यत्र सुचतुर्द्धाः।**
**भरतोऽच्चयचैत्यं स जयत्यष्टापदगिरीशः।।७।।**

**अर्थ** - सिद्धायतन जैसा सिंहनिषद्या नामक चार द्वार वाला सुशोभित, ऐसा भव्य जिन चैत्य-मन्दिर भरत चक्री ने जहाँ पर निर्माण कराया-बनाया है, वह अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (७)

**શાશ્વત જિન મંદિર (સિદ્ધાયતન) જેવું સિંહનિષદ્યા નામનું સુશોભિત ચાર દ્વારવાળું જિન ચૈત્ય જ્યાં ભરતે નિર્માણ કરાવ્યું, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૭**

**यत्र विराजितं चैत्यं, योजनदीर्घं तदर्धपृथुमानम्।**
**क्रोशत्रयोच्चमुच्चैः, स जयत्यष्टापदगिरीशः।।८।।**

**अर्थ** - एक योजन लम्बा, उस से आधा योजन चौड़ा तथा तीन कोश ऊँचा, ऐसा जिन चैत्य-मन्दिर ऊँचे प्रकार से दैदीप्यमान करता विराजमान है, वह श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (८)

**એક યોજન લાંબું તેથી અર્ધું પહોળું અને ત્રણ કોશ ઊંચું એવું જિનચૈત્ય જ્યાં ઊંચે પ્રકારે (ઝળઝળાટ કરતું) વિરાજે છે, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૮**

**यत्र भ्रातृप्रतिमा व्यधाच्चतुर्विंशति जिनप्रतिमाः।**
**भरतः सात्मप्रतिमाः, स जयत्यष्टापदगिरीशः।।९।।**

**अर्थ** - जहाँ पर भरतचक्रवर्ती ने अपनी प्रतिमा युक्त अपने ९९ बन्धुओं की प्रतिमा तथा (श्री ऋषभ से लेकर श्री महावीर तक) चौबीसों तीर्थंकर भगवन्तों की प्रतिमाओं का निर्माण करवाया, वह श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (९)

**જ્યાં ભરત ચક્રીએ પોતાની પ્રતિમા સહિત પોતાના ૯૯ ભાઈઓની પ્રતિમાઓ અને ચોવીસ તીર્થંકરની પ્રતિમાઓ નિર્માણ કરાવી, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૯**

**स्वस्वाकृतिमितिवर्णाङ्क वर्णितान् वर्त्तमानजिनबिम्बान्।**
**भरतो वर्णितवानिह-स जयत्यष्टापदगिरीशः।।१०।।**

**अर्थ** - अपनी-अपनी आकृति प्रमाण, वर्ण और लाञ्छन युक्त वर्तमानकालीन २४ जिनेश्वरों के बिम्ब, जहाँ पर सिंहनिषद्या नामक चैत्य-मन्दिर में श्री भरतचक्रवर्त्ती महाराजा ने स्थापित किये हैं, वह श्री अष्टापदगिरिराज जयवन्ता वर्त्तता है। (१०)

**પોતપોતાની આકૃતિ (શરીર) પ્રમાણ, વર્ણ અને લાંછન સંયુક્ત વર્તમાન ૨૪ જિનેશ્વરોનાં બિંબો જ્યાં (સિંહનિષદ્યા નામના ચૈત્યમાં) ભરત ચક્રીએ પધરાવ્યાં, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૧૦.**

**सप्रतिमान्नवनवतिं, बन्धुस्तूपांस्तनार्हत स्तूपम्।**
**यत्रारचयचक्री, स जयत्यष्टापदगिरीशः।।११।।**

**अर्थ** - जहाँ पर मूर्ति-प्रतिमा युक्त 99 बन्धुओं के ९९ स्तूप तथा प्रभु का एक स्तूप श्री भरतचक्रवर्ती ने निर्माण किया है अर्थात् बनाया है, वह श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (११)

**જ્યાં પ્રતિમા સહિત ૯૯ બંધુઓના ૯૯ સ્તૂપો તથા એક પ્રભુનો સ્તૂપ ભરત ચક્રીએ નિર્માણ કર્યો, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૧૧**

**भरतेन मोहसिंहं, हन्तुमिवाष्टपदः कृताष्टापदः।**
**शुशुभेऽष्टयो जनो यः, स जयत्यष्टापदगिरीशः।।१२।।**

**अर्थ** - मोहरूपी सिंह को मारने के लिये समर्थ अष्टापद जैसे जिनके योजन प्रमाण आठ सोपान-पगथिया श्री भरत चक्रवर्त्ती ने करवाये हैं, बनवाये हैं। इसलिये वह अष्ट-आठ योजन ऊँचा सुशोभित होता है। ऐसा श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (१२)

**મોહરૂપ સિંહને હણવાને સમર્થ અષ્ટાપદ (આઠ પગવાળા જાનવર) જેવા જેના (યોજન-યોજન પ્રમાણ) આઠ પગથિયાં ભરતે કરાવ્યાં, તેથી જે આઠ યોજન ઊંચો શોભે છે, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૧૨**

**यस्मिन्ननेककोटयो, महर्षयो भरतचक्रवर्त्योद्याः।**
**सिद्धिं साधितवन्तः, स जयत्यष्टापदगिरीशः।।१३।।**

**अर्थ** - श्री भरत चक्रवर्त्ती इत्यादि अनेक कोटि मुनिवरों ने जहाँ पर सिद्धिपद प्राप्त किया है; ऐसा श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (१३)

**ભરતચક્રી પ્રમુખ અનેક કોટી મુનિવરો જયાં સિદ્ધિપદને વર્યા, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૧૩**

**सगरसुताग्रे सर्वार्थ,-शिवगतान् भरतवंशराजर्षीन्।**
**यत्र सुबुद्धिरकथयत्, स जयत्यष्टापदगिरीशः।।१४।।**

**अर्थ** - जहाँ पर अनशन कर सर्वार्थसिद्ध नामक विमान में तथा मोक्ष में गये हुए श्री भरत चक्रवर्त्ती के वंश के असंख्य राजर्षियों की बात सुबुद्धि नामक प्रधान ने सगरचक्रवर्ती के पुत्रों को कही है, ऐसा श्री अष्टापदगिरिराज जयवन्ता वर्त्तता है। (१४)

**જ્યાં અનશન કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં અને મોક્ષમાં ગયેલા ભરતવંશના (અસંખ્ય) રાજર્ષિઓની વાત સુબુદ્ધિ પ્રધાને સગરચક્રીના પુત્રોને કહી, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૧૪**

**परिखासागरमकरन्त, सागराः सागरशया यत्र।**
**परितो रक्षति कृतये, स जयत्यष्टापदगिरीशः।।१५।।**

**अर्थ** - सागर जैसे गम्भीर आशय वाले, उन सगरचक्रवर्त्ती के पुत्रों ने गिरि की रक्षा करने के लिये गिरि के चारों तरफ सागर-समुद्र के जैसी गहरी और विशाल खाई जहाँ पर बनाई है। ऐसा श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (१५)

**(તેથી) સાગર જેવા ગંભીર આશયવાળા તે સગરચક્રીના પુત્રોએ જે ગિરિની ચોમેર (ફરતી) રક્ષા કરવા માટે સાગરના જેવી (ઊંડી અને વિશાળ) ખાઈ નીપજાવી, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૧૫**

**क्षालयितुमिव स्वैनो, जैनो यो गङ्गयाश्रितः परितः।**
**सन्ततमुल्लोलकरैः, स जयत्यष्टापदगिरीशः ।।१६।।**

**अर्थ** - सर्वदा ऊँचे प्रकारे नाचते चपल तरंगोंरूपी अपने सुशोभित हस्तों द्वारा अपना पाप प्रक्षालन करने की अभिलाषा वाली ऐसी गंगा नदी ने श्री जिनेश्वर सम्बन्धी जो गिरिराज का चारों तरफ से आश्रय किया है; ऐसा श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (१६)

**સદા ઊંચા પ્રકારે નાચતા ચપળ તંરગો રૂપી પોતાના સુશોભિત હસ્તો વડે જાણે પોતાનું પાપ પ્રક્ષાલન કરવા ઇચ્છતી હોય તેવી ગંગાનદીએ શ્રી જિનેશ્વર સંબંધી જે ગિરિરાજનો ચોમેરથી આશ્રય કર્યો, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૧૬**

**यत्र जिनतिलकदानाद्, दमयन्त्याऽऽपे कृतानुरूपफलम्।**
**भाल स्वभाव तिलकं, स जयत्यष्टापदगिरीशः।।१७।।**

**अर्थ** - जहाँ पर चौबीस जिनेश्वरों को मणिमय तिलक चढ़ाने से दमयन्ती ने उसके यथार्थ फलरूप खुद अपने ही भाल-ललाट में अकृत्रिम स्वाभाविक तिलक प्राप्त किया है अर्थात् उस दमयन्ती का कपाल सूर्य के समान तेजस्वी बना। ऐसा श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (१७)

**જ્યાં (ચોવીસે) જિનેશ્વરને (મણિમય) તિલક ચડાવવાથી દમયંતી તેના યથાર્થ ફળ તરીકે પોતાના જ લલાટમાં અકૃત્રિમ-સ્વાભાવિક તિલકને પામી. મતલબ કે તેણીનું કપાળ જ સૂર્ય જેવું પ્રકાશમાન થયું, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૧૭**

**यमकूपारे कोपात्क्षिपन्नलं वालिनांऽह्रिणाऽऽकम्य।**
**आरावि रावणोऽरं, स जयत्यष्टापदगिरीशः ।।१८।।**

**अर्थ** - जिस पर्वत को कोप से सागर-समुद्र में फेंकने की अभिलाषा वाले रावण को बाली नामक मुनि ने अपने पाँव (पग) द्वारा पर्वत को दबाकर तत्काल रुलाया था। ऐसा श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (१८)

**જે ગિરિને કોપથી સમુદ્રમાં ફેંકી દેવા ઇચ્છતા રાવણને વાલી નામના મુનિએ પોતાના પાદ વડે (પર્વતને) દબાવીને તત્કાળ રોવરાવ્યો, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૧૮**

**भुजतन्त्रया जिनमहकृल्लं ङ्केन्द्रोऽवाप यत्र धरणेन्द्रात्।**
**विजया मोघां शक्तिं, स जयत्यष्टापदगिरीशः ।।१९।।**

**अर्थ** - टूटे हुए वीणा के तार भुजा की नस से बाँध कर वीणा द्वारा जिनेश्वर भगवान् की भक्ति करते हुए रावण ने जहाँ धरणेन्द्र के पास से अमोघ विजया नाम की शक्ति प्राप्त की थी। ऐसा श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (१९)

(प्रभु के सम्मुख रानी मन्दोदरी सहित संगीतमय सुन्दर भक्ति करने वाले राजा रावण ने तीर्थंकर गोत्र का बंध इसी अष्टापद तीर्थ पर किया था।) (१९)

**ભુજાની નસથી ત્રુટેલી તાંત બાંધેલી વીણા વડે પ્રભુની ભક્તિ કરતો રાવણ જ્યાં ધરણેન્દ્ર પાસેથી વિજય આપનારી અમોઘ વિજયાશક્તિને પામ્યો, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૧૯**

**પ્રભુની સન્મુખ રાણી મંદોદરી સાથે સંગીતમય સુંદર ભક્તિ કરનારા રાજા રાવણે તીર્થંકર ગોત્રનો બંધ આ અષ્ટાપદતીર્થ પર કર્યો હતો.**

**यत्रारिमपि वसन्तं, तीर्थे प्रहरन् सुखेचरोऽपि स्यात्।**
**वसुदेवमिवाविद्यः, स जयत्यष्टापदगिरीशः ।।२०।।**

**अर्थ** - इस तीर्थ पर रहते हुए शत्रु पर प्रहार करते विद्याधर भी वसुदेव की तरह विद्याहीन हो जाता है। ऐसा यह श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (२०)

**વસુદેવની જેમ જે તીર્થ પર વસતા શત્રુ પર પ્રહાર કરતો વિદ્યાધર પણ વિદ્યાહીન થઈ જાય છે, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૨૦.**

**अचलेऽत्रोदयमचलं, स्वशक्तिवन्दितजिनो जनो लभते।**
**वीरोऽवर्णयदिति यं, स जयत्यष्टापदगिरीशः ।।२१।।**

**अर्थ** - अचल उदयवाले इस गिरिवर पर आकर जो भव्यात्मा निज शक्ति द्वारा जिनेश्वरों को वन्दन-नमस्कार करता है, वह इस भव में ही अवश्यमेव अचल मोक्ष को प्राप्त करता है। इस तरह श्री वीर भगवान् ने जिसकी प्रशंसा की है, ऐसा श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (२१)

**સ્વશક્તિ વડે આ ગિરિવર ઉપર આવીને જે જિનોને વાંદે, તે અવશ્ય અચળ ઉદય (મોક્ષ) ને પામે, એવી રીતે શ્રી વીરે જેને વખાણ્યો છે, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૨૧**

**चतुरश्चतुरोऽष्ट, दश द्वौ चापाच्यादिदिक्षु जिनबिम्बान्।**
**यत्रावन्दत गुणभृत, स जयत्यष्टापदगिरीशः ।।२२।।**

**अर्थ** – दक्षिणादिक चारों दिशाओं में स्थापित किये हुए चार, आठ, दस और दो मिलकर चौबीस जिनबिम्बों को चतुर गणधर श्री गौतम स्वामी ने जहाँ आकर वन्दना की है, ऐसा श्री अष्टापद जयवन्ता वर्त्तता है। (२२)

**દક્ષિણાદિક ચારે દિશાઓમાં સ્થાપેલા ૪-૮-૧૦ અને ૨ મળીને ચોવીસે જિનબિંબોને ચતુર ગણધર શ્રી ગૌતમસ્વામીએ જયાં વંદના કરી છે, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૨૨**

**प्रभुभणितपुण्डरीका, ध्यानाध्ययनात् सुरोऽत्र दशमोऽभूत्।**
**दशपूर्विपुण्डरीकः, स जयत्यष्टापदगिरीशः ।।२३।।**

**अर्थ** – जिस पर्वतर पर श्री गौतम स्वामी द्वारा उपदेश किये हुए पुण्डरीक अध्ययन का पठन करने से तिर्यक्जृंभकदेव दशपूर्वधर में प्रधान ऐसे दसवें पट्टधर श्री वज्रस्वामी नामवाले हुए। ऐसा श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (२३)

**જે પર્વત ઉપર ગૌતમસ્વામીએ ઉપદેશેલ પુંડરીક અધ્યયનનું પઠન કરવાથી (સાંભળવાથી) તિર્યકજૃંભકદેવ દશપૂર્વધરમાં પ્રધાન એવા દશમા પટ્ટધર (વજસ્વામી નામે) થયા, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૨૩**

**यत्र स्तुतजिननाथो दीक्षित तापस शतानि पञ्चदश।**
**श्रीगौतमगणनाथः, स जयत्यष्टापदगिरीशः ।।२४।।**

**अर्थ** – जिसने जिनेश्वर देवों की स्तुति की है, ऐसे श्री गौतम गणाधिप ने जहाँ पन्द्रह सौ (१५००) तापसों को दीक्षा दी है; ऐसा श्री अष्टापद गिरिराज जयवन्ता वर्त्तता है। (२४)

**જેમણે જિનેશ્વર પ્રભુને સ્તવ્યા છે, એવા શ્રી ગૌતમ ગણાધિપે જયાં પંદરસો તાપસોને દીક્ષા આપી, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૨૪**

**इत्यष्टापदपर्वत इव, योऽष्टापदमयश्चिरस्थायी।**
**व्यावर्णि महातीर्थं, स जयत्यष्टापदगिरीशः ।।२५।।**

**अर्थ** – आठ सोपान (सीढ़ियों) वाले और चिरकाल स्थायी रहनेवाले श्री अष्टापद पर्वत का जैसा वर्णन सर्वज्ञ प्रभु ने किया है, ऐसा श्री अष्टापद गिरिराज और श्री अष्टापदगिरि नायक श्री ऋषभदेव-आदिनाथ भगवान् जयवन्ता वर्त्तते हैं। (२५)

**આઠ પગથિયાંવાળા અને ચિરકાળ સ્થાયી રહેવાવાળા શ્રી અષ્ટાપદ પર્વતની જેવા સુવર્ણમય અને નિશ્ચલ વૃત્તિવાળા જે સર્વજ્ઞ પ્રભુએ આ મહાતીર્થનું વર્ણન કર્યું છે, તે શ્રી અષ્ટાપદગિરિ અથવા અષ્ટાપદ ગિરિના નાયક શ્રી આદિ દેવપ્રભુ જયવંત વર્તે છે. ૨૫**

**।। इतिश्री अष्टापदकल्पः ।।**

# 15

# ।। अष्टापदगिरिकल्प ।।

**प्रास्ताविक :**

श्री जिनप्रभसूरि कृत विविध तीर्थकल्प ग्रन्थ का ऐतिहासिक और भौगोलिक महत्त्व है। इसमें १४वीं शताब्दी में विद्यमान जैन धर्म के प्रमुख तीर्थों का विवरण किया गया है। यहाँ अष्टापदगिरिकल्प का मूलपाठ और उसका भाषान्तर दिया है। जिसमें सिंहनिषद्या प्रासाद का अद्भूत वर्णन किया गया है।

**अट्ठावयदेहपहं भवकरिअट्ठावयं नमिय उसहं। अट्ठावयस्स गिरिणो जंपेमि समासओं कप्पं।।१।।**

अत्थि इहेव जंबुद्दीवे दीवे भारहे वासे दक्षि (क्खि) णभरहद्धमज्झे नवजोअणवित्थिन्ना बारसजोअणदीहा अउज्झा नाम नयरी। सा य सिरिउसभ-अजिअ-अभिनंदण-सुमइ-अणंताइ जिणाणं जम्मभूमी। तीसे अ उत्तरदिसाभाए बारसजोअणेसुं अट्ठावओ नाम केलासापराभिहाणो रम्भो नगवरो अट्ठजोअणुच्चो सच्छ फालिहसिलामओं, इत्तुच्चिअ लोगे धवलगिरित्ति पसिद्धो। अज्जावि अउज्झापरिसरवत्तिउड्डयकूडोवरि ठिएहिं निम्मले नहयले धवला सिहरपरंपरा तस्स दीसइ। सो पुण महासरोवरघण सरसपायवनिज्झरवारिपूरकलिओ परिपाससं- चरंतजलहरो मत्तमोराइविहगकुलकलयलमुहलो किंनरखेअररमणीरमणिज्जो चेइअवंदणत्थमागच्छंत चारणसमणाइलोगो आलोअमित्तेणं पि खुहापिवासावहरणो आसन्नवत्तिमाणससरोवरविराइओ अ। एअस्स उवच्चयासुं साकेअवासिणो। जणा नाणाविहकीलाहिं कीलंति म्ह। तस्सेव य सिहरे उसभसामी चउदसमभत्तेणं पज़्जंकासणट्ठिओ अणगाराणां दसहिं सहस्सेहिं समं माहबहुलतेरसीए, अभीइरिक्खे पुण्हे निव्वाणमणुपत्तो। तत्थ सामिणो देहं सक्कारियं सक्काइएहिं। पुव्वदिसाए सामिणो चिया, दक्खिणदिसाए इक्खागुवंसीणं, पच्छिमदिसाए सेससाहूणं। तम्मि चियाठाणतिगे देवेहिं थूभतिगं कयं। भरहचक्कट्टिणा य सामिसक्कारासन्नभूयले जोअणायामो तदद्धपिहुलो तिगाउअसमूसिओ सिंहनिसिज्जा नामधिज्जो पासाओ रयणोवलेहिं वड्ढइरयणेण कारिओ। तस्स चतारि दुवाराणि फाहिमयाणि। पइदारं उमओ पासेसुं सोलस रयणचंदणकलसा। पइदारं सोलस रयणमया तोरणा। दारे दारे सोलस अट्ठमंगलाइं। तेसु दुवारेसु चत्तारि विसाला मुहमंडवा। तेसिं मुहमंडवाणं पुरओ चत्तारि पेक्खामंडवा। तेसिं पेक्खामंडवाणं मज्झभागेसु वइरामया अक्खवाडा। अक्खाडे अक्खाडे मज्झभागे रयणसिंहासणं। पत्तेअं पेक्खामंडवग्गे मणिपीढिआओ। तदुवरि रयणमया चेहअथूभा। तेसिं चेइअथूभाणं पुरओ पत्तेअं पइदिसं महइमहालिआ मणिपीढिआ। तदुवरि पत्तेअं चेइअपायवा। पंचसयधणुप्पमाणाओ चेइयथूभसंमुहीओ सव्वंगरयणनिम्मिआ उसमा वद्धमाणा चंदाणणा वारिसेणा नामिगाओ। पलिअंकासणनिसण्णाओं मणोहराओं सासयणजिणपडिमाओं नंदीसरदीवचेइअमज्झे व हुत्था। तेसिं च चेइअथूभाणं पुरओ पत्तेअं चेइअपायवा। तेंसि चेइअपायवाणं पुरओ पत्तेअं मणिपीढिआओं; तासिं च उवरि पत्तेअं इंदज्झओ। इंदज्झयाणं पुरओ पत्तेअं

Ashtapadgirikalp Vol. II Ch. 9-B, Pg. 423-425

नंदापुक्खरिणी त्ति सोवाणा सतोरणा सच्छसीअलजला पुण्णा विचित्तकमलसालिणी मणोहरा दहिमुहाधारपुक्खरिणीनिभा। सीहनिसिज्जामहाचेइअमज्झभागे महइमहालिआ मणिपीढिआ। तीए उवरि चित्तयरणमओ देवच्छंदओ। तदुवरि नाणावण्णंसुगमओ उल्लोओ। उल्लोअस्स अंतरे पासओ अ वइरामया अंकुसा। तेसु अंकुसेसु ओलंबिया कुंभमिज्जआमलगथूलमुत्ताहलमया हारा। हारपंतेसु अ विमलाओं मणिमालिआओं। मणिमालिआणं पंतेसु वइरमालिआओं। चेइअभित्तीसु विचित्तमणिमया गवक्खा डज्झमाणागरू धूमसमूहवमालिआ। तम्मि देवच्छंदे रयणमईओं उसभाइचउवीसजिणपडिमाओं निअनिअसंठाण-माण-वण्णघराओ कारियाओ भरहचक्किणा। तत्थ सोलस पडिमाओ!-उसमा-अजिअ-संभव-अभिनंदण-सुमइ-सुपास-सीअल-सिज्जंस-विमल-अणंत-धम्म-संति-कुंथु-अर-नमि-महावीराणां सुवण्णमईओ। मुणिसुव्यय-नेमीणं रायावट्टमईओ। चंदप्पह-सुविहीणं फलिहमईओ। मल्लि-पासनाहाणं वेरूलिअमईओ। पउमप्पह-वासुपुज्जाणं पउमरायमईओ। तासिं च सव्वासिं पडिमाणं लोहिअक्खपडिसेगा, अंकरयणमया नहा। पडिसेगो नाम नहपज्जंतेसु जावयरसु व लोहिअक्खमणिरससेगो जं दिज्जइ। नाही-केसंतभूमी-जीहा-तालु-सिरीवच्छ-चूचुग-हत्थ-पायतलानि तवणिज्जमयाणि। नयणपम्हाणि, कणीणिगाओ, मंसू, भमुहाओ, रोमाणि, सिरकेसा रिट्ठरयणमया। उट्ठा विद्रुममया। फालिहमया दंता। वयरमईओ सीसघडीओ। अंतो लोहिअक्खपडिसेगाओ, सुवण्णमईओ नासिआओ। लोहिअक्खपडिसेगपंताई अंकमयाइं लोअणाइं। तासिं च पडिमाणं पिट्ठे पत्तेअं इक्किक्का रयणमई मुत्ता-पवाल-जाल-कंस-कोरण्ट-मल्लदामं फालिहमणिदंडं सिआयवत्तं धारिंती छत्तहरपडिमा। तासिं च उभयपासे पत्तेअं उक्खित्तमणिचाम- राओ रयणमईओ चमरधारपडिमाओ। पडिमाणं च अग्गे पत्तेअं दो दो नागपडिमाओ, दो दो जकखपडिमाओ, दो दो भूअपडिमाओ, दो दो कुंडधारपडिमाओ कयंजलीओ रयणमईओ सव्वंगुज्जलाओ पज्जुवासिंति। तहा देवच्छंदे चउवीसं रयणघंटाओ, चउव्वीसं माणिक्कदप्पणा, तहेव ठाणट्ठिअदीविआओ सुवण्णमईओ; तहा रयणकरंडगाइं, पुप्फचंगे-रिआओ, लोमहत्थाइं, पडलीओ, आमरणकरंडगाइं, कणगमयाणि, धूवदहणाणि, आरत्तिआणि, रयणमंगलदीवा, रयणभिंगारा, रयणत्थालाणि, तवणिज्जपडिग्गहा, रयणचंदणकलसा, रयणसिंहसणाणि, रयणमयाणि अट्ठमंगलाण, सुवण्णमया तिल्लसमुग्गया, कणगमयाणि धूवभंडाणि, सुवण्णमया उप्पलहत्थगा। एअं सव्वं पत्तेअं पडिमाणं पुरओ हुत्था। तं चेइअं चंदकंतसालसोहिअं, ईहामिग-उसभ-मगर-तुरंगम-नर-किंनर-विहग-वाल-रूरू-सरभ-चमर-गय-वणलयाविचित्तं रयणथं-भसमाउलं, पडागारमणिज्जं, कंचणधयदंडमंडिअं, ओअट्ठिअकिंकिणीसद्दमुहलं उवरि पउमरायकलसविराइअं गोसीस चंदणरसपायस (!) लंछिअं। माणिक्कसालभंजिआहिं विचितचिट्ठाहं अहिट्ठिअनिअंबं, बारदेसमुत्तओ चंदणरसलि-भयकलसजुअलंकिअं, तिरियं बद्धोलंबिअधूवियसुरहिदामरम्मं, पंचवण्णकुसुमरइयघरतलं, कप्पूरागरूमिगमयघूवघूमं धारियं, अच्छरगणसंकिण्णं., विज्जाहरीपरिअरिअं, अग्गओ पासओ पच्छा य चारूचेइअपायवेहिं मणिपीढिआहिं च विभूसिअं भरहस्स आणाए जहाविहि वड्ढइरयणेण निप्पाइअं। तत्थेव दिव्वरयमणसिलामाईओ नवनवइमाऊणं पडिमाओ कारिआओ, अप्पणो अ पडिमा सुस्सूसमाणा करिआ। चेइआओ बाहिं एगं भगवंतस्स उसभसामिणो थूभं, एगूणं च सयं भाउगाणं थूमं कारविंसु। इत्थं गमणागमणेणं नरा पुरिसा मा आसायणं काहिंति ति लोहजंतमया अरक्खगपुरसा कारिआ। तेण तं अगम्मं जायं। गिरिणो अ दंता दंडरयणेणं छिन्ना। अओ सो गिरि अणारो-हणिज्जो जाओ। जोअणंतराणि अ अट्ठपयाणि मेहलारूवाणि माणुसअलंघणिज्जाणि कारिआणि। अओ चेव अट्ठावओ त्तिनामं पसिद्धं।

तओ कालक्कमेण चेइअरक्खणत्थं सट्ठिसाहस्सीए सगर चक्कवट्टिपुत्ताणं दंडरयणेण पुढविं खणिता बोले(!) सहस्सजोअणा परिहा कया, दंडरयणेण गंगातड विदारिता जलेणं पूरिआ। तओ गंगा खाइअं पूरित्ता, अट्ठावयासण्णगा-मनगरपुराइअं पलावेउं पउत्ता। पुणो दंडरयणे आयड्ढिअ कुरूणं मज्झे, हत्थिणाउरं दक्खिणेण,

कोसलदेसं पच्छिमेण, पयागं उत्तरेण, कासिदेसस्स दक्खिणेणं, वज्झमज्झे दक्खिणेणं, मगहाणं उत्तरेणं, मग्गनईओ कट्टंती सगराइट्ठेण जण्हुपुत्तेणं भगीरहकुमारेणं पुव्वसमुद्दमोआरिआ। तप्पभिइ गंगासागरतित्थं जायं।

इत्थेव य पव्वए अट्ठ उसभसामिणो नत्तुआ, नवनउई वालु-वलिप्पमुहा पुत्ता य सामिण सद्धिं, एवं अट्ठुतरसयं एगसमएण उक्कोसोगाहणाए अच्छेरयमूआ सिद्धाट्ठु।

इत्थ पव्वए ससत्तीए आरोढुं जो मणुओ चेइयाइं वंदए सो मुक्खं इहेव भवे पाउणइ त्ति सिरिवद्धमाण सामिणा सयं वण्णिओ एसो। तं सोउं भयवं गोअमसामी लद्धिनिही इमं नगवरमारूढो। चेइआइं वंदित्ता असोगतरूतले वेसमणस्स पुरओ साहूणं तवकिसिअंगत्तणं वक्खाणंतो सयं च उवचिअसरीरो वेसमणस्स- 'अहो ! अन्नहावाई-कारि' ति विअप्पनिवारणत्थं 'पुंडरीयज्झयणं' पण्णविंसु। पुंडरीओ किल पुट्ठसरीरो वि भावसुद्धीए सव्वट्ठ सिद्धिं गओ। कंडरीओ उण दुब्बलदेहो वि सत्तमपुढवीए। तंच पुंडरीअज्झयणं वेसमणसामाणिएणं अवधारिअं गोअममुहाओ सोऊणं। सो अ तुंबवणसन्निवेसे धणगिरिपत्तीए सुनंदाए गब्भे उववज्जिअ दसपुव्वधरो वइरसामी जाओ। अट्ठावयाओ ओअरमाणेणं च गोअमसामिणा कोडिन्न-दिन्न-सेवालितावसा त्तिउत्तर-पंनरससयसंखा दिक्खिया। ते खलु जणपरंपराए इत्थ तित्थे चेइअवंदगो सिवं इहेव पावइ त्ति वीरवयणं सुच्चा पढम-बीअ-तइअमेहलासुं जहासंखं कोडिन्नाइआ आरूढा अहेसि। तओ परं गंतुमचयंता गोअमसामिं अप्पडिहयमुत्तरंतं दट्ठुं विम्हिअ पडिबुद्धा निक्खंता य।

तत्थेव पव्वए भरहचक्कवट्टिपमुहाओ अणेगा महरिसिकोडीओ सिद्धाओ। तत्थेव य सुबुद्धी नाम सगर चक्किमहामच्चो जन्हुभाईणं सगरसुआणं पुरओ, आइच्चजसाओ आरब्भ पंचासलक्खे कोडिसागरोवमकालमज्झे भरह महारायवंससमुब्भूआणं रायरिसीणं चित्तंतरगंडियाए सव्वट्ठसिद्धिगइं मुक्खगइं च वाहरित्था।

इत्थेव पव्वए पवयणदेवयानीयाए वीरमईए। चउवीसजिणपडिमाणं भाले सुवण्णमया रयणखचिया तिलया दिन्ना। तओ तीए धूसरीभवं जुगलधम्मिभवं देवभवं च लद्धूण दमयंतीभवे संपत्ते तिमिरपहयरावहारिभालयले साभाविअं तिलयं संजायं।

इत्थेव पव्वए वालिमहरिसी कयकाउस्सग्गो ठिओ। अह विमाणखलणकुविएण दसग्गीवेण पुव्ववेरं सरंतेणं' तलभूमिं खणित्ता, तत्थ पविसिअ एअं निअवेरिणं-सह अट्ठावयगिरिणा उप्पाडिअ लवणसमुद्रे खिवामि त्ति बुद्धीए विज्जासहस्सं सुमरिता उप्पाडीओ गिरी। तं च ओहिनाणेण नाउं चेइअरक्खानिमित्तं पायंगुट्ठेण गिरिमत्थयं सो रायरिसी चंपित्था। तओ संकुचिअगतो दसाणणो मुहेण रुहिरं वमंतो आरावं मिल्हित्था। तत्तुच्चिअ रावणु त्ति पसिद्धो। तओ मुक्को दयालुणा महरिसिणा पाएसु पडित्ता खामित्ता य सट्ठाणं गओ। इत्थेव लंकाहिवई जिणाणं पुरओ पिक्खणयं करिंतो दिव्ववसेण वीणातन्तीए तुट्टाए मा पिक्खणयरसभंगो होऊ त्ति निअभुआउह्लारुं कड्ढितुं वीणाए लाइ। अबं (एवं?) भुअवीणावायणए भत्तिसाहसतुट्ठेण धरणिंदेण तित्थवंदणागएण रावणस्स अमोह-विजया सतिरूवकारिणी विज्जा दिन्ना ।

तत्थेव पव्वए गोअमसामिणा सिंहनिसिज्जा चेइअस्स दक्खिणदुवारे पविसंतेण पढमं चउण्हं संभवाईणं पडिमाओ वंदिआओ; तओ पयाहिणेणं पच्छिमदुवारेसु पासाईणं अट्ठण्हं; तओ उत्तरदुवारे धम्माईणं दसण्हं; तओ पुव्व दुवारे दो चेव उसभ-अजिआणं ति।

जं तित्थमिणमगम्मं ता फलिह वणगहणसमरवालेहिं। जलपडिबिंबियचेईअज्झयकलसाइं पि जं पिच्छे।।१।।
भविओ विसुद्धभावो पूआण्हवणाइं तत्थ वि कुणंतो। पावइ जत्ताइफलं जं भावोच्चिअ फलं दिसइ।।२।।
भरहेसरनिम्मिविआ चेइअथूमे इहं पडिमजुते। जे पणमंति महंति अ ते धन्ना ते सिरीनिलया।।३।।
इअ अट्ठावयकप्पं जिणपहसूरीहिं निम्मिअं भाव्वा। भाविंति निअमणे जे तेसिं कल्लाणमुल्लसइ।।४।।
अष्टापदस्तवे पूर्व योऽर्थः संक्षिप्य कीर्तितः। विस्तरेण स एवास्मिन् कल्पऽस्माभिः प्रकाशितः।।५।।

## अष्टापदगिरिकल्प (भाषान्तर)

**स्वर्ण के समान देह की कान्तिवाले भवरूपी हस्ती के लिए अष्टापद के समान श्री ऋषभदेव को नमस्कार करके अष्टापद गिरि का कल्प संक्षेप में कहता हूँ।**

इसी जम्बूद्वीप नामक द्वीप में दक्षिण भरतार्द्ध में भारतवर्ष में नौ योजन चौड़ी और बारह योजन लंबी अयोध्या नामक नगरी है। यही श्री ऋषभ-अजित-अभिनंदन-सुमति-अनंतादि जिनेश्वरों की जन्मभूमि है। इस के उत्तर दिशा में बारह योजन पर अष्टापद नामक कैलाश अपर नामवाला रम्य गिरिश्रेष्ठ, आठ योजन ऊँचा, स्वच्छ-स्फटिक शिलामय है। इसी से लोगों में धवल गिरि नाम भी प्रसिद्ध है। आज भी अयोध्या के निकटवर्ती उड्डयनकूट पर स्थित होने पर आकाश निर्मल हो तो उसकी धवल शिखर पंक्तियाँ दीखती हैं। फिर वह महासरोवर, घने रसवाले वृक्ष, पानी के पूर वाले झरनों से युक्त, परिपार्श्व में संचरण करते जलधर, मत्त मोर आदि पक्षियों के कोलाहल युक्त, किन्नर-विद्याधर रमणियों से रमणीक, चैत्यों को वंदन करने के लिए आने वाले चारण-श्रमणादि लोगों के दर्शनमात्र से भूख-प्यास हरण करने वाला, निकटवर्ती मानसरोवर विराजित है। इस पर्वत की तलहटी में अयोध्या-वासी लोग नाना प्रकार की क्रीडाएँ करते हैं।

इसी के शिखर पर ऋषभदेव स्वामी चतुर्दश भक्त से पर्यंकासन स्थित, दस हजार अणगारों के साथ माघी कृष्ण त्रयोदशी के दिन अभिजित नक्षत्र में पूर्वार्द्ध में निर्वाण प्राप्त हुए। (शक्रादि ने वहाँ स्वामी का देह-संस्कार किया। पूर्व दिशा में स्वामी की चिता, दक्षिण दिशा में इक्ष्वाकुवंशियों की और पश्चिम दिशा में शेष साधुओं की थीं। उन तीन चितास्थानों पर देवों ने तीन स्तूप किये। भरत चक्रवर्ती ने स्वामी के संस्कार के निकटवर्ती भूतल पर एक योजन लंबा, आधा योजन चौड़ा, तीन कोश ऊँचा सिंह-निषद्या नामक प्रासाद रत्नोपल-वार्द्धकि रत्न के द्वारा बनवाया। उसके स्फटिक रत्नमय चार द्वार हैं। उभय पक्ष में सोलह रत्न चंदन कलश हैं। प्रत्येक द्वार पर सोलह रत्नमय तोरण हैं। द्वार-द्वार पर सोलह अष्टमंगल हैं।) उन द्वारों में चार विशाल मुख्य मण्डप हैं। उन मुख्य मण्डपों के आगे चार प्रेक्षामण्डप हैं। उन प्रेक्षामण्डपों के मध्य भाग में वज्रमय (अखाडा) अक्षवाटक हैं। प्रत्येक अखाड़े के बीच में रत्नसिंहासन हैं। प्रत्येक प्रेक्षा-मण्डप के आगे मणिपीठिकाएँ हैं। उनके ऊपर रत्नमय चैत्य-स्तूप हैं। उन चैत्य-स्तूपों के आगे प्रत्येक के प्रतिदिशा में बड़ी विशाल पूजा-मणि-पीठिका हैं। उन प्रत्येक के ऊपर चैत्य वृक्ष है। चैत्य स्तूप के सन्मुख पाँच सौ धनुष प्रमाण वाली सर्वांग रत्न निर्मित ऋषभ-वर्द्धमान-चन्द्रानन-वारिषेण नामक पर्यंकासन विराजित मनोहर शाश्वत जिनप्रतिमाएँ, नन्दीश्वर द्वीप चैत्य हैं। उन चैत्य-वृक्षों के आगे मणिपीठिकाएँ हैं। उन प्रत्येक के ऊपर इन्द्र-ध्वजाओं के आगे तोरण और सोपान युक्त, स्वच्छ शीतल जल से पूर्ण, विचित्र कमल शालिनी, मनोहर दधि मुखाधार पुष्करिणी के सदृश नन्दा पुष्करिणी है।

सिंह-निषद्या महाचैत्य के मध्य भाग में विशाल मणिपीठिका हैं। उनके ऊपर चित्र रत्नमय देवच्छंदक हैं। उसके ऊपर नाना वर्ण के सुगम उल्लोच हैं। उल्लोचों के अन्तर पार्श्व में वज्रमय अंकुश हैं। उन अंकुशों से अवलम्बित घड़े में आने योग्य आँवले जैसे प्रमाण के मुक्ताओं के हार हैं। हार-पंक्तियों में विमल मणि-मालिकाएँ हैं। मणिमालिकाओं के नीचे वज्रमालिकाएँ हैं। चैत्य भित्ती में विचित्र मणिमय गवाक्ष हैं, जिनमें जलते हुए अगर-धूप समूह की मालिकाएँ हैं।

उस देवच्छंदक में रत्नमय ऋषभादि चौबीस जिनप्रतिमाएँ अपने-अपने संस्थान, प्रमाण और वर्ण वाली भरत चक्रवर्तीकारित हैं। उनमें सोलह प्रतिमाएँ ऋषभ, अजित, संभव, अभिनन्दन, सुमति, सुपार्श्व, शीतल, श्रेयांस, विमल, अनन्त, शान्ति, कुन्थु, अर, नमि और महावीर भगवान् की स्वर्णमय हैं। मुनिसुव्रत और नेमिनाथ की रातावर्णमय हैं। चन्द्रप्रभ और सुविधिनाथ की स्फटिक रत्नमय हैं। मल्लि और पार्श्वनाथ की वैदूर्यरत्नमय हैं। पद्मप्रभ और वासुपूज्य भगवान् की पद्मरागमय हैं। उन सब प्रतिमाओं के लोहिताक्ष प्रतिषेक पूर्ण अंक रत्नमय नख हैं। नखपर्यन्त जावयर के जैसे लोहिताक्ष मणि रस का जो सिंचन किया जाता है उसे प्रतिषेक कहते हैं। नाभि,

केशान्तभूमि, जिह्वा, तालु, श्रीवत्स, चुचुक, हाथ और पाँवों के तले तपनीय स्वर्णमय हैं। नयनपद्म, कनीनिकाएँ, मंशु, भवें, रोम और शिर के केश अरिष्ट-रत्नमय हैं। ओष्ठ विद्रुममय हैं, दन्त स्फटिकमय हैं, शीर्षघटिका वज्रमय हैं। अन्दर लोहिताक्ष प्रतिषेकवाली स्वर्णमय नासिकाएँ हैं। लोहिताक्ष प्रतिषेक प्रान्त वाले अंकमय लोचन हैं। उन प्रतिमाओं के पृष्ठ भाग में प्रत्येक के एक-एक मुक्ता-प्रवाल-जाल-कंस-कोरंट मल्लदाम वाली, स्फटिक, मणि-रत्न के दण्ड वाली, श्वेत छत्र के धारण करनेवाली, छत्रधर प्रतिमाएँ हैं। उनके दोनों और प्रत्येक उठाए हुए मणिचामरों वाली रत्नमयी चामर-धारिणी प्रतिमाएँ हैं। प्रतिमाओं के आगे दो-दो नागप्रतिमाएँ, दो-दो यक्षप्रतिमाएँ, दो-दो भूतप्रतिमाएँ, दो-दो कुण्डधारिणी प्रतिमाएँ सर्वाङ्गोज्ज्वल रत्नमयी कृताञ्जलि पर्युपासना करती हैं। तथा देवछंदा में चौबीस रत्न घण्टे, चौबीस माणिक्य दर्पण और वैसे ही स्वर्णमयी स्थान स्थित दीपिकाएँ हैं। तथा रत्नकरण्डक पुष्प चंगेरियाँ, लोमहस्त, पटलिकाएँ, आभरणकरण्डक कनकमय हैं। धूपदहनक, आरतियाँ, रत्नमय-मंगलदीप, रत्नमय भृंगार, रत्नमय स्थाल, सोने के प्रतिग्रह, रत्नचन्दन के कलश, रत्नमय सिंहासन, रत्नमय अष्टमङ्गल, स्वर्णमय तेल के डब्बे, कनकमय धूपभाण्ड और स्वर्णमय कमलहस्तक हैं। ये सब प्रत्येक प्रतिमा के आगे होते हैं। वह चैत्य चन्द्रकान्त शाल से शोभित हैं। ईहामृग, वृषभ, मकर, तुरंगम, नर-किन्नर, विहग, वालग, रूरु, शरभ, चमरी, गज, वनलताओं से विचित्रित रत्नस्तम्भों से समाकुल है। स्वर्ण के ध्वजदण्ड मण्डित पताका है। उपरिस्थित किंकिणी शरद से मुखर ऊपर पद्मराग कलश से विराजित और गोशीर्ष चन्दनरस के हस्तकों से लांछित है। विचित्र चेष्टाओं वाली, अधिष्ठित नितम्ब वाली माणिक्य की शालभंजिकाएँ, चन्दनरस से लिप्त कलशयुग से अलंकृत द्वारदेश के उभय पक्ष में शोभायमान हैं। तिरछी बाँध के लटकाई हुई धूपित-सुगन्धित सुन्दर मालाएँ, पंचवर्ण कुसुम रचित गृहतल, कर्पूर, अगर, कस्तूरी, धूपधूम-धारित अप्सरागण संकीर्ण, विद्याधरी-परिवृत्त, आगे-पीछे और पार्श्व में चारु चैत्य पादपों, मणिपीठिकाओं से विभूषित भरत की आज्ञा से यथाविधि वार्घकिरत्न के द्वारा निष्पादित है। वहीं दिव्य रत्न-शिलामय ९९ भाइयों की प्रतिमाएँ बनवाईं। सुश्रूषा करती हुई अपनी प्रतिमा भी बनवाईं। चैत्य के बाहर भगवान् ऋषभदेव स्वामी का एक स्तूप और ९९ भाइयों के स्तूप करवाए। मनुष्य लोग यहाँ आवागमन करके आशातना न करें इसलिए लोहयंत्रमय आरक्षक पुरुष बनवाए जिससे वह अगम्य हो गया। पर्वत की चोटियाँ भी दण्डरत्न से तोड़ दीं, अतः वह गिरिराज अनारोहणीय हो गया। योजन-योजन के अन्तर से मेखलारूप आठ सीढियाँ-पदों द्वारा मनुष्यों के लिए अलंघ्य कर दिया। जिससे अष्टापद नाम प्रसिद्ध हो गया।

फिर काल-क्रम से चैत्यरक्षण के निमित्त सगरचक्रवर्ती के साठ हजार पुत्रों ने दण्डरत्न से पृथ्वी को खोद कर सहस्र योजन की परिखा(खाई) की। दण्डरत्न से गंगातट को विदीर्ण कर जल से पूर्ण किया। तब गंगा को खाई में भरने से अष्टापदासन्न ग्राम-नगर, पुरादि डूबने लगे। अतः उसे दण्डरत्न से निकाल कर कुरू देश के बीच से, हस्तिनापुर के दक्षिण से कोशल देश के पश्चिम, प्रयाग से उत्तर, काशी देश से दक्षिण, वत्सदेश में दक्षिण से मगध के उत्तर से नदी का मार्ग काटते हुए सगरादिष्ट जण्हुपुत्र भागीरथ कुमार ने पूर्वी समुद्र में उतार दिया। तब से गंगासागर तीर्थ हो गया।

इसी पर्वत पर ऋषभदेव स्वामी के आठ पौत्र, और बाहुबलि-प्रमुख निनाणवें पुत्र भी स्वामी के साथ सिद्ध हुए। इस प्रकार एक सौ आठ उत्कृष्ट अवगाहना से एक समय में आश्चर्यभूत सिद्ध हुए।

श्री वर्द्धमान स्वामी ने स्वयं कहा कि ''जो मनुष्य इस पर्वत पर स्वशक्ति से चढ़कर चैत्यों की वन्दना करेगा वह इसी भव में मोक्ष प्राप्त होगा।'' यह सुन कर लब्धिनिधान गौतम स्वामी इस पर्वतश्रेष्ठ पर चढ़े। चैत्यों की वन्दना कर अशोक वृक्ष के नीचे वैश्रमण के आगे तप से कृश अंग का वखान करते हुए स्वयं उपचित शरीर वाले अन्यथा वादकारी हैं—ऐसे उसके विकल्प को निवारण करने के लिए पुण्डरीक अध्ययन प्रणीत किया। पुष्ट देह वाला पुण्डरीक भावशुद्धि से सर्वार्थसिद्ध गया और दुर्बल शरीर वाला कण्डरीक सातवीं नरक गया। यह पुण्डरीक अध्ययन सामानिक देव वैश्रमण ने गौतम स्वामी के मुख से सुनकर अवधारित किया। वे ही तुंबवण

सन्निवेश में धनगिरि की पत्नी सुनंदा के गर्भ में उत्पन्न होकर दश पूर्वधर श्री वज्रस्वामी हुए। अष्टापद से उतरते हुए गौतम स्वामी ने कौडिन्य-दिन्न-सेवालि तापसों को पन्द्रह सौ तीन की संख्या में दीक्षित किया। उन्होंने जनपरम्परा से ''इस तीर्थ के चैत्यों की वंदना करने वाला इसी भव में मोक्ष प्राप्त करेगा'' - ऐसे वीर-वचनों को सुनकर प्रथम, दूसरी और तीसरी मेखला संख्यानुसार कौडिन्यादि चढ़े और इससे आगे जाने में असमर्थ थे। उन्होंने गौतम स्वामी को अप्रतिहत उतरते देखकर विस्मित हो प्रतिबोध पाया और उनके पास दीक्षित हो गए।

इसी पर्वत पर भरत चक्रवर्ती आदि अनेक महर्षि कोटि सिद्ध हुए। वहीं सगर चक्रवर्ती के सुबुद्धि नामक महामात्य ने जन्हु आदि सगर के पुत्रों के समक्ष आदित्ययश से लेकर पचास लाख कोटि सागरोपम काल में भरत महाराजा के वंश में समुद्भूत राजर्षियों को चित्रान्तर गण्डिका से सर्वार्थसिद्धगति और मोक्ष गए बतलाया है।

इसी गिरिराज पर प्रवचन देवतानीत वीरमती ने चौबीस जिन-प्रतिमाओं के भाल-स्थल पर रत्नजटित स्वर्णतिलक चढ़ाए। उसके बाद धूसरी भव, युगलिया भव और देव भव प्राप्त कर दमयन्ती के भव में अन्धकार को दूर करने वाला भाल-स्थान में स्वाभाविक तिलक हुआ।

इसी पर्वत पर बालि महर्षि कायोत्सर्ग करके स्थित थे। विमानस्खलन से कुपित रावण ने पूर्व वैर को स्मरण कर नीचे की भूमि खोदकर, उसमें प्रविष्ट होकर अपने वैरी सहित अष्टापद गिरि को उठाकर लवण समुद्र में फेंकने की बुद्धि से हजारों विद्याओं का स्मरण कर पर्वत को उठाया। उन राजर्षि ने अवधिज्ञान से यह जान कर चैत्य-रक्षा के निमित्त पेर के अँगूठे से गिरि-शिखर को दबाया। तब इससे संकुचितगात्र वाला दशानन मुंह से रुधिर वमन करते हुए चीखने लगा। जिससे वह रावण नाम से प्रसिद्ध हुआ। जब दयालु महर्षि ने छोड़ा तो वह चरणों में गिरकर क्षमायाचना कर स्वस्थान गया।

यहीं लंकाधिपति ने जिनेश्वरदेव के समक्ष नाटक करते हुए दैवयोग से वीणा की ताँत टूटने पर नाट्य-भङ्ग न हो इस विचार से अपनी भुजा की तांत काटकर वीणा में जोड़ दिया। इस प्रकार वीणावादन और भक्तिसाहस से सन्तुष्ट धरणेन्द्र ने तीर्थ-वन्दना के लिए आये हुए रावण को अमोघ विजयाशक्ति रूप-कारिणी विद्या दी।

इसी पर्वत पर गौतम स्वामी ने सिंहनिषद्या चैत्य के दक्षिण द्वार से प्रवेश कर पहले संभवनाथ आदि चार प्रतिमाओं को वन्दन किया। फिर प्रदक्षिणा देते हुए पश्चिम द्वार से सुपार्श्वादि आठ तीर्थङ्करों को, फिर उत्तर द्वार से धर्मनाथादि दश को, फिर पूर्व द्वार से ऋषभदेव, अजितनाथ-जिनेश्वरद्वय को वन्दन किया।

यद्यपि यह तीर्थ अगम्य है फिर भी जल में प्रतिबिम्बित चैत्य के ध्वज-कलशादि देखता है वह भाव-विशुद्धि वाला भव्य जीव वहाँ ही पूजा न्हवणादि करते हुए यात्रा का फल प्राप्त करता है, क्योंकि भावोचित फलप्राप्ति कही है।

भरतेश्वर से निर्मापित प्रतिमायुक्त इस चैत्य-स्तूपों का जो वन्दन-पूजन करते हैं वे धन्य हैं, वे श्रीनिलय हैं।

श्री जिनप्रभसूरि द्वारा निर्मित इस अष्टापद-कल्प की जो भव्य अपने मन में भावना करते हैं, उनके कल्याण उल्लसित होते हैं। पहले अष्टापद-स्तवन में जो अर्थ संक्षेप से कीर्त्तन किया है वही हमने विस्तार से इस कल्प में प्रकाशित किया है।

श्री अष्टापद तीर्थ का कल्प समाप्त हुआ, इसकी ग्रन्थ संख्या ११८ है।

# 16

# ।। पञ्चशतीप्रबोध (प्रबन्ध) सम्बन्धः ।।

**પ્રસ્તાવના :**

**આ ગ્રંથના કર્તા શ્રી શુભશીલગણિ છે. આ ગ્રંથ ૪ અધિકારમાં વિભક્ત છે. તેમાં ૬૦૦ થી પણ વધુ કથા-પ્રબન્ધોનો સંગ્રહ છે. અત્રે તેમાં સૌ પ્રથમ દર્શાવેલ શ્રી ગૌતમસ્વામીનો અષ્ટાપદ તીર્થ સાથેનો સંબંધ સંપાદિત કરવામાં આવ્યો છે.**

**प्रबन्धपञ्चशती**

**युगादिदेवादिमवर्द्धमाना-न्तिमान् जिनान् केवलिनः परांश्च।**
**श्रीपुण्डरीकादिगुरून् यतींश्च, नमाम्यहं बोधिसमाधिहेतोः ।।१।।**

**किञ्चिद्गुरोराननतो निशम्य, किञ्चिन्निजान्यादिकशास्त्रतश्च।**
**ग्रन्थोह्ययं पञ्चशतीप्रबोध-सम्बन्धनामा क्रियते मया तु ।।२।।**

**लक्ष्मीसागरसूरीणां, पादपद्मप्रसादतः।**
**शिष्येण शुभशीलेन, ग्रन्थ एष विधीयते ।।३।।**

## (१) अथ श्रीगौतमस्वाम्यष्टापदतीर्थवन्दनसम्बन्धः

एकदा श्रीअष्टापदतीर्थनमनफलं श्रीवर्धमानजिनपार्श्वे श्रुत्वा श्रीगौतमस्वामी यदा अष्टापदतीर्थसमीपे गतः तदा तत्रस्थास्तापसा दध्युरेष किं करिष्यतीति, एवं तेषु ध्यायत्सु गौतमस्वामी सूर्यकिरणानवलम्ब्य तीर्थस्योपरि ययौ।

तत्र भरतकारितप्रसादे चतुर्विंशतिजिनेन्द्रान् मानप्रमाणदेहाऽऽकारवर्णादिकान् अनुक्रमेण वन्दते स्म[१]।

**चत्तारि अट्ठ दस दोय, वंदिआ जिणवरा चउव्वीसं।**
**परमट्ठनिट्ठिअट्ठा, सिद्धा सिद्धिं मम दिसंतु ।।१।।**

तत्र देवान् नमस्कृत्य तीर्थादुत्ततार यदा तदा १५०३ तापसा गौतमस्वामिवचसा प्रबुद्धाश्चारित्रं जगृहुः। ततः श्रीगौतमो मार्गे चलन् कस्माद्ग्रामात् (कुतश्चिद्ग्रामात्) शुद्धं क्षीरभृतं पतद्ग्रहमानीय स्वाङ्गुष्ठं तन्मध्ये क्षिप्त्वा सर्वान् तापसान् भोजयामास। तेषु जिमत्सु गौतमस्वामिलब्धिं ध्यायत्सु ५०० तापसानां केवलज्ञानं जातम्। ततो वर्त्मनि श्रीवर्द्धमानजिनवर्णनं श्रुत्वा ५०० तापसानां केवलज्ञानं बभूव। प्रभौ दृक्पथागते ५०३ तापसानां ज्ञानमुत्पन्नम्। गौतमस्वामी केवलज्ञानोत्पत्तिमजानन् तान्प्रति प्राह-प्रभोः प्रदक्षिणा दास्यन्ते (दीयन्तामिति) ततस्ते प्रदक्षिणां दत्त्वा यदा केवलिपर्षद्युपविष्टाः तदा गौतमः प्राह-ये मूर्खास्ते मूर्खा एव प्रभुं न वन्दन्ते जल्पिता

१. प्रतौ नास्ति

Panchshati Prabandh Vol. IX Ch. 61-O, Pg. 4129-4131

अपि, तदावग् वर्धमानः स्वामी केवल्याशातनां मा कुरू (काषीः), गौतमः प्राह-भगवान् ! का केवल्याशातना? ततः प्रभुणा तेषां केवलज्ञानोत्पत्तिसम्बन्धः प्रोक्तः, ततो गौतमः तेषां पादान् नत्वा क्षमयित्वा च प्रभोः पुरः प्राह-येषामहं दीक्षां दास्ये (प्रादाम्) तेषां केवलज्ञानं, मम न ततः तत्खेदं गौतमे दधाने प्रभुः प्राह तवापि केवलज्ञानं भविष्यतीति ।।१ ।।

## પંચશતી પ્રબોધ સંબંધ (ભાષાંતર)

(પ્રબંધ પંચશતી)

યુગાદિદેવ શ્રી આદિનાથથી (આરંભીને) અંતિમ શ્રી વર્ધમાન સ્વામી સુધીના સર્વે જિનેશ્વરોને, બીજા કેવલીઓને, શ્રી પુંડરીક આદિ ગુરુઓને, અને યતિને બોધિ અને સમાધિના હેતુથી હું વંદન કરું છું.

કંઈક ગુરુના મુખથી સાંભળીને કરીને અને કાંઈક પોતાના અને અન્યોના શાસ્ત્રથી પંચશતી પ્રબોધ સંબંધ નામનો આ ગ્રંથ મારા વડે કરાય (રચાય) છે.

લક્ષ્મીસાગરસૂરિનાં ચરણ કમળની કૃપાથી (તેમના) શિષ્ય શુભશીલ વડે આ ગ્રંથ રચાય છે.

### (૧) શ્રી ગૌતમસ્વામીનો અષ્ટાપદ તીર્થવંદનનો સંબંધ :

એકવાર શ્રી અષ્ટાપદતીર્થના નમનનું ફળ શ્રી મહાવીરસ્વામી પાસે સાંભળીને શ્રી ગૌતમસ્વામી જ્યારે અષ્ટાપદતીર્થની નજીકમાં ગયા ત્યારે ત્યાં રહેલા તાપસો ધ્યાન કરતાં હતા. આ શું કરશે ? એ પ્રમાણે તેઓ વિચારવા લાગ્યા. ગૌતમસ્વામી સૂર્યના કિરણોનું અવલંબન લઈને તીર્થની ઉપર ગયા.

ત્યાં ભરતે કરાવેલ પ્રસાદમાં (ચોવીશ જિનેશ્વરોને) માન, પ્રમાણ, દેહ, આકાર, વર્ણાદિ યુક્ત અનુક્રમથી વંદન કરે છે.

**ચાર, આઠ, દસ ને બે, વંદ્યા જિનવરો ચોવીસ,**
**(ઓ !) પરમાર્થ-નિષ્ઠિતાર્થો, સિદ્ધો ! સિદ્ધિ મને આપો ॥૧॥**

ત્યાં દેવોને નમસ્કાર કરીને તીર્થથી ઉતરતા હતા ત્યારે ૧૫૦૩ તાપસો ગૌતમસ્વામીના વચનોથી બોધ પામ્યા અને ચારિત્ર ગ્રહણ કર્યું. ત્યાર પછી શ્રી ગૌતમ માર્ગમાં ચાલતાં કોઈક ગામથી શુદ્ધ ખીરથી ભરેલું પાત્ર ગ્રહણ કરીને પોતાના અંગુઠાને તેની મધ્યમાં બોળીને સર્વે તાપસોને ભોજન કરાવ્યું. તે જમીને ગૌતમસ્વામીની લબ્ધિનો વિચાર કરતાં ૫૦૦ તાપસોને કેવળજ્ઞાન થયું. ત્યાંથી માર્ગમાં જતાં શ્રી વર્ધમાન જિનનું વર્ણન સાંભળીને ૫૦૦ તાપસોને કેવળજ્ઞાન થયું. પ્રભુ દર્શનથી રસ્તમાં જતાં ૫૦૩ તાપસોને જ્ઞાન ઉત્પન્ન થયું. કેવળજ્ઞાનની ઉત્પત્તિને નહીં જાણતાં એવા ગૌતમસ્વામીએ તેમનો પ્રભુને પ્રદક્ષિણા દેવા કહ્યું.

ત્યારપછી તે પ્રદક્ષિણાને દઈને જયારે કેવલીની પર્ષદામાં બેઠા ત્યારે ગૌતમે કહ્યું હે મુર્ખો ! જે મુર્ખા છે તે પ્રભુને વંદન કરતાં નથી. ત્યારે મહાવીરસ્વામીએ કહ્યું હે ગૌતમ ! કેવલીની આશાતના ન કર. ગૌતમ બોલ્યા, હે ભગવાન ! શું કેવલીની આશાતના ? ત્યારે પ્રભુ વડે તેમની કેવલજ્ઞાન ઉત્પત્તિનો સંબંધ કહેવાયો. ત્યારે ગૌતમે તેમના ચરણે નમીને ક્ષમા માંગીને કહ્યું હે પ્રભુ ! જેને હું દીક્ષા આપું તેને કેવલજ્ઞાન થાય છે મને થતું નથી. તેવું ખેદપૂર્વક ગૌતમે પ્રભુને કહ્યું, ત્યારે પ્રભુએ કહ્યું તને પણ કેવલજ્ઞાન થશે.

पञ्चशतीप्रबोध(प्रबन्ध)सम्बन्धः — प्रबन्धपञ्चशती

(रचना, वि. सं. १५२१)



A–संज्ञकप्रति, छाणी(वडोदरा)ना श्रीजैन श्वे. ज्ञानमंदिरना उपा. श्रीवीरविजयजी–शास्त्रसंग्रहनी प्रतिना प्रथम पृष्ठनी प्रतिकृति.

# 17

# ॥ પ્રતિક્રમણ સૂત્ર - પ્રબોધટીકા ॥

## जगचिंतामणि-सुत्तं

**પ્રસ્તાવના :**

**પ્રબોધટીકા ગ્રંથમાં પંચ પ્રતિક્રમણ સૂત્રોનું વિશિષ્ટ-વિવરણ કરવામાં આવ્યું છે. ધીરજલાલ ટોકરશી કૃત આ ગ્રંથમાં જગચિંતામણિ મૂળ સૂત્ર તથા તેના વિવેચનમાં અષ્ટાપદ વિષયક વિવિધ માહિતી ઉપલબ્ધ થાય છે. અત્રે માત્ર અષ્ટાપદ વિષયક માહિતી જ સંપાદિત કરવામાં આવી છે.**

**(प्रभात-चैत्यवन्दनम्)**

**જગચિંતામણિ ચૈત્યવંદન**

**इच्छाकारेण संदिसह भगवन् ! चैत्यवंदन करूं । इच्छं।**

**(૧) મૂલપાઠ :**

**जगचिंतामणि ! जगह नाह[१] ! जग-गुरू ! जग-रक्खण !,**
**जग-बंधव ! जग-सत्थवाह ! जग-भाव-विअक्खण !।**
**अट्ठावय-संठविअ-रूव ! कम्मट्ठ-विणासण !,**
**चउवीसं[२] पि जिणवर ! जयंतु[३] अप्पडिहय-सासण[४]! ॥१॥***

---

**(પાદનોંધ - ચૈત્યવંદન કરનારે આમાંના પ્રથમ વાકય દ્વારા ગુરુનો આદેશ માગવાનો હોય છે. તે આદેશ મળતાં, અથવા મળેલો માનીને इच्छं પદ દ્વારા તેનો સ્વીકાર સૂચવવાનો હોય છે. આ આદેશ-વાકયમાં સંસ્કૃત 'भगवन्!' પદ કેટલેક સ્થળે વપરાય છે, તથા ચૈત્યવંદન કરું. એવી ભાષા પાછળની કેટલીક પોથીઓમાં જોવામાં આવે છે.**

[+]*अ* ક્રમાંક ૩વાળી પોથીમાં માત્ર 'જં કિંચિનો' જ ઉલ્લેખ છે કે જેને અન્ય પોથીઓમાં છઠ્ઠી ગાથા ગણેલી છે.

*आ* ક્રમાંક ૪વાળી માત્ર પહેલી અને 'જં કિંચિ' વાળી ગાથા જ નજરે પડે છે.

इ ક્રમાંક ૨, ૫ અને ૬વાળી પોથીઓમાં આ સૂત્રની બીજી, પહેલી અને છઠ્ઠી ગાથા 'નમસ્કાર' નામના સૂત્ર તરીકે ક્રમબદ્ધ આવેલી છે, જેનો ઉલ્લેખ ક્રમાંક ૨-વાળી પોથીમાં શ્રીતરુણપ્રભસૂરિએ પત્ર ૪૮ ઉપર કરેલો છે.

ई ક્રમાંક ૧૨, ૧૬વાળી પોથીઓમાં ૪થી તથા ૫મી ગાથાઓ નજરે પડતી નથી.

उ ક્રમાંક ૧૧, ૧૯, ૨૩, ૨૫વાળી પોથીઓમાં તથા ઓગણીસમી સદીમાં લખાયેલી પોથીઓમાં ૬ ગાથાવાળો પાઠ મળે છે.

૧. આ સ્થળે *जगनाह* પાઠ પ્રચારમાં છે, પરંતુ પ્રાચીન પોથીઓમાં— ક્રમાંક ૪, ૫, ૬, ૧૧, ૧૬, ૧૯, ૨૩, ૨૫ વગેરેમાં *जगह-नाह* એવો પાઠ જોવાય છે. આ પાઠ છંદ તથા માત્રામેળની નજરે વધારે યોગ્ય લાગે છે.

૨. આ સ્થળે ***चउवीसं पि*** એવો પાઠ પ્રચારમાં છે, પરંતુ પ્રાચીન પોથીઓમાં-ક્રમાંક ૪, ૬, ૧૧, ૧૬, ૧૯, ૨૩ વગેરેમાં ***चउवीस वि*** પાઠ જોવામાં આવે છે, જે ભાષા તથા છંદના માત્રામેળની દૃષ્ટિએ પણ અધિક યોગ્ય છે.

૩. આ સ્થળે કેટલીક પોથીઓમાં *'जयंति'* અને *'जयंत'* એવા પાઠો જોવામાં આવે છે, પરંતુ જિનવરોના સંબોધનની સાથે *जयंतु* ક્રિયાપદ વિશેષ બંધબેસતું હોવાથી તથા પ્રાચીન પોથીઓમાં તેવો પાઠ મળી આવતો હોવાથી તે પાઠ રાખવામાં આવ્યો છે.

**૪. આ પ્રથમ પદ્ય ખતરગચ્છનાં અને વિધિપક્ષનાં પ્રતિક્રમણસૂત્રમાં જોવામાં આવતું નથી. જોકે શ્રીતરુણપ્રભાચાર્યે નિર્દિષ્ટ કરેલા 'કર્મભૂમિ-નમસ્કાર'ની બીજી ગાથા તરીકે તે પ્રાચીન પોથીઓમાં જોઈ શકાય છે. પોથી ૬ જે અંચલગચ્છની છે, તેમાં પણ ૩ પદ્યવાળું 'નમસ્કારસૂત્ર' આપેલું છે. આ ગાથા તેમાં નજરે પડે છે.**

---

* *गाथा-१* 'રોલાછંદ'માં છે.

---

**Jagchintamani Sutra Vol. VIII Ch. 53-A, Pg. 3673-3688**

कम्मभूमिहिं कम्मभूमिहिं[५] पढमसंघयणि,
उक्कोसय[६] सत्तरिसय[७], जिणवराण विहरंत लब्भइ;
नवकोडिहिं केवलीण, कोडिसहस्स नव साहु गम्मइ।
संपइ जिणवर वीस मुणि, बिहुं (हिं) कोडिहिं वरनाणि[८],
समणह कोडि-सहस्स दुइ[९] थुणिज्जइ[१०] निच्च विहाणि ।।२।।*

जयउ सामिय ! जयउ सामिय[११] ! रिसह ! [१२]सत्तुंजि,
उज्जिंति पहु-नेमिजिण ! जयउ वीर[१३] ! सच्चउर-मंडण !;
भरूअच्छहिं मुणिसुव्वय ! महुरि पास ! दुह-दुरिअ-खंडण !
अवर विदेहिं तित्थयरा, चिहुं दिसि विदिसि जिं के वि,
तीआणागय-संपइय[१५], वंदउं जिण सव्वे वि[१६] ।।३ ।।

सत्ताणवइ-सहस्सा, लक्खा छप्पन्न अट्ठकोडीओ ।
बत्तीस-सय-बासीयाइं, तिअलोए चेइए वंदे ।।४ ।।*

पन्नरस-कोडि-सयाइं, कोडी बायाल लक्ख अडवन्ना ।
छत्तीस सहस असीइं, सासय-बिंबाइं पणमामि ।।५ ।।*

---

*પાદનોંધ ચાલુ :*

૫. કેટલીક પોથીઓમાં *'कम्मभूमिहिं'* એક જ વાર લખેલું જણાય છે, પણ છંદની દૃષ્ટિએ તે બરાબર નથી. એટલે નકલ કરવામાં સ્ખલના થઈ હોય તેમ સંભવે છે.

૬. અહીં કેટલીક પોથીઓમાં *'उक्कोसउ'*, *'उक्कोसइं'*, એવા પાઠો પણ જોવામાં આવે છે.

૭. કેટલીક પોથીઓમાં ક્રમાંક ૫, ૬, ૧૬, ૨૩ વગેરેમાં *'सत्तरिसउ'* પાઠ નજરે પડે છે.

૮. કેટલીક પોથીઓમાં *'दु कोडि वरनाण'* એવો પાઠ પણ જોવામાં આવે છે, તો કેટલીક પોથીઓમાં *'बिहूं-कोडिहिं वरनाण'* પાઠ જણાય છે, પરંતુ વસ્તુછંદના અનુપ્રાસનો ખ્યાલ કરતાં અહીં આ પાઠ સ્વીકારેલો છે.

૯. *'सहस्स दुअ'* પાઠાંતર.

૧૦. કેટલીક પોથીઓમાં *'थुणिजिअ'* એવો પાઠ પણ મળે છે.

૧૧. *'सामी'*, *'सामीय'* પાઠાંતર. ૧૨. *'सित्तजि'*, *'सेत्तजि'* પાઠાંતર.

૧૩. *'सच्चउरि-मंडण'* પાઠાંતર. ૧૪. *'भरूअच्छिहिं'* પાઠાંતર.

૧૫. *'संपई'*, *'संपय'* પાઠાંતર.

૧૬. ભાંડારકર ઓરિયન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ પૂનાની પ્રતિ નં. પ્ર-૧-૧૭ - ૭૪૮ /૧૨૭૦(૨) / ૧૮૮૭-૯૧માં (ડી.સી.જે એમ વૉલ્યુમ) આ પદ્ય પાઠાંતર સાથે નીચે જણાવ્યા પ્રમાણે જોવામાં આવે છે:

"जयउ सामिउ रिसहु सेत्त (त्तुं) जि,
उज्जिंत पहु- नेमिजिणु, जयउ वीरू मोहेर-मंडणु;
भरवट्टि मुणिसुव्वउ, महुर पासु दुह-दंड-षंडणु।
अवर विदेह वि तित्थ य सुव(रूच) हु दिसि विदिसि जि के वि
ति (ती) य अणागय संपयइ वंदिउ जिण सव्वे वि ।।१।।"

* *गाथा* -२-३ 'વસ્તુછંદ'માં છે.

* *गाथा*-४-५ 'ગાહાછંદ' માં છે.

## (૨) સંસ્કૃત છાયા :

जगच्चिन्तामणयः ! जगतां नाथाः ! जगद्गुरवः ! जगद्रक्षणाः !
जगद्बन्धवः ! जगत्-सार्थवाहाः ! जगद्भाव-विचक्षणाः ! ।
अष्टापद-संस्थापित-रूपाः ! कर्माष्टक-विनाशनाः !
चतुर्विंशतिर् अपि जिनवराः ! जयन्तु अप्रतिहत-शासनाः ! ॥१॥

कर्मभूमिषु कर्मभूमिषु प्रथमसंहननिनाम्,
उत्कृष्टतः सप्ततिशतं जिनवराणां विहरतां लभ्यते;
नवकोट्यः केवलिनां कोटिसहस्राणि नव साधवः गम्यन्ते ।
सम्प्रति जिनवराः विंशतिः, मुनयः द्वे कोटी वरज्ञानिनः,
श्रमणानां कोटिसहस्रद्विकं स्तूयते नित्यं विभाते ॥२॥

जयतु स्वामिन् ! जयतु स्वामिन् ! ऋषभ ! शत्रुञ्जये,
उज्जयन्ते प्रभुनेमिजिन ! जयतु वीर ! सत्यपुर-मण्डन !
भृगुकच्छे मुनिसुव्रत ! मथुरायां पार्श्व ! दुःख-दुरित-खण्डण !।
अपरे विदेहे तीर्थंकराः चतसृषु दिक्षु विदिक्षु ये केऽपि,
अतीतानागत-साम्प्रतिकान् वन्दे जिनान् सर्वानपि ॥३॥

सप्तनवतिं सहस्राणि लक्षाणि षट्पञ्चाशतम् अष्टकोटीः ।
द्वात्रिंशत्शतं द्व्यशीतिं त्रैलोक्ये चैत्यानि वन्दे ॥४॥

पञ्चदशकोटिशतानि कोटीः द्विचत्वारिंशतं लक्षाणि अष्टपञ्चाशतम्।
षट्त्रिंशतं सहस्राणि अशीतिं शाश्वत-बिम्बानि प्रणमामि ॥५॥

## (૩) સામાન્ય અને વિશેષ અર્થ :

વિ.સં. ૧૯૦૦ના પૂર્વાર્ધમાં કવિરાજ શ્રી પદ્મવિજયજીએ સ્તવનમાં આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે. ''જગ-ચિંતામણી તિહાં કર્યું, મારા વહાલાજી રે...'' વગેરે ઉલ્લેખો મળે છે.

जग-चिंतामणि !-(जगच्चिन्तामणयः)-જગતમાં ચિંતામણિરત્ન-સમાન !

जिणवर ના વિશેષણ તરીકે આ પદ સંબોધનનું બહુવચન છે, તે जग અને चिंतामणि એ બે પદોથી બનેલું છે. તેમાં 'જગત'નો અર્થ જગત્, દુનિયા, વિશ્વ, લોક, સંસાર કે પ્રાણીસમૂહ થાય છે અને चिंतामणि નો અર્થ ચિંતનમાત્રથી ઈષ્ટ ફલને આપનારું એક જાતનું રત્ન થાય છે. અહીં શ્રીજિનેશ્વર દેવોને ચિંતામણિરત્ન-સમાન કહેવાનું કારણ એ છે કે જેમના હૃદયમાં તે વિરાજમાન હોય છે, તેઓ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે અને તેને લીધે તેમનાં સઘળાં મનોવાંછિત કાર્યો પૂર્ણ થાય છે તથા પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

जगह नाह !-(जगतां नाथाः!)— જગતના નાથ, જગતના સ્વામી !

नाह— નાથ, સ્વામી, ધણી, રક્ષણ કરનાર, આશ્રય આપનાર કે યોગ-ક્ષેમ કરનાર (ન મળેલી વસ્તુ મળે, તે યોગ કહેવાય છે અને મળેલી વસ્તુનું રક્ષણ થાય તે ક્ષેમ કહેવાય છે.) શ્રી જિનેશ્વરદેવો સાચા અર્થમાં જગતના નાથ છે કારણ કે જે જીવો હજી ધર્મમાર્ગમાં જોડાયેલા નથી, તેમને તેઓ ધર્મમાર્ગમાં જોડે છે અને જેઓ ધર્મમાર્ગમાં જોડાયેલા છે, તેમનું તેઓ ઉપદેશ આદિ દ્વારા રક્ષણ કરે છે.

નાથ-શબ્દની હૃદયંગમ ચર્ચા માટે જુઓ શ્રીઉત્તરાધ્યયનસૂત્રનું મહાનિર્ગ્રંથીય નામનું ૨૦મું અધ્યયન.

जग-गुरू !-(जगद्-गुरवः !)-સમસ્ત જગતના ગુરુ ! જગતને આત્મ-હિતનો ઉપદેશ કરનારા!

गुरू- શબ્દના સામાન્ય અને વિશેષ અર્થ માટે જુઓ સૂત્ર બીજું.

શ્રી જિનેશ્વરદેવ સકળ જીવોને ઉદ્દેશી સર્વ કોઈનું કલ્યાણ થાય એવો એકસરખો હિતોપદેશ કરે છે, એટલે તેઓને જગ-ગુરુ જેવા વાસ્તવિક વિશેષણથી સંબોધન કરવામાં આવે છે.

जग-रक्खण ! (जगद्-रक्षणाः !)- હે જગતના રક્ષક ! જગતનું રક્ષણ કરનારા !

હિંસા અને પ્રતિહિંસા વડે જગતનો-જગતની શાંતિનો નાશ થાય છે, જ્યારે અહિંસા અને અભયદાન વડે જગતનું જગત-શાંતિનું રક્ષણ થાય છે. શ્રી જિનેશ્વરદેવો પોતાની અતિશયવાળી વાણીમાં અહિંસા અને અભયદાનની પ્રચંડ ઉદ્ઘોષણા કરતા હોવાથી તેઓ જગદ્-રક્ષક કહેવાય છે અથવા તો જગતના જીવોને તેઓ કર્મ-બંધનમાંથી છોડાવે છે; એટલે પણ તેઓ જગદ્રક્ષક તરીકે સંબોધાય છે.

जग-बन्धव ! (जगद्-बन्धव !)- જગતના બંધુ ! જગતના હિતૈષી !

बन्धु - એટલે બાન્ધવ. અર્થાત્ ભાઈ, નિકટવર્તી સ્વજન, પિતરાઈ કે સગાં-વહાલાં. સામાન્ય રીતે જે કોઈ હિતૈષી હોય તે માટે પણ એ જ શબ્દ વપરાય છે. શ્રીજિનેશ્વરદેવ જગતના પરમહિતૈષી છે, કારણ કે તેઓ કોઈ પણ જાતનો સ્વાર્થ રાખ્યા વિના પરમહિતનું રહસ્ય પ્રકાશે છે અને તેથી જગતના જીવોનું કલ્યાણ થાય છે.

जग-सत्थवाह !-(जगत्-सार्थवाहाः !)-જગતના સાર્થવાહ ! જગતના નેતા ! જગતને ઈષ્ટ સ્થળે (મોક્ષે) પહોંચાડનાર !

सार्थ- એટલે ઈષ્ટ સ્થળે પહોંચવા ઈચ્છતો મુસાફરોનો સમૂહ કે કાફલો; તેને વહન કરનાર, તેની સર્વ પ્રકારે સારસંભાળ કરનાર જે અગ્રણી, આગેવાન કે નાયક હોય, તે સાર્થવાહ કહેવાય છે. મતલબ કે જે સાર્થ-નાયક સાર્થને યોગ્ય રસ્તે લઈ જાય છે, ઈષ્ટ સ્થળે પહોંચાડે છે, તે સાર્થવાહ કહેવાય છે. શ્રીજિનેશ્વરદેવ જગતના જીવોને પોતાના સમર્થ નેતૃત્વ નીચે ધારેલા સ્થળે એટલે કે મોક્ષપુરીએ લઈ જાય છે, તેથી તેઓ जग-सत्थवाह કહેવાય છે.

जग-भाव-विअक्खण !-(जगद्-भाव-विचक्षणाः !)- જગતના સર્વ ભાવોને જાણવામાં તથા પ્રકાશવામાં નિપુણ ! ભાવ શબ્દ જુદા જુદા અર્થોમાં વપરાય છે. જેમ કે અસ્તિત્વ, પ્રકૃતિ, સ્વભાવ, પદાર્થ, પર્યાય, ઈરાદો, વૃત્તિ, લાગણી, તાત્પર્ય, અભિપ્રાય, ચેષ્ટા, અભિનય, હેત, પ્રીતિ, આસ્થા, કિંમત, દર, સ્થિતિ, સ્વરૂપ, વગેરે. તેમાંથી પદાર્થ અને પર્યાય અર્થો અહીં ઉપયુક્ત છે. પદાર્થ એટલે દ્રવ્ય. પર્યાય એટલે પદાર્થની નિરંતર પલટાતી અવસ્થા. સમય, શક્તિ વગેરેની અપેક્ષાએ તે અનંત પ્રકારની હોય છે.

શ્રી જિનેશ્વરદેવ સર્વજ્ઞ હોવાથી જગતના તમામ પદાર્થોના સર્વ ભાવો-પર્યાયો બરાબર જાણે છે અને યોગ્યની આગળ પ્રકાશિત કરે છે. તેથી તેઓ जग-भाव-विअक्खण કહેવાય છે.

अट्ठावय-संठविअ-रूव !- (अष्टापद-संस्थापित-रूपाः !)- અષ્ટાપદ પર્વત ઉપર જેમની પ્રતિમાઓ સ્થાપન થયેલી છે તેવા !

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન પોતાનો મોક્ષકાલ નજીક આવેલો જાણીને દસ હજાર મુનિવરો સાથે અષ્ટાપદ પર્વત ઉપર ગયા હતા અને ત્યાં ચતુર્દશભક્ત એટલે છ ઉપવાસની તપશ્ચર્યા-

પૂર્વક પાદપોપગમન અનશન કરીને નિર્વાણપદને પ્રાપ્ત થયા હતા. આ સ્થળે દેવોએ રત્નના ત્રણ સ્તૂપ કર્યા હતા.*

અષ્ટાપદ પર્વત કૈલાસ હોવાનો અભિપ્રાય કલિકાલ-સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યે અભિધાનચિંતામણિના ચોથા ભૂમિકાંડમાં કર્યો છે :

'रजताद्रिस्तु कैलासोऽष्टापदः स्फटिकाचलः ।।९४।।'

શ્રીજિનપ્રભસૂરિએ અષ્ટાપદગિરિ-કલ્પમાં તે જ અભિપ્રાયનું સમર્થન કરેલું છે. 'तीसे अ उत्तरदिसाभाए बारसजोअणेसुं अट्ठावओ नाम केलासापराभिहाणो रम्मो नगवरो अट्ठ जोअणुच्चो*' તે (અયોધ્યા નગરી) ની ઉત્તર દિશાએ બાર યોજન દૂર અષ્ટાપદ નામનો રમ્ય પર્વતરાજ આવેલો છે, જેની ઊંચાઈ આઠ યોજન છે અને જેનું અપરનામ કૈલાસ છે; આ જ અભિપ્રાયનું વિશેષ સમર્થન ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીએ જૈનતત્ત્વાદર્શના ઉત્તરાર્ધમાં કરેલું છે. તેના એકાદશ પરિચ્છેદમાં જણાવ્યું છે કે :-

श्रीऋषभदेवजीका कैलास पर्वतके उपर निर्वाण हुआ..... जब भरतने कैलास पर्वतके उपर सिंहनिषद्या नामा मंदिर बनाया, उसमें आगे होनेवाले तेईस तीर्थंकरोंकी और श्रीऋषभदेवजीकी अर्थात् चौवीस प्रतिमाकी स्थापना की। और दंडरत्नसे पर्वतको ऐसा छीला कि जिस पर कोई पुरूष पगोंसे न चढ सके । उसमें आठ पद (पगथिये) रक्खे। इसी वास्ते कैलास पर्वतका दूसरा नाम 'अष्टापद' कहते है। तबसे ही कैलास महादेवका पर्वत कहलाया। महादेव अर्थात् बडे देव, सो ऋषभदेव। जिसका स्थान कैलाश पर्वत जानना (पृ. ४०९-४१०)

હાલની ભૂગોળ પ્રમાણે કૈલાસ પર્વત હિમાલયના તિબેટ દેશમાં માનસરોવરની ઉત્તરે ૨૫ માઈલ પર આવેલો છે, જેને ત્યાંના લોકો કંગરીપો કહે છે. આ પર્વતનું શિખર બારે માસ બરફથી છવાયેલું રહે છે; એટલે તે રજતાદ્રિ કે સ્ફટિકાચલનું નામ સાર્થક કરે છે. ત્યાંનું હવામાન ઘણું જ ઠંડું અને તોફાની હોવાથી તેના પર આરોહણ કરવું એ ઘણું જ કઠિન ગણાય છે. આજ સુધીમાં અનેક સાહસિક પ્રવાસીઓએ તેના પર અમુક ઊંચાઈ સુધી આરોહણ કર્યું છે અને તે સંબંધી બને તેટલી પ્રામાણિક હકીકત મેળવવાની કોશિશ કરેલી છે. જૈન શાસ્ત્રોમાં એવા ઉલ્લેખો મળે છે કે જે ચરમ-શરીરી હોય અર્થાત્ તે જ ભવમાં મોક્ષે જનાર હોય, તે જ તેની યાત્રા કરી શકે છે. તે માટે શ્રીઉત્તરાધ્યયનસૂત્રની નિર્યુક્તિમાં કહ્યું છે કે- 'चरम-सरीरो साहू आरूहइ नगवरं, न अन्नो त्ति' (અ. ૧૦ ગાથા ૨૯૦) અર્થાત્ જે સાધુ ચરમ-શરીરી હોય તે જ નગવર એટલે અષ્ટાપદ-પર્વત પર ચડી શકે છે, અન્ય નહિ. આ બાબતનો ઉલ્લેખ શ્રી હેમચંદ્રાચાર્યે ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રના દસમા પર્વના નવમા સર્ગમાં આ પ્રમાણે કરેલો છે :-

'योऽष्टापदे जिनान् नत्वा, वसेद् रात्रिं स सिध्यति।'

જે અષ્ટાપદ-પર્વત પર રહેલી જિન-પ્રતિમાએને વંદન કરીને ત્યાં એક રાત્રિ ગાળે છે, તે સિદ્ધ થાય છે, શ્રીગૌતમસ્વામીએ ચરણલબ્ધિ વડે આ તીર્થની યાત્રા કરીને તથા ત્યાં એક રાત્રિ પસાર કરીને પોતાના ચરમ-શરીરીપણાની ખાતરી કરી હતી એવો વૃદ્ધવાદ છે.

વિ.સં. ૧૭૫૧માં શ્રી જિનવિજયજીએ રચેલા ષડ્આવશ્યક-બાલાવબોધમાં 'चत्तारि-अट्ठ-दस-

* જુઓ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ-સૂત્ર ૩૩.

* વિવિધ તીર્થકલ્પ સિં. જૈ.ગ્રં.પૃ.૯૧.

દોય'ના વિવેચનમાં શ્રી ગૌતમસ્વામીજી અષ્ટાપદ ઉપર ગયા ત્યારે ઉક્ત ક્રમ મુજબ જગચિંતામણિની બે ગાથાની ચૈત્યવંદના કરી હતી.

શ્રીવસુદેવહિંડીના ૨૧મા લંભકમાં અષ્ટાપદ સંબંધી બે ઉલ્લેખો આવે છે. તેમાં જણાવ્યું છે કે આ પર્વત વૈતાઢ્ય પર્વત સાથે જોડાયેલો છે અને ઊંચાઈમાં આઠ યોજન ઊંચો છે, તથા તેની તળેટીમાં નિયડી નામની નદી વહે છે.

અષ્ટાપદ પર્વત કોશલદેશની સીમા પર કે તેની નજીક આવેલો હોવો જોઈએ, તેમ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના નીચેના ઉલ્લેખ પરથી સમજાય છે :

''दसहिं रायवरसहस्सेहिं सद्धिं संपरिवुडे विणीअं रायहाणिं मज्झेण णिग्गच्छइ, (णिग्गच्छिं)त्ता मज्झदेसे सुहंसुहेण विहरइ, (विहरि)त्ता जेणेव अट्ठावयपव्वते तेणेव उवागच्छइ।''

ભરત ચક્રવર્તીનો આ અધિકાર છે. ભરત ચક્રવર્તી દસ હજાર રાજાઓથી પરિવૃત્ત થઈને વિનીતા નામની રાજધાનીની મધ્યમાંથી નીકળીને મધ્યદેશમાં કોશલદેશની મધ્યમાં (मध्यदेशे–कोशलदेशस्य मध्ये ટી૦) વિચરે છે અને ત્યાંથી જ્યાં 'અષ્ટાપદ' પર્વત આવેલો છે, ત્યાં જાય છે.

વળી, સગર ચક્રવર્તીના જન્હુકુમાર આદિ સાઠ હજાર પુત્રો, એ પર્વતની આસપાસ ખાઈ ખોદાવીને તેમાં ગંગાનદીનું જલ લઈ જાય છે અને તેમ કરતાં મરણ પામે છે તથા પાછળથી સગર ચક્રવર્તીનો પૌત્ર ભગીરથ ત્યાં જઈને ગંગાનદીને દંડ વડે આકર્ષે છે અને તેથી તે (ગંગાનદી) કુરુદેશના મધ્ય ભાગથી, હસ્તિનાપુરની દક્ષિણથી, કોશલદેશની પશ્ચિમથી, પ્રયાગની ઉત્તરમાં, કાશીના દક્ષિણમાં અને અંગ તથા મગધદેશની ઉત્તર તરફ થઈને પૂર્વસાગરમાં ભળી જાય છે, જયાં તે ગંગા-સાગર તરીકે ઓળખાય છે અને ભગીરથના નામ પરથી તેનું નામ ભાગીરથી પડે છે. તે આખી વાત અષ્ટાપદને ગંગાનદીના મૂળ સાથે સંબંધ હોય તેમ જણાવે છે. પૂર્વકાલે કોશલદેશનો વિસ્તાર મોટો હતો અને તેની ઉત્તર-સરહદ હિમગિરિ સુધી વિસ્તરેલી હતી, એટલે આ સ્થળ હિમાલયમાં જ કોઈક સ્થળે આવેલું હશે તેમ જણાય છે.

## (૪) અર્થ-સંકલના :

જગતમાં ચિંતામણિરત્ન ! જગતના નાથ ! જગતના રક્ષક ! જગતના નિષ્કારણ બંધુ ! જગતના ઉત્તમ સાર્થવાહ ! જગતના સકલ પદાર્થોના સ્વરૂપને જાણવામાં વિચક્ષણ ! અષ્ટાપદપર્વત-પર (ભરત ચક્રવર્તી દ્વારા) સ્થપાયેલી પ્રતિમાવાળા ! આઠે કર્મોનો નાશ કરનારા ! તથા અબાધિત ઉપદેશ દેનાર! હે ઋષભાદિ ચોવીસે તીર્થંકરો ! (આપ) જયવંતા વર્તો. ૧.

## (૫) સૂત્ર-પરિચય :

જે ભૂમિમાં તીર્થંકર, ગણધર આદિ મહાપુરુષો જન્મ્યા હોય છે, પ્રવ્રજિત થયા હોય જ, વિચર્યા હોય છે, કેવલજ્ઞાન પામ્યા હોય છે કે નિર્વાણને પ્રાપ્ત થયા હોય છે, તે ભૂમિ અતિ પવિત્ર ગણાય છે. તેથી તેની સ્પર્શના સમ્યક્ત્વને નિર્મળ બનાવે છે, આ કારણે તીર્થોનું મહત્ત્વ પણ ઘણું મોટું છે. વળી મૂર્તિની ભવ્યતા, પ્રાચીનતા અને દેવાધિષ્ઠિતતાના કારણે પણ તીર્થોની મહત્તા ગણાય છે.

આ રીતે જિન-પ્રતિમા, જિન-મંદિર અને જૈન-તીર્થો એ ત્રણે સંસાર તરવાનાં અપૂર્વ સાધનો છે કે જેનો સામાન્ય નિર્દેશ ચૈત્ય વડે જ થાય છે. આવાં ચૈત્યોને વંદન કરવું, તે ચૈત્યવંદના કહેવાય છે. પ્રસ્તુત સૂત્રની યોજના તે માટે થયેલી છે.

આ ચૈત્યવંદન તેના પ્રથમ શબ્દ પરથી જગચિંતામણિ તરીકે ઓળખાય છે. વળી પ્રાતઃકાળની આવશ્યક ક્રિયામાં તેને ખાસ સ્થાન મળેલું હોવાથી તે પ્રબોધ-ચૈત્યવંદન કે પ્રભાત-ચૈત્યવંદન તરીકે પણ ઓળખાય છે.

આ ચૈત્યવંદનનો પ્રારંભ ચોવીસે તીર્થંકરોની સામાન્ય સ્તુતિ વડે કરવામાં આવ્યો છે, જેમાં અષ્ટાપદ અને તેના પર બંધાયેલા મંદિરો તથા તેની અંદર રહેલી મૂર્તિઓનો ઉલ્લેખ ખાસ ધ્યાન ખેંચે છે. સમસ્ત જૈન-તીર્થોમાં આ તીર્થની મહત્તા ઘણી જ છે. તેનું સ્થાન સહુથી પહેલું આવે છે, કારણ કે ત્યાં યુગાદિદેવ શ્રી ઋષભદેવ ભગવાનનું નિર્વાણ થયેલું અને ત્યાં જ ભરતખંડના પ્રથમ-ચક્રવર્તી ભરતમહારાજાએ એક માસનું અનશન કરીને સિદ્ધિ-ગતિને સાધેલી છે.*

## (૬) પ્રકીર્ણક :

શ્રી તરુણપ્રભસૂરિએ વિ.સં. ૧૪૧૧ માં રચેલી ષડાવશ્યક-બાલાવબોધમાં આ સૂત્રનો ઉલ્લેખ પ્રભાતમાં માંગલિક તરીકે બોલવાના નમસ્કાર તરીકે મળે છે– **एतलइ रात्रिप्रतिक्रमण हुअउं । तउ पाछइ कम्मभूमिहिं, पढम–संघयणि**-ઇત્યાદિ નમસ્કાર, શ્રીઋષભ-વર્દ્ધમાનક ઇત્યાદિ સ્તવન, પ્રતિલેખનાદિક-કુલક (અટ્ઠાવયંમિ ઉસહો ઇત્યાદિ પ્રભાત-માંગલિક ભાવના- કુલક પૃષ્ઠ ૪૮). આ નમસ્કાર, પોથી ૨, ૫ અને ૬ માં **कम्मभूमिहिं कम्मभूमिहिं, जग–चिंतामणि** जगह नाह અને **जं किंचि नामतित्थं** એ ત્રણ ગાથાઓવાળો આપેલો છે. વિ. સં. ૧૬૭૮માં લખાયેલી પોથી ૧૧ માં આ પાઠ છ ગાથાવાળો નજરે પડે છે. વિ.સં. ૧૭૫૧માં શ્રી જિનવિજયજીએ રચેલા ષડાવશ્યક-બાલાવબોધમાં સિદ્ધસ્તવની **चत्तारि अट्ठ दस दोअ** ગાથાના વિવરણ-પ્રસંગે જણાવ્યું છે કેઃ શ્રી ગૌતમસ્વામી જ્યારે અષ્ટાપદ-પર્વત પર વંદન કરવા ગયા, ત્યારે તેમણે આ ગાથામાં જણાવેલા ક્રમ પ્રમાણે જિન-બિંબાને જગચિંતામણિની બે ગાથા વડે ચૈત્યવંદન કર્યું હતું.

ચત્તારિ અટ્ઠ દશ ગાથાના જુદા જુદા અર્થો :

ચત્તારિઅટ્ઠદસદોયવંદિયા જિણવરાચઊવ્વીસં;
પરમટ્ઠનિટ્ઠિઅટ્ઠા સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૧

### ૧) અષ્ટાપદ ઉપર વંદન

અ (દક્ષિણ દિશામાં) ચાર, (પશ્ચિમ દિશામાં) આઠ, (ઉત્તર દિશામાં) દશ, અને (પૂર્વ દિશામાં) બે. એ પ્રકારે અષ્ટાપદ ઉપર વંદન કરાયેલા અને પરમાર્થ સમાપ્ત કરીને મોક્ષમાં ગયેલા ચોવીશ તીર્થંકરો મને સિદ્ધિ આપો.

અથવા - (ઉપરની મેખલામાં) ચાર, (વચ્ચેની મેખલામાં) આઠ, (નીચેની મેખલામાં) દશ અને બે. એ પ્રમાણે પણ અષ્ટાપદ ઉપર વંદન થાય છે.

કવિરાજ શ્રી પદ્મવિજયજી મહારાજ, જેઓ વિ. સં.ની ઓગણીસમી સદીના પ્રારંભમાં વિદ્યમાન હતા, તેમણે અષ્ટાપદના સ્તવનમાં જગ-ચિંતામણિ તિહાં કર્યું, મારા વહાલાજી રે એવો નિર્દેશ કરેલો છે.

* જુઓ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર

# 18

# ॥ વિવિધ કોશ અનુસાર અષ્ટાપદનાં અર્થ ॥

**પ્રસ્તાવના :**

વિભિન્ન ભાષાકીય કોષમાં આપેલા અષ્ટાપદ તથા કૈલાસના વિવિધ અર્થોનું અર્ચના પરીખ દ્વારા અત્રે સંકલન કરવામાં આવ્યું છે.

## (૧) ભગવદ્ગોમંડલ :

મહારાજા ભગવતસિંહજીની દીર્ઘદ્રષ્ટિ અને ભાષાપ્રેમ આ કોશમાં જોવા મળે છે. તેમાં બે લાખ, એક્યાશી હજાર, ત્રણસો સિત્તેર મૂળ શબ્દો છે. 'ભગવદ્ગોમંડલ' એ ડિક્ષનરી કે જોડણીકોશ નહીં પણ ગુજરાતી ભાષાના ગૌરવ સમાન 'વિશ્વકોશ' છે. તેના પ્રથમ ભાગમાં (અ-અં) અષ્ટાપદ શબ્દનો અર્થ મળે છે.

### ભાગ-૧ (અ-અં)

**અષ્ટાપદ** = પું. કૈલાસ પર્વત

= નું. સોનું, સુવર્ણ, કનક, હિરણ્ય, હેમ, કાંચન, ગાંગેય, ચામીકર, જાતરુપ, મહારજત્, જાંબુનદ

**કંચન અર્જુન કાર્તસ્વર હેમ હિરણ્ય સુવર્ણ**
**અષ્ટાપદ હારક પુરટ શાંતકુંભ હરિ સ્વર્ણ**

- પિંગળ લઘુકોશ.

= વિ. આઠ પગવાળું

ભગવદ્ગોમંડલના પ્રથમ ભાગમાં અષ્ટાપદના આઠ અર્થો ઉપલબ્ધ છે જેમાંથી અત્રે અભિપ્રેત અર્થો અહીં દર્શાવ્યા છે. (ભગવદ્ગોમંડલ, ભાગ-૧, પૃ. ૬૨૨)

### ભાગ-૩

કૈલાસ = (૧) પું. એક જાતનું ૭ ખૂણાવાળું દેવ મંદિર. તેમાં આઠ ભૂમિ અને અનેક શિખર હોય છે. તેનો વિસ્તાર અઢાર હાથ હોય છે.

(૨) પું. શિવની નગરી, દેવતાઓનું સ્વર્ગ.

(૩) પું. હિમાલયનું એ નામનું શિખર. તે માનસરોવરથી પચીશ માઈલ દૂર ઉત્તરે ગંગ્રી પર્વતમાળાની પેલી તરફ નીતિઘાટની પૂર્વે આવેલ છે. તેના ઉપર શંકર ભગવાન અને પાર્વતી રહે છે એમ કહે છે. શ્રી કૃષ્ણે અહીં તપ કર્યું હતું. બદરિકાશ્રમ

---

Ashtapad in Various Dictionaries Vol. V Ch. 35- A to D, Pg. 2203-2212

કૈલાસ ઉપર આવેલ છે. કૈલાસને હેમકૂટ પણ કહે છે. જૈન લોકો કૈલાસને અષ્ટાપદ પર્વત કહે છે. આ પર્વતની પરિક્રમણામાં ત્રણ દિવસ લાગે છે. તેનો પચીશ માઈલનો ઘેરાવો છે. પરિક્રમણ કરનારે ગૌરીકુંડ સરોવરના પાણીનો સ્પર્શ કરવો જ જોઈએ. આ સરોવરનું પાણી બારે માસ બરફ થઈ ગયું હોય છે.

## (૨) સચિત્ર અર્ધ-માગધી કોષ :

આ કોષ શતાવધાની જૈનમુનિ શ્રી રત્નચન્દ્રજી મહારાજ દ્વારા તૈયાર કરી પાંચ ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ કોષમાં અર્ધમાગધી, સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, ગુજરાતી એમ પાંચ ભાષાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**ભાગ-૫**

**१. अट्ठावय पुं. न. अष्टापद**

અત્રે અષ્ટાપદના વિભિન્ન છ જેટલાં અર્થો મળે છે જેમાંથી,

(i) જેના ઉપર ઋષભદેવ સ્વામી નિર્વાણ પદ પામ્યા, તે પર્વત અષ્ટાપદ નામે પર્વત.
जिस पर्वत पर से ऋषभदेवस्वामी ने निर्वाण प्राप्त किया था, उस पर्वत का नाम – अष्टापद.
A mountain called Ashtapad where Rishabhadev swami obtained liberation.
*(पंचा. १९, १७, प्रव. ३९४)*

(ii) અષ્ટાપદ નામનો દ્વીપ
अष्टापद नाम का द्वीप
An island called Ashtapad.
*(जीवा. ३, ३)*

सिहर न. शिखर – અષ્ટાપદ પર્વતનું શિખર.
अष्टापद पर्वत का शिखर
A summit of mount Ashtapad

सेल पुं. (शैल) અષ્ટાપદ નામનો પર્વત
अष्टापद नामका पर्वत
The mountain named Ashtapad
*(कप्प. ७, २१७)*
(સચિત્ર અર્ધમાગધી કોશ, *Vol. 1, Page-132)*

**२ अट्ठावय = पुं. अष्टापद = સુવર્ણ, સોના,** Gold

અષ્ટાપદનો આ અર્થ આગળના અર્થ સાથે સંમિલિત કરતાં સુવર્ણનો પર્વત એવો અર્થ થાય છે.

(સચિત્ર અર્ધમાગધી કોશ, Vol:5, P. 1 & 8)

## (૩) Sanskrit - English Dictionary by Sir Monier - Williams

Meaning of Ashtapad as per the dictionary is as under

Ashtapada : The Mountain Kailas *(Dictionary pg no. 116)*

## 19

# ॥ અષ્ટાપદના વિવિધ શાસ્ત્રીય ઉલ્લેખો ॥

**પ્રસ્તાવના :**

આ લેખમાં જૈન સાહિત્યમાં સમાવિષ્ટ આગમ ગ્રંથો તથા આગમેતર પ્રાચીન ગ્રંથોમાં જયાં-જયાં અષ્ટાપદ, સિંહનિષદ્યા પ્રાસાદ તથા તેની સાથે સંબંધિત વિવિધ વિષયોની માહિતી પ્રાપ્ત થાય છે. તે મૂળ શ્લોકો અને તેના સ્થાન સહિત પૂ. સાધ્વી ચંદનબાળાશ્રીજી દ્વારા સંકલિત કરવામાં આવી છે.

* **त्रिषष्टिशलाकापुरुषचरितम् । प्रथमं पर्व – षष्ठसर्गः**

दीक्षाकालात् पूर्वलक्षं अपालयित्वा ततः प्रभुः ।
ज्ञात्वा स्वमोक्षकालं च, प्रतस्थेऽष्टापदं प्रतिः ।।४५९।।

शैलमष्टापदं प्राप, क्रमेण सपरिच्छदः ।
निर्वाणसौधसोपानमिवाऽऽरोहच्च तं प्रभुः ।।४६०।।

सान्तः पुरपरीवारो... प्रत्यष्टापदमार्षभिः ।।४६५।।
क्षणेनाऽष्टापदाचलम् ।।४७६।।
अध्यारुरोह भरतस्ततोऽष्टापदपर्वतम् ।।४७७।।

* **सिंहनिषद्या प्रासादनुं वर्णन**

त्रिषष्टिशलाकापुरुषचरितम् । द्वितीयं पर्व पञ्चमसर्गः
(श्लोक – ८७ तः १७८)

* **त्रिषष्टिशलाकापुरुषचरितम् द्वितीयं पर्व–पञ्चमसर्गः**

... तेऽन्यदाऽष्टापदं प्रापुः श्लो. ८७
... चैत्यसिंहनिषधाख्यं... श्लो. १००
सोपानभूतानि पदान्यष्टाऽयुं परितो व्यधात् ।

---

Various References on Ashtapad Vol. X Ch. 67-C, Pg. 4355-4363

भरतो येन तेनाऽयमष्टापद उदीर्यते ।।१०५।।
... अष्टापदगिरिर्जज्ञे, श्लो. ११३।।
अष्टापदगिरावत्र, धन्यास्ते पक्षिणोऽपि हि ।। श्लो. १२६
अष्टापदं समं स्थानं... श्लो. १३० ।।
किन्त्वष्टापदतीर्थस्याऽमुष्य रक्षणहेतवे । श्लो. १५०।।
अष्टापदाद्रिपरिखां, गङ्गां प्राप समुद्रवत् ।।१६५।।

अष्टापदाद्रिपरिखापूरणार्थमकृष्यत ।

जह्नुना यत् ततो गङ्गा ततः प्रभृति जाह्नवी ।।१६७।।
त्रिषष्टिशलाकापुरुषचरितम् । द्वितीयं पर्व - षष्ठसर्गः
...व्यग्रानष्टापदत्राणे, दग्ध्वाऽयासीः क्व रेऽधुनी ।।२९।।

अष्टापदाद्रिपरिखापूरणाय सरिद्वश । ... ।। ५३६।।
अष्टापदाभ्यर्णवर्ति... श्लो. ।। ५३८ ।।
पूरयित्वाऽष्टापदाद्रिपरिखां.. श्लो. ।।५४१।।

* त्रिषष्टिशलाकापुरुषचरितम् । दशमं पर्व-नवमः सर्गः ।

योऽष्टापदे जिनान् नत्वा वसेद्रात्रिं स सिध्यति । ... श्लो. १८१
...। इयेषाष्टापदं गन्तु तीर्थकृद्वन्दनाकृते ।।१८२।।
...। आदिदेशाष्टापदेऽर्हद्वन्दनायाथ गौतमम् ।।१८३।।
...। वायुवच्चारणलब्ध्या क्षणादष्टापदं ययौ ।।१८४।।
इतश्चाष्टापदं मोक्षहेतुं श्रुत्वा तपस्विनः.... ।।१८५।।

**१८६ तः १९७ - १५०० तापसोनो संबंध**

योऽष्टापदे जिनान् नत्वा, वसेद् रात्रिं स सिध्यति ।

જે અષ્ટાપદ પર્વત પર રહેલી જિન પ્રતિમાઓને વંદન કરીને ત્યાં એક રાત્રિ ગાળે છે, તે સિદ્ધ થાય છે. શ્રી ગૌતમસ્વામીએ ચારણલબ્ધિ વડે આ તીર્થની યાત્રા કરીને ત્યાં એક રાત્રિ પસાર કરીને પોતાના ચરમશરીરીપણાની ખાતરી કરી હતી એવો વૃદ્ધવાદ છે. આ બાબતનો ઉલ્લેખ શ્રી હેમચંદ્રાચાર્ય ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના દસમા પર્વના નવમા સર્ગના શ્લોક-૧૮૧માં કરેલ છે.)

(પ્રબોધટીકા ભા-૧ જગચિંતામણિ ચૈત્યવંદન)

* त्रिषष्टिशलाकापुरुषचरितम् । सप्तमं पर्व-द्वितीयःसर्ग

विविधाभिग्रहस्तपस्तत्परः प्रतिमाधरः । ध्यानवान्निर्ममोःवालीमुनिर्व्याहरतावनौ ।।२२७।।
अष्टापदादौ गत्वा च कायोत्सर्गमदत्त सः ।... ।।२२९।।

नित्यालोकपुरे नित्यालोकविद्याधरेशितुः ।
कन्यां रत्नावलीं नाम्ना तदोद्वोढुं चचाल सः ।।२३५।।

अष्टापदाद्रेरुपरि गच्छतस्तस्य पुष्पकम् ।
विमानं स्खलितं सद्यो वप्रे बलमिव द्विषाम् ।।२३६।।

શ્લોક ૨૩૭થી ૨૪૩ સુધી રાવણ કુપિત થાય છે તે વર્ણન અષ્ટાપદપર્વત નીચે વાલીમુનિ પ્રતિમાસ્થિત હતા. ક્રોધિત એવો રાવણ વાલીમુનિને કહે છે કે પર્વતસહિત તને ઉપાડીને લવણસમુદ્રમાં નાંખીશ.

एवमुक्त्वा विदार्य क्ष्मामष्टापदगिरिस्तले ।... ।।२४४।।

વાલીમુનિ અવધિજ્ઞાન વડે રાવણે અષ્ટાપદગિરિ ઉપાડયો તે જાણીને વિચારે છે કે અનેક પ્રાણીનો સંહાર થશે.

ભરતક્ષેત્રભૂષણ એવા તીર્થનો નાશ કરવા માટે રાવણ યત્ન કરે છે હું ત્યક્ત સંગવાળો છું ઇત્યાદિ... તો પણ ચૈત્યના રક્ષણમાં પ્રાણીઓના રક્ષણ માટે રાગ-દ્વેષ વગર આને કાંઈક હું શિક્ષા કરું. શ્લોક ૨૪૫થી ૨૫૩

एवं विमृश्य भगवान् पादाङ्गुष्ठेन लीलया ।
अष्टापदाद्रेर्मूर्धानं वाली किञ्चिदपीयत् ।।२५३।।

શ્લોક ૨૫૪થી ૨૬૪ સુધી રાવણ પશ્ચાતાપ કરીને વાલીમુનિને ત્રણ પ્રદક્ષિણા કરી નમસ્કાર કરે છે તે વર્ણન.

શ્લોક ૨૬૫થી ૨૭૬ સુધી રાવણ ભરતેશ્વર નિર્મિત ચૈત્યમાં જાય છે ત્યાં ભક્તિ કરે છે. ધરણેન્દ્ર ત્યાં આવે છે અને રાવણની ભક્તિથી સંતુષ્ટ થઈને વિદ્યા આપે છે તેનું વર્ણન.

प्रणम्य वालिनं भूयस्तच्छैलमुकुटोपमे ।
जगाम रावणश्चैत्ये भरतेश्वरनिर्मिते ।।२६५।।
चन्द्रहासादिशस्त्राणि मुक्त्वा सान्तःपुरः स्वयम् ।
अर्हतामृषभादीनां पूजां सोऽष्टविधां व्यधात् ।।२६६।।

## * રાવણને વિદ્યાપ્રાપ્તિ :

उक्त्वेत्यमोघविजयां शक्तिं रुपविकारिणीम् ।
सोऽदाद्विद्यां रावणाय जगाम च निजाश्रयम् ।।२७६।।

## * પૂ. ધર્મઘોષસૂરિકૃત અષ્ટાપદમહાતીર્થકલ્પમાં કહ્યું છે-

सिद्धायतनप्रतिमं सिंहनिषद्येति यत्र सुचतुर्द्धा ।
भरतोऽरचयच्चैत्यं स जयत्यष्टापदगिरीशः ।।८।।

## * પ્રતિમાશતક - શ્લોક - ૭ની ટીકામાં -

अत एव च यतनया ग्रामानुग्रामं विहरता गौतमस्वामिनाऽष्टापदारोहावरोहयोः जङ्धाचारणलब्धिं प्रयुज्य तच्चैत्यवन्दने निर्दोषता तद्वन्दनं चोक्तमुत्तराध्ययननिर्युक्तौ–

''चरमसरीरो साहू आरुहइ णगवरं ण अन्नो'' त्ति (अ. १० गा. २५०)
एयं तु उदाहरणं कासीय तहिं जिणवरिंदो सोऊण तं भवगतो
गच्छइ तहिं गोयमो पहितकित्ती आरुज्झंतं णगवरं पडिमाओ
वंदइ जिणाणं ति, भगवं च गोअमो जंधाचरणलद्धीए
लूतातंतुमि णिस्साए उड्ढं उप्पइओ त्ति चूर्णिः ।

જે સાધુ ચરમશરીરી હોય તેજ નગવર = અષ્ટાપદપર્વત ઉપર ચડી શકે અન્ય નહિ.

ઉત્તરાધ્યયન નિર્યુક્તિ અ. ૧૦ ગા. ૧૦

* अभिधानचिन्तामणिः काण्ड–४ માં

रजताद्रिस्तु कैलासोऽष्टापदः स्फटिकाचलः ।।९४।।

અષ્ટાપદપર્વત કૈલાસ હોવાનો અભિપ્રાય કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે કરેલ છે.

* **અષ્ટાપદગિરિકલ્પમાં પૂ. આ. જિનપ્રભસૂરિમહારાજે કહ્યું છે–**

तीसे अ उत्तरदिसाभाए बारसजोअणेसुं अट्ठावओ नाम केलासापराभिहाणो रम्भो नगवरो अट्ठ जोअणुच्चो ।

(વિવિધતીર્થકલ્પ સિં. જૈ. ગ્રં. પૃ. ૯૧)

* **શ્રી વસુદેવહિંડી**ના ૨૧માં લંભકમાં અષ્ટાપદ સંબંધી બે ઉલ્લેખો છે.

તેમાં જણાવ્યું છે કે આ પર્વત વૈતાઢય પર્વત સાથે જોડાયેલો છે ઊંચાઈમાં આઠ યોજન ઊંચો છે, તથા તેની તળેટીમાં નિયડી નામની નદી વહે છે.

(પ્રબોધટીકા ભા. ૧ જગચિંતામણિ સૂત્ર)

* जंबूद्वीपप्रज्ञप्ति सूत्र - ૩૩માં

પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાન પોતાનો મોક્ષકાલ નજીક આવેલો જાણીને દસહજાર મુનિવરો સાથે અષ્ટાપદ પર્વત ઉપર ગયા હતા અને ત્યાં ચતુર્દશભક્ત એટલે છ ઉપવાસની તપશ્ચર્યાપૂર્વક પાદપોપગમન અનશન કરીને નિર્વાણપદને પ્રાપ્ત થયા હતા. આ સ્થળે દેવોએ રત્નના ત્રણ સ્તૂપ કર્યા હતા.

(પ્રબોધટીકા ભા. ૧ જગચિંતામણિ ચૈત્યવંદન)

* અષ્ટાપદપર્વત કોશલદેશની સીમા પર કે તેની નજીક આવેલો હોવો જોઈએ તેમ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના નીચેના ઉલ્લેખ પરથી સમજાય છે.

दसहि रायवरसहस्सेहिं सद्धिं संपरिवुडे विणीअं रायहाणिं मज्झेण णिग्गच्छइ णिग्गच्छित्ता मज्झदेसे सुहंसुहेण विहरइ, विहरित्ता तेणेव अट्ठावयपव्वते तेणेव उवागच्छइ ।

ભરત ચક્રવર્તીનો આ અધિકાર છે. ભરત ચક્રવર્તી દસ હજાર રાજાઓથી પરિવૃત્ત થઈને વિનીતા નામની રાજધાનીની મધ્યમાંથી નીકળીને મધ્યદેશમાં કોશલદેશની મધ્યમાં (मध्यदेश – कोशल – देशस्थमध्ये टी.) વિચરે છે અને વિચરીને જ્યાં અષ્ટાપદ પર્વત આવેલો છે ત્યાં જાય છે.

* ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજે જૈનતત્ત્વાદર્શમાં ૧૧માં પરિચ્છેદમાં જણાવ્યું છે કે,

श्री ऋषभदेवजीका कैलास पर्वतके उपर निर्वाण हुआ... जब भरतने कैलास पर्वत के उपर सिंहनिषद्या नामक मंदिर बनाया, उसमें आगे होनेवाले तेईस तीर्थंकरों की और श्री ऋषभदेवजी की अर्थात् चौवीश प्रतिमाकी स्थापना की । और दंडरत्न से पर्वत को ऐसो छीला कि जिस पर कोई पुरुष पगों से न चढ सके । उसमें आठ पद (पगथिये) रक्खे । इसी वास्ते कैलासपर्वत का दूसरा नाम कहते है । तबसे ही कैलास महादेव का पर्वत कहलाया । महादेव अर्थात् बडे देव, सो ऋषभदेव। जिसका स्थान कैलास पर्वत जानना (पृ. ४०९-४१०)

* **પ્રતિમાશતક - શ્લોક - ૬૭ની ટીકામાં -**

◆ आचाराङ्ग सूत्र-२ / अध्याय ३ / निर्युक्तिगाथायां - ३३२

अट्ठावयमुज्जिंते गयग्गपये य धम्मचक्के य
पास-रहावत्तं चिय चमरुप्पायं च वंदामि ।।

वृत्तिः - एवमष्टापदे तथा श्रीमदुज्जयन्तगिरौ, गजाग्रपदे
दशार्णकूटवर्तिनि, तथा तक्षशिलायां धर्मचक्रे, तथा ऽहिच्छत्रायां
श्रीपार्श्वनाथस्य धरणेन्द्रकृतमहिमास्थाने, एव रथावर्त्तपर्वते- वैरस्वामिना यत्र पादपोगमनं कृतं, यत्र च श्रीवर्द्धमानस्वामिनमाश्रित्य चमरेन्द्रेणौत्पतनकृतम् ।
एतेषु च स्थानेषु यथासम्भवमभिगमनवन्दनपूजनोत्कीर्तनादिकाः क्रियाः कुर्वतो दर्शनशुद्धिर्भवतीति
(आचाराङ्गनिर्युक्ति गा. ३३२)

* **ગંગાનદી ભાગીરથી કેમ કહેવાઈ તેનું વર્ણન :**

વળી સગર ચક્રવર્તીના જહ્નુકુમાર આદિ સાઠ હજાર પુત્રો, એ પર્વતની આસપાસ ખાઈ ખોદાવીને તેમાં ગંગાનદીનું જલ લઈ જાય છે અને તેમ કરતાં મરણ પામે છે તથા પાછળથી સગર ચક્રવર્તીના પૌત્ર ભાગીરથ ત્યાં જઈને ગંગાનદીને દંડ વડે આકર્ષે છે અને તેથી તે ગંગાનદી કુરુદેશના મધ્યભાગથી, હસ્તિનાપુરની દક્ષિણથી, કોશલદેશની પશ્ચિમથી, પ્રયાગની ઉત્તરમાં, કાશીના દક્ષિણમાં,. અને અંગ તથા મગધદેશની ઉત્તર તરફ થઈને પૂર્વ સાગરમાં ભળી જાય છે, જ્યાં તે ગંગા-સાગર તરીકે ઓળખાય છે અને ભાગીરથના નામ પરથી તેનું નામ ભાગીરથી પડે છે. તે આખી વાત અષ્ટાપદને ગંગાનદીના મૂળ સાથે સંબંધ હોય તેમ જણાવે છે. પૂર્વકાલે કોશલદેશનો વિસ્તાર મોટો હતો અને તેની ઉત્તર સરહદ હિમગિરિ સુધી વિસ્તરેલી હતી એટલે એ સ્થળ હિમાલયમાં જ કોઈક સ્થળે આવેલું હશે તેમ જણાય છે. (પ્રબોધ ટીકા ભા.૧ જગચિંતામણિ ચૈત્યવંદન) આના સંબંધ માટે જુઓઃ આધાર સ્થાનઃ-

त्रिषष्टिशलाकापुरुषचरितम् द्वितीयं पर्व-षष्ठसर्गः

श्लोक ५४० तः ५७६

* **ચરમશરીરી અષ્ટાપદની યાત્રા કરી શકે તેનું વર્ણન :**

જૈન શાસ્ત્રોમાં એવા ઉલ્લેખો મળે છે કે જે ચરમશરીરી હોય અર્થાત્ તે જ ભવમાં મોક્ષે જનાર

હોય, તે જ અષ્ટાપદની યાત્રા કરી શકે છે.

(જુઓ ઉત્તરાધ્યયન નિર્યુક્તિ અ. ૧૦ ગાથા-૨૯૦)

''चरमसरीरो साहू आरुहइ नगवरं,'' न अन्नो त्ति ।।

આ બાબતનો ઉલ્લેખ શ્રી હેમચંદ્રાચાર્યસૂરિ મહારાજે ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના દશમાં પર્વના નવમાં સર્ગમાં આ પ્રમાણે કરેલ છે.

''यो अष्टापदे जिनान् नत्त्वा वसेद् रात्रिं स सिद्धति'' ।।

જે અષ્ટાપદ પર્વત પર રહેલી જિનપ્રતિમાઓને વંદન કરીને ત્યાં એક રાત્રિ ગાળે છે, તે સિદ્ધ થાય છે. શ્રી ગૌતમસ્વામીએ ચારણલબ્ધિ વડે આ તીર્થની યાત્રા કરીને ત્યાં એક રાત્રિ પસાર કરીને પોતાના ચરમશરીરીપણાની ખાતરી કરી હતી એવો વૃદ્ધવાદ છે.

* **ધર્મસંગ્રહ ભા. ૧ વિ. ૨ શ્લોક-૬૧માં -**

સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રના અર્થમાં -

''चतारि-अट्ठ-दस-दोय, वंदिआ जिणवरा चउव्वीसं परमट्ठनिट्ठिअट्ठा, सिद्धा सिद्धिं मम दिसंतु ।।५।।

સળંગ અર્થ એમ થાય છે કે ''અષ્ટાપદ પર્વત ઉપર ભરત મહારાજાએ ભરાવેલા અનુક્રમે પૂર્વાદિ સન્મુખ સ્થાપન કરેલા ચાર, આઠ, દશ અને બે એમ ચોવીસ જિનવરો કે જેઓનાં સર્વ કાર્યો સર્વ રીતિએ પૂર્ણ થયા છે અને તેથી જેઓ સિદ્ધ છે, તેઓ મારાથી વંદન કરાયેલા મને સિદ્ધિ (મોક્ષ)ને આપો.''

અષ્ટાપદતીર્થની વંદનારૂપ ચૈત્યવંદનાનો આ અગીયારમો અધિકાર કહ્યો.

* **વિ.સં. ૧૭૫૧માં શ્રી જિનવિજયજીએ રચેલા ષડાવશ્યક બાલાવબોધમાં સિદ્ધસ્તવની,**

चत्तारि अट्ठ दस दोय ગાથાના વિવરણ પ્રસંગમાં જણાવ્યું છે કે શ્રી ગૌતમસ્વામી જ્યારે અષ્ટાપદપર્વત ઉપર વંદન કરવા ગયા ત્યારે તેમણે चत्तारि... ગાથામાં જણાવેલા ક્રમ પ્રમાણે જિનબિંબોને જગચિંતામણિની બે ગાથા વડે ચૈત્વવંદન કર્યું હતું.

* શ્રી તરુણપ્રભસૂરિએ વિ.સં. ૧૪૧૧માં રચેલ ષડાવશ્યક બાલાવબોધમાં જગચિંતામણિ સૂત્ર બોલવાનો ઉલ્લેખ પ્રભાતમાં માંગલિક તરીકે બોલવાના નમસ્કાર તરીકે મળે છે.

अट्ठावयंमि उसहो ઇત્યાદિ પ્રભાત માંગલિક ભાવનાકુલક પૃષ્ઠ. ૪૮

* ઉત્તરાધ્યયન સૂત્રના ૧૦માં દ્રુમપત્રક અધ્યયન અને ૧૮માં સંયતીય અધ્યયનમાં પણ અષ્ટાપદ વિષયક ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

पृष्ठिचम्पायां .... प्रभुर्जगौ ।

अथ निर्युक्तिगाथा-

दुमपत्तेणोवम्मं .... प्रभुर्दत्ते ।

उत्तराध्याया :- दशमं दुमपत्रकनामाध्ययनम् परमपूज्यगच्छाधिपतिजयकीर्त्तिसूरिविरचित-दीपिकाटीकायाम् प्रारम्भे नवीनसंस्करण -भद्रंकर प्रकाशन, पृष्ठ- १५१

सगरो वि सागरंतं, भरहवासं नराहिवो
इस्सरियं केवलं हिच्चा, दयाए परिरिव्युओ।।३५।।

निर्युक्ति गाथा –

अजियस्स कुमास्तं अट्ठारसपुव्वसयसहस्साइं।
तेवन्नं पुव्वंगं, रज्जे पुव्वंगऊण लकखवयं।।

सगरः श्रीअजितापर्श्वे प्रव्रज्य ७२ लक्षपूर्वायुः सिद्ध :।

आयंसघरपवेसो, भरहे पडणं च अंगुलीयस्स।
सेसाणं उम्मुयणं, संवेगो नाण दिक्खा य ।।१।। (आ. नि./गा.४३६)

केवलादनु इन्द्रो ज्ञानेनैत्य तेनात्ते च लिङ्गे तस्मै अनमत्। दशनृपसहस्त्रैः सह दीक्षा, केवलित्वे विहारो**ऽष्टापदे** मासानशनान्मुक्तिः ।।३४।।

આરિસા ભવનમાં પ્રવેશ કરતાં ભરત મહારાજાની આંગળીમાંથી વીંટી પડી ગઈ પછી બાકીના અંગો પરથી પણ દાગીના ત્યાગ કરતાં સંવેગ ઉત્પન્ન થયો, કેવળજ્ઞાન થયું અને દીક્ષા લીધી.

કેવળજ્ઞાન થયા પછી ઈન્દ્રે જ્ઞાન વડે જાણીને તેમને (ભરત મહારાજાને) રજોહરણ આપ્યું અને તેમને નમન કર્યું. દશ હજાર રાજાઓ સાથે દીક્ષા લઈ કેવલીપણામાં વિહાર કરતાં ભરત મહારાજા અષ્ટાપદ પર્વત પર એક માસનું અનશન કરી મુક્તિ પામ્યાં.

उत्तराध्यायाः– अष्टादशं संयतीयाध्ययनम् परमपूज्यगच्छाधिपतिजयकीर्तिसूरिविरचित–दीपिकाटीकायाम् –गाथा– ३५
नवीनसंस्करण–भद्रंकर प्रकाशन, पृष्ठ– २६१–२६२

* તપગચ્છીય ભાવવિજયજી વિરચિત ઉત્તરાધ્યયન સૂત્રની ટીકામાં પણ ૧૦માં દ્રુમપત્રક અધ્યયનમાં દર્શાવેલ ગૌતમસ્વામીની અષ્ટાપદ યાત્રા તથા જગચિંતામણિ સૂત્રની રચના વિષયક શ્લોકો જોવા મળે છે, જે આ પ્રમાણે છે :

गौतमस्तु गतः शैल–मौलौ भरतकारितम्। हृतावसादं प्रासादं दर्शनीयं ददर्श तम्।।४५।।
मानवर्णान्वितानादि–जिनादीन् स्थापनाजिनान्। ननाम नित्यप्रतिमा–प्रतिमांस्तत्र च प्रभुः ।।४६।।
साक्षादिव जिनांस्तांश्च दर्शं दर्शं प्रमोदभाक्। सन्तुष्टावातिसन्तुष्ट–चेता इति गणाधिपः।।४७।।
''जगचिंतामणि जगनाह जगगुरु जगरक्खण जगबंधव जगसत्थवाह जगभावविअक्खण।
अट्ठावयसंठविअरुव कम्मट्ठविणासण, चउवीसं वि जिणवर जयंतु अप्पडिहयसासण।।४८।।''
इति स्तुत्वा च नत्वा च, चैत्यान्निर्गत्य गौतमः। उवास रात्रिवासाया–ऽशोकोऽशोकतरोस्तल।।४९।।

# *Chapter 2*

# *Analytical Articles on Ashtapad*

## અભિનંદન-સુમતિ-પદ્મપ્રભુ જિન વંદના...

संवरवंसाभरणं, देवो सिद्धत्थपुव्वदिसिभाणू ।
अभिणंदणजिणयंदो, हणेउ सइ अम्ह दुरियाइं ।।४।।

સંવર રાજાના વંશમાં આભૂષણરૂપ, સિદ્ધાર્થી દેવીરૂપી પૂર્વ દિશામાં સૂર્ય સમાન અને વિશ્વને આનંદદાયી એવા હે **અભિનંદનસ્વામી !** તમે અમને પવિત્ર કરો. ૪

जय मंगलामणकुमुय-चंदो मेहण्णयावणि जलहरो ।
सुमई जिणिंदणाहो, जो भवियजण-मण-दुहहरणो ।।५।।

મેઘરાજાના વંશરૂપી વનમાં મેઘ સમાન અને મંગળામાતા રૂપી મેઘમાલામાં મોતીરૂપ એવા હે **સુમતિનાથ!** હું તમને નમસ્કાર કરું છું. ૫

सामि ! धरनरिंदजलहि-सोम ! सुसीमासरोवरसरोय ! ।
पउमप्पह- तित्थयरो !, तुब्भं सययं नमो अत्थु ।।६।।

ધરરાજા રૂપી સમુદ્રને ચંદ્ર સમાન અને સુસીમાદેવી રૂપી ગંગા નદીમાં કમલસમાન એવા હે **પદ્મપ્રભુ!** તમને હું નમસ્કાર કરું છું. ૬

1

# ॥ શ્રી અષ્ટાપદ મહાતીર્થ ॥

ડૉ. કુમારપાળ દેસાઈ

## * જૈન ધર્મ :

આજના સમયના જગતના ધર્મોમાં જૈન ધર્મ એક અતિ પ્રાચીન ધર્મ છે. ભારતમાં ઉદ્‌ભવેલા આ ધર્મને અનુસરનારાઓ ભારત ઉપરાંત આજે વિશ્વના અનેક દેશોમાં વસે છે. જૈન ધર્મ આગવું તત્ત્વજ્ઞાન, સાહિત્ય, સ્થાપત્ય, નીતિશાસ્ત્ર, આચાર-પદ્ધતિ અને વિચાર-પદ્ધતિ ધરાવે છે.

'જિન' શબ્દનો અર્થ રાગ, દ્વેષ અને મોહના વિજેતા એવો થાય છે, આથી જ જેઓએ એના પર વિજય મેળવ્યો તેઓ વીતરાગ કહેવાયા. આવા 'જિન'ના અનુયાયીઓ તે જૈન અને આ જિને નિરૂપેલો ધર્મ તે 'જૈન ધર્મ.'

જૈન ધર્મના વર્તમાન સમયના ૨૪ તીર્થંકરોમાં ભગવાન ઋષભદેવ તે પ્રથમ તીર્થંકર છે અને ભગવાન મહાવીરસ્વામી તે ૨૪મા છેલ્લા તીર્થંકર છે. જૈન ધર્મનો મુખ્ય મંત્ર નવકાર મહામંત્ર છે. જૈન ધર્મના તત્ત્વજ્ઞાનથી કર્મવાદનો ગહનતાથી વિચાર કરવામાં આવ્યો છે તેમ જ જૈન ધર્મના તીર્થંકરોએ મોક્ષમાર્ગ દર્શાવ્યો છે.

જૈન ધર્મમાં પાંચ યામ એટલે કે મહાવ્રતોનો મહિમા છે અને તે પાંચ યામ છે - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ. અહિંસાને જ પરમધર્મ માનનારો આ ધર્મ વૈચારિક અહિંસા અને સહિષ્ણુતાને વધુ મહત્ત્વ આપે છે. બધાં દૃષ્ટિબિંદુઓમાં રહેલાં આંશિક સત્યોને સ્વીકારી તેમનો સમન્વય કરવો તે અનેકાંત છે. અનેકાંતવાદ એવી વિશાળ દૃષ્ટિ છે, જે વસ્તુનું ભિન્ન ભિન્ન દૃષ્ટિથી અવલોકન કરે છે. અહિંસામાંથી અનેકાંતદૃષ્ટિ જન્મે છે અને અનેકાંતદૃષ્ટિને કારણે અહિંસાનું વ્યાપક દર્શન સાંપડે છે. અનેકાંતવાદ એ જૈન ધર્મની જગતને આગવી દેન છે.

જૈન ધર્મમાં મનની શક્તિ માટે પચ્ચક્ખાણ, ધ્યાનની ઉચ્ચ ભૂમિકા માટે કાઉસગ્ગ, આંતરદોષની ઓળખ માટે પ્રતિક્રમણ, આંતરશુદ્ધિ માટે પર્યુષણ, વીરતાની ભાવના માટે ક્ષમા જેવી ભાવનાઓ અપનાવવાનો બોધ મળે છે.

## * તીર્થંકર :

સંસારરૂપી સમુદ્રમાંથી પાર ઊતરવા જીવાત્માઓ માટે ધર્મરૂપી તીર્થ એટલે કે ઘાટની જે રચના કરે તે તીર્થંકર. જે મહાન આત્માઓ સર્વ જીવોને ધર્મ પમાડવાની ભાવના સાથે પૂર્વના ભવમાં તીર્થંકર નામકર્મ બાંધી, મનુષ્ય તરીકે જન્મી, ઘાતીકર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાન પામી આ ભગીરથ કાર્ય કરે છે, તેઓ 'તીર્થંકર', 'અરિહંત' અથવા 'જિનેશ્વર' તરીકે ઓળખાય છે. પોતાનું આયુષ્ય પૂરું થતાં તેઓ સિદ્ધગતિ પામે છે, ત્યાર પછી ફરી જન્મ કે અવતાર લઈ તેમને સંસારમાં પરિભ્રમણ કરવાનું રહેતું નથી.

---

Shri Ashtapad MahaTirth Vol. XV Ch. 119-A, Pg. 6960-6972

જૈન ધર્મમાં સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ પણ 'જંગમ તીર્થ' તરીકે ઓળખાય છે. તીર્થંકરો આ જંગમ તીર્થની સ્થાપના કરે છે. માટે પણ તેઓ તીર્થંકર કહેવાય છે.

*** તીર્થ :**

તારે તે તીર્થ. તીર્થને પ્રવર્તાવે તે તીર્થંકર. તીર્થ એટલે ઘાટ અથવા તો કિનારો. ઘોર સંસાર સમુદ્રમાં સફર કરતાં જહાજોને એમની સફર પૂરી કરાવી કાંઠે પહોંચાડે તે તીર્થ ! તારણ સ્થળ ! અહીં પહોંચ્યા પછી માનવીને દુન્યવી જોખમ વેઠવાનાં હોતાં નથી અને આધ્યાત્મિક પ્રગતિ સાધે છે. જૈન ધર્મમાં તીર્થનું સવિશેષ મહત્ત્વ છે. સ્વયં તીર્થંકરો દેશના (ઉપદેશ) આપતાં પહેલાં સમવસરણ (ધર્મપરિષદ)માં 'नमो तित्थस्स' પદનું ઉચ્ચારણ કરીને તીર્થનો મહિમા કરે છે અને ભાવતીર્થોને નમસ્કાર કરે છે.

આવાં તારણસ્થળો એટલે કે તીર્થો બે પ્રકારનાં કલ્પવામાં આવ્યાં છે.

એક ભાવ તીર્થ અને બીજાં દ્રવ્ય તીર્થ.

બંનેનો ઉદ્દેશ આત્માની પવિત્રતા જગાડવાનો છે. રાગ-દ્વેષના બંધન ઢીલાં કરીને આખરે નિર્મૂળ કરવાનાં છે. ભાવતીર્થ એટલે અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ અને શ્રાવકો.

જૈન ધર્મમાં સંઘને પણ એક તીર્થ લેખવામાં આવ્યો છે. તીર્થંકર ભગવાન સ્વયં મોક્ષમાર્ગને અનુસરનાર એવા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા જેવા ચતુર્વિધ સંઘને તીર્થનું ગૌરવ આપે છે. આ ગૌરવ તે જૈન ધર્મની વિરલ વિશિષ્ટતાનું સૂચન કરે છે. જગતના અન્ય ધર્મોમાં ધર્મનું પાલન કરનારાઓને આટલો ઊંચો દરજ્જો આપવામાં આવતો નથી. એમને તીર્થ સમાન હોવાનું માન અપાતું નથી. એ તીર્થના ઉપાસક ગણાય. પરંતુ સ્વયં તીર્થસ્વરૂપ ન ગણાય. જૈન ધર્મે પોતાના સંઘનાં સાધુ, સાધ્વી ઉપરાંત શ્રાવક, શ્રાવિકાને પણ તીર્થસ્વરૂપ હોવાનું ગૌરવ આપ્યું છે. આ જ બાબત માનવી સાધનાથી કેટલું બધું પ્રાપ્ત કરી શકે છે એનો જિકર કરી જાય છે. આમાં તીર્થંકર ટોચ પર બિરાજે છે અને તેથી જ તેઓ સંઘના આરાધ્ય દેવ અને દેવોને પણ વંદનીય એવા દેવાધિદેવ ગણાય છે.

દ્રવ્યતીર્થ એટલે મંદિરો, દેરાસરો, સ્તૂપો, ગુફાઓ અને ચૈત્યો.

દરેક ધર્મને જેમ તીર્થો હોય છે તેમ વિશાળ ભારત વર્ષમાં અને વિદેશોમાં જૈનોનાં ઠેર ઠેર નાનાં મોટાં અનેક દેરાસરો મળે છે.

*** પાંચ મુખ્ય તીર્થ :**

જૈનોનાં સકલ તીર્થોમાં પણ પાંચ તીર્થો આંગળીને વેઢે ગણવામાં આવે છેઃ અષ્ટાપદ, સમ્મેતશિખર, આબુ, ગિરનાર અને શત્રુંજય.

આ પાંચમાં અષ્ટાપદ તીર્થ આજે લુપ્તપ્રાયઃ છે, તે અંગે અત્યારે સંશોધન ચાલી રહ્યું છે.

આ પાંચ તીર્થોમાં સમ્મેતશિખર ઉત્તર ભારતના બિહારમાં આવેલો ભવ્ય અને પવિત્ર પર્વત છે. એની પરમ પાવનતા એક-બે નહીં, પણ વીસ વીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ હોવાને કારણે જૈન ધર્મમાં એનું વિશેષ મહત્ત્વનું સ્થાન છે.

બાકીનાં ત્રણ તીર્થો ગુજરાતમાં આવ્યાં છે. અગિયારમી સદીના શિલ્પ સ્થાપત્યથી જગમશહૂર આબુ એની કીર્તિથી સુવિખ્યાત છે. ગિરનાર મહાભારતકાળથી પંકાયેલો, ભગવાન અરિષ્ટનેમિ અને મહાસતી રાજુલની ચરણરજથી પવિત્ર થયેલો પહાડ છે. આ ચાર પર્વતોમાં આબુ સૌથી ઊંચો છે. તે પછી સમ્મેતશિખર આવે છે, પછી ગિરનાર અને ત્યાર બાદ સૌથી છેલ્લો આવતો પણ સકલ તીર્થોમાં વડું તીર્થ ગણાતો શત્રુંજય છે.

*** પાંચ કલ્યાણક :**

જૈન ધર્મગ્રંથોમાં તીર્થંકરના જીવનકાળમાં બનતી પાંચ અત્યંત મહત્ત્વની અને પવિત્ર ગણાતી ઘટનાઓને 'પંચ કલ્યાણક' તરીકે ઓળખવામાં આવે છે. તીર્થંકરનો ગર્ભમાં પ્રવેશ અને એમની માતાને આવતાં ૧૪ સ્વપ્નો તે પ્રથમ ઘટના ગણાય છે, જે ચ્યવન કલ્યાણક કહેવાય છે. બીજો પ્રસંગ તે તીર્થંકરના જન્મનો ભવ્ય રીતે ઊજવાતો જન્માભિષેક-જન્મ કલ્યાણકનો છે. તમામ ભૌતિક સુખ-સમૃદ્ધિ ત્યજીને વિકટ તપસ્વી જીવનનો સ્વીકાર તે ત્રીજો પ્રસંગ દીક્ષા કલ્યાણક છે. ચોથો પ્રસંગ તે ઘણી તપશ્ચર્યા અને ધ્યાન-સાધના પછી તીર્થંકરને પ્રાપ્ત થતું કેવળજ્ઞાન કલ્યાણક છે. એમના જીવનનો પાંચમો અને છેલ્લો પ્રસંગ તે એમનો આત્મા કર્મમાંથી પૂર્ણ રીતે મુક્ત થઈ સિદ્ધપદને પામે છે તે નિર્વાણ કલ્યાણકનો છે.

આ નિર્વાણભૂમિ પર તીર્થંકર ભગવાનના જીવનની ધ્યેયપ્રાપ્તિ થાય છે અને તેઓ ભવભ્રમણના ફેરામાંથી સદાકાળ મુક્તિ પામે છે. આ સ્થાન અતિપવિત્ર અને મહિમાવંતુ ગણાય છે. ૨૪ તીર્થંકરો નીચેના શ્લોકમાં દર્શાવ્યા પ્રમાણે પાંચ સ્થળોએ નિર્વાણ પામ્યા છે-

अष्टापदे श्री आदि जिनवर, वीर पावापुरी वरुं,
वासुपूज्य चंपानयर सिद्धया, नेम रैवत गिरि वरुं;
सम्मेत शिखरे वीस जिनवर, मुक्ति पहुंच्या मुनिवरुं,
चउवीस जिनवर नित्य वंदुं, सयल संघ सुखकरुं.

''શ્રી આદિનાથ ભગવાન અષ્ટાપદ પર નિર્વાણ પામ્યા, મહાવીરસ્વામી ભગવાન પાવાપુરીમાં, વાસુપૂજ્યસ્વામી ભગવાન ચંપાપુરીમાં અને નેમિનાથ ભગવાન ગિરનારમાં નિર્વાણ પામી મોક્ષે ગયા. બાકીના વીસ તીર્થંકરો સમ્મેતશિખરમાં નિર્વાણ પામ્યા. સકલ સંઘને આંતરિક સુખ આપનાર આ ચોવીસે તીર્થંકરોને હું પૂજ્યભાવે વંદન કરું છું.''

*** અષ્ટાપદ :**

જૈન ધર્મગ્રંથો પ્રમાણે પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ અષ્ટાપદ પર્વત પર નિર્વાણ પામ્યા. શ્રી અષ્ટાપદ તીર્થ એ મહત્ત્વનું તીર્થ છે અને એ હિમાલયના શાંત અને રમણીય પ્રદેશમાં આવેલું છે. ભગવાન ઋષભદેવની નિર્વાણભૂમિ પર એમના પુત્ર ચક્રવર્તી ભરતદેવે રત્નજડિત મહેલ સિંહનિષદ્યા પ્રાસાદનું નિર્માણ કર્યું હતું. આ મહેલ પ્રતિ લઈ જતાં આઠ પગથિયાં પરથી આ પર્વત માટે 'અષ્ટાપદ' શબ્દ પ્રચલિત બન્યો.

*** પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ :**

ભગવાન ઋષભદેવ માનવસંસ્કૃતિના આદિ નિર્માતા છે અને એમણે જ સૌપ્રથમ પરિવારપ્રથા, સમાજવ્યવસ્થા, શાસનપદ્ધતિ અને રાજનીતિની સ્થાપના કરી. ભારતવર્ષમાં ઈક્ષ્વાકુભૂમિમાં, કૌશલદેશમાં આવેલી અયોધ્યા નગરીમાં અંતિમકુલકર નાભિના પુત્ર રૂપે ઋષભદેવનો જન્મ થયો.

દરેક તીર્થંકરોની માતાઓ જે મહાસ્વપ્નો જુએ છે તેવાં ૧૪ વિશિષ્ટ સ્વપ્નોનાં એમનાં માતા મરુદેવીને દર્શન થયાં. સ્વપ્નમાં પ્રથમ વૃષભ જોયો હતો, તેથી ચૈત્ર કૃષ્ણ અષ્ટમીના દિવસે જન્મેલા આ શિશુનું નામ ઋષભ રાખવામાં આવ્યું. તત્કાલીન રિવાજ અનુસાર સુનંદા અને સુમંગલા સાથે એમનાં લગ્ન થયાં. અંતિમકુલકર નાભિએ પ્રજાની વિનંતીને માન આપીને ઋષભદેવને રાજા બનાવ્યા અને આમ તેઓ પૃથ્વીના પ્રથમ રાજા બન્યા. અનેક વર્ષો સુધી રાજા ઋષભે રાજ્ય કર્યું. એ સમયે એમણે એકલવાયું જીવન ગાળતી માનવજાતિને પરિવાર આપ્યો, સમાજ સ્થાપ્યો, સમાજને કલાઓ શીખવી,

પૃથ્વીને ભોગભૂમિને બદલે કર્મભૂમિ બનાવી. લોકજીવન સુવ્યવસ્થિત કરીને ધર્મજીવન આપ્યું. ત્યાગને જીવનશુદ્ધિનું, તપને જીવનક્રિયાનું અને મોક્ષને માનવીનું અંતિમ લક્ષ્ય હોવાનો ઉપદેશ આપ્યો.

ઉત્તરાવસ્થામાં રાજા ઋષભદેવે પુત્ર ભરતને રાજ્યશાસન સોંપીને ચૈત્ર કૃષ્ણાષ્ટમીના દિવસે દીક્ષા ગ્રહણ કરી. દીર્ઘ સાધનાને અંતે તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ અને એ જ દિવસે તેમણે લોકોને અહિંસા, સત્ય આદિ મહાવ્રતોનો ઉપદેશ આપ્યો. આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવ પ્રથમ રાજા, પ્રથમ સાધુ-ભિક્ષાચાર, પ્રથમ જિન અને પ્રથમ તીર્થંકર છે. ભગવાન ઋષભદેવે લોકોને સંદેશ આપ્યોઃ 'કોઈ જીવને મારવો નહીં, બધાની સાથે હેતથી રહેવું, અસત્ય બોલવું નહીં, ચોરી કરવી નહીં, શીલપાલન કરવું અને સંતોષથી રહેવું.'

ભગવાન ઋષભદેવે કહેલો આ ધર્મ સૌ પાળવા લાગ્યા. એમણે સંઘની સ્થાપના કરી. એમના ઉપદેશથી એમના સંઘમાં ચોર્યાસી હજાર સાધુઓ અને ત્રણ લાખ સાધ્વીઓ બન્યાં. ત્રણ લાખ અને પચાસ હજાર શ્રાવક અને પાંચ લાખ અને ચોપન હજાર શ્રાવિકાઓ થયાં. આ સંઘને તીર્થ પણ કહેવાય છે, તેથી ઋષભદેવ - આદિનાથ - પહેલાં તીર્થ કરનારા એટલે તીર્થંકર થયા. ઘણાં વર્ષો સુધી તેઓ પૃથ્વીપટ પર વિચર્યા. એમના ત્રિકાળ પ્રકાશિત જ્ઞાનથી લોકોને ધર્મમાર્ગ બતાવ્યો. ભગવાન ઋષભદેવ અષ્ટાપદ પર્વત પર નિર્વાણ પામ્યા. આજે પણ ભાવિકો પ્રાતઃકાળે ઊઠીને ભગવાન આદિનાથનું સ્મરણ કરે છે.

ભગવાન ઋષભદેવના નિર્વાણકલ્યાણકની પાવન ભૂમિ સમો અષ્ટાપદ પર્વત આજે દૃષ્ટિગોચર થતો નથી. ધર્મગ્રંથોમાં એનાં અનેક પ્રમાણો મળે છે. આથી આજે એ મહાપવિત્ર અષ્ટાપદ તીર્થને શોધવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

*** ભરત ચક્રવર્તી :**

ભગવાન શ્રી ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તી એ પ્રથમ ચક્રવર્તી રાજા બન્યા. કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ ભગવાન શ્રી ઋષભદેવ સમવસરણમાં બિરાજીને દેશના આપતા હતા, ત્યારે ભરત મહારાજા દર્શનાર્થે આવ્યા. એ સમયે કુતૂહલવશ ચક્રવર્તી ભરતદેવે પૂછ્યું, ''આ સમવસરણમાં દેશના સાંભળી રહેલા લોકોમાંથી ભવિષ્યમાં કોઈ તીર્થંકર થશે ખરા ?'' ત્યારે ભગવાન શ્રી ઋષભદેવે પ્રત્યુત્તર આપ્યો કે તમારો (ભરત ચક્રવર્તીનો) પુત્ર મરીચિ કેટલાય ભવો બાદ ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામી બનશે. આ પછી ભગવાને વર્તમાન ચોવીસીની સમજ આપી.

આ રીતે ચક્રવર્તી ભરત રાજાને વર્તમાન ચોવીસીની માહિતી જાણવા મળી હતી.

જૈન આગમ 'શ્રી સૂત્રકૃતાંગ'માં ઋષભદેવ ભગવાને તેમના પુત્ર ભરતને અષ્ટાપદ પર દેશના (ઉપદેશ) આપ્યાનો ઉલ્લેખ મળે છે.

'ઉત્તરપુરાણ' નામના ગ્રંથમાં એવું વર્ણન મળે છે કે ચક્રવર્તી ભરતે અતીત, વર્તમાન અને અનાગત એમ ત્રણેય ચોવીસીની એટલે કે બોંતેર તીર્થંકરોની મૂર્તિઓ ધરાવતા સુવર્ણમંદિરની રચના કરી હતી અને આચાર્યશ્રી ધનેશ્વરસૂરિકૃત 'શત્રુંજય માહાત્મ્ય' ગ્રંથમાં રાજા ભરતે ભગવાન ઋષભદેવની નિર્વાણભૂમિ નજીક વાર્દ્ધકીરત્ન દ્વારા રત્નમય સિંહનિષદ્યા પ્રાસાદની રચના કરી હતી.

આ રીતે ભિન્ન ભિન્ન ગ્રંથોમાં અષ્ટાપદ સંબંધે ચક્રવર્તી ભરત અને મુનિ ભરતના ઉલ્લેખો મળે છે.

'વિવિધ તીર્થકલ્પ' નામના ગ્રંથના 'અષ્ટાપદગિરિ કલ્પ'માં તથા આચાર્યશ્રી ધર્મઘોષસૂરિજીના 'શ્રી અષ્ટાપદમહાતીર્થ કલ્પ'માં ભગવાન ઋષભદેવના નિર્વાણની ઘટનાના આલેખનમાં અષ્ટાપદ ગિરિ

વિશેનાં વર્ણનોમાં દેવતાઓએ અહીં ત્રણ સ્તૂપ (દેરીઓ) કર્યા એવી નોંધ છે. જ્યારે ભરતરાજાએ શ્રી ઋષભદેવનાં સંસ્કાર-સમર્પણની ભૂમિ પર ત્રણ ગાઉ ઊંચો અને જાણે મોક્ષમંદિરની વેદિકા હોય તેવો સિંહનિષદ્યા નામે પ્રાસાદ રત્નમય પાષાણથી વાર્દ્ધકીરત્ન પાસે કરાવ્યો, તેવી ગાથા સાંપડે છે. આમાં જ ઉલ્લેખ મળે છે કે- ''ચૈત્યની ભીંતોમાં વિચિત્ર મણિમય ગવાક્ષ (ગોખલા) રચ્યા હતા.''

વળી, અહીં એક ઉલ્લેખ એવો છે કે ''ચૈત્યના નિતંબભાગ ઉપર વિચિત્ર ચેષ્ટાથી મનોહર લાગતી માણેકની પૂતળીઓ ગોઠવેલી હતી, તેથી અપ્સરાઓથી અધિષ્ઠિત મેરુ પર્વતની જેવું તે શોભતું હતું.''

એ પછી એક વિસ્તૃત, અતિ મહત્ત્વનો ઉલ્લેખ આ પ્રમાણે છે-

''ત્યાં (અષ્ટાપદ) આવનારા પુરુષો ગમનાગમન વડે એની આશાતના ન કરે એવું ધારીને લોઢાના યંત્રમય આરક્ષક પુરુષો તે ઠેકાણે ઊભા રાખ્યા. એ યંત્રમય લોઢાના પુરુષોથી જાણે મર્ત્યલોકની બહાર તે સ્થાન રહ્યું હોય એમ મનુષ્યોને અગમ્ય થઈ પડ્યું. પછી ચક્રવર્તીએ દંડરત્ન વડે તે પર્વતના દાંતા પાડી નાખ્યા, તેથી સરળ અને ઊંચા સ્તંભની પેઠે એ પર્વત લોકોને ન ચડી શકાય તેવો થઈ ગયો. પછી મહારાજાએ એ પર્વતની ફરતા મેખલા જેવા અને મનુષ્યોથી ઉલ્લંઘન થઈ શકે નહીં એવા એક એક યોજનને અંતરે આઠ પગથિયાં બનાવ્યાં. ત્યારથી એ પર્વતનું નામ અષ્ટાપદ પડ્યું અને લોકોમાં તે 'હરાદ્રિ', 'રજતાદ્રિ', 'કૈલાસ' અને 'સ્ફટિકાચલ' એવાં નામથી પણ ઓળખાવા લાગ્યો.''

### * જૈન ગ્રંથોમાં અષ્ટાપદ તીર્થ :

૧. અષ્ટાપદ તીર્થનો સર્વપ્રથમ ઉલ્લેખ 'આચારાંગ નિર્યુક્તિ'ના ૩૩૨માં શ્લોકમાં મળે છે, જ્યારે અત્યંત પ્રાચીન જૈન ગ્રંથ 'એકાદશ અંગાદિ આગમ'માં અષ્ટાપદનો મહાતીર્થ રૂપે ઉલ્લેખ મળે છે.

૨. જૈન આગમ 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'ની નિર્યુક્તિ અનુસાર કોઈ પણ ચરમ-શરીરી (આ જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરનારા જીવ) અષ્ટાપદ તીર્થની યાત્રા કરશે, તો તે મોક્ષ પ્રાપ્ત કરશે. (અધ્યાય ૧૦, સૂત્ર ૨૯૦) અને કૈલાસનું વર્ણન સોના-ચાંદીના પર્વત તરીકે કર્યું છે.

૩. 'આવશ્યક નિર્યુક્તિ'માં પણ અષ્ટાપદ તીર્થનું વર્ણન પ્રાપ્ત થાય છે.

૪. 'કલ્પસૂત્ર'માં અષ્ટાપદને ભગવાન ઋષભદેવની નિર્વાણભૂમિ તરીકે દર્શાવવામાં આવી છે.

૫. 'નિશીથ ચૂર્ણિ'માં અષ્ટાપદ પર્વત પર તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના મોક્ષગમનનું વર્ણન છે.

૬. આચાર્ય જિનપ્રભસૂરિ કૃત 'વિવિધ તીર્થકલ્પ'માં અષ્ટાપદ તીર્થના કલ્પ વિશે એક અધ્યાય પ્રાપ્ત થાય છે. તેમાં લખ્યું છે કે ગુરુ ગૌતમસ્વામી દક્ષિણ બાજુથી સિંહનિષદ્યા પ્રાસાદમાં પ્રવેશ્યા હતા.

૭. આચાર્ય ધર્મઘોષસૂરિ રચિત 'શ્રી અષ્ટાપદ મહાતીર્થકલ્પ'માં આ તીર્થ વિશે વર્ણન મળે છે અને તેમાં લખ્યું છે કે, સિંહનિષદ્યા પ્રાસાદને ચાર બાજુ હતી.

૮. 'જ્ઞાનપ્રકાશ દીપાર્ણવે' ગ્રંથમાં અષ્ટાપદ ગિરિની રચના વિશે સવિસ્તર નોંધ મળે છે.

૯. ભગવાન મહાવીર સ્વામીએ સ્વયં એક વાર પોતાના ઉપદેશમાં કહ્યું હતું કે જે વ્યક્તિ અષ્ટાપદ પર્વતની યાત્રા કરીને ત્યાં આરાધના કરશે, તે આ જન્મમાં મુક્તિ પામશે. આશરે

છવ્વીસ્સો વર્ષ પૂર્વે ભગવાન મહાવીરના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીએ પોતાની વિશેષ લબ્ધિથી આ તીર્થની યાત્રા કરી હતી અને એના પર રાત્રિનિવાસ કર્યા બાદ પૂજા કરી હતી.

૧૦. ગુરુ ગૌતમસ્વામીએ 'જગચિંતામણિ સૂત્ર'ની પ્રથમ બે ગાથાની રચના અષ્ટાપદ તીર્થ પર કરી હતી. ('પ્રબોધ ટીકા': ભાગ ૧) 'ષડાવશ્યક બાલાવબોધ' ગ્રંથમાં લખ્યું છે કે તેમણે 'જગચિંતામણિ સૂત્ર'ની પહેલી બે ગાથાઓની રચના સાથે તીર્થ પર ચૈત્યવંદન કર્યું હતું.

૧૧. 'વસુદેવ હિંડી' ગ્રંથ (૨૧મા અધ્યયન)માં ઉલ્લેખ છે કે આ પર્વત વૈતાઢયગિરિ સાથે સંબંધિત છે. એની ઊંચાઈ આઠ માઈલ છે અને એની ઘાટીમાં નિયડી નદી વહે છે.

૧૨. 'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ'માં લખ્યું છે કે અષ્ટાપદગિરિ કોશલ દેશની ઉત્તર દિશામાં આવેલો છે. ભગવાન ઋષભદેવના નિર્વાણના સ્થળે દેવરાજ ઇન્દ્રએ ત્રણ સ્તૂપની રચના કરી હતી. (સૂત્ર-૩૩)

૧૩. જુદા જુદા ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે અષ્ટાપદ અયોધ્યાથી ૧૨.૫ યોજન ઉત્તર દિશા તરફ આવેલો હતો અને સ્વચ્છ આકાશ હોય ત્યારે અયોધ્યાના વૃક્ષની ટોચ ઉપરથી તે જોઈ શકાતો અને દર્શન થઈ શકતાં હતાં.

૧૪. સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર (સિદ્ધસ્તવ સૂત્ર)માં અષ્ટાપદમાં જે ક્રમમાં તીર્થંકરોની પ્રતિમા છે, તે ક્રમનું વર્ણન મળે છે.- ''ચત્તારિઅટ્ઠ-દસ-દોય, વંદિયા જિણવરા-ચઉવ્વીસં.''

૧૫. શ્રી પૂર્વાચાર્ય-રચિત ''અષ્ટાપદ કલ્પ'' (પ્રાચીન)માં આ તીર્થનું મહત્ત્વ તથા અહીં થયેલી મંગલકારી ઘટનાઓનું વિસ્તૃત વર્ણન ઉપલબ્ધ છે.

૧૬. કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રાચાર્યએ 'ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર'માં અષ્ટાપદ તીર્થનું વિગતે વર્ણન કર્યું છે. એના દસમા અધ્યયનના પ્રારંભે ઉલ્લેખ મળે છે કે જે અષ્ટાપદ પર્વત પર પોતાની આધ્યાત્મિક શક્તિ (લબ્ધિ)થી ચઢે છે અને તીર્થ પર એક રાત્રિ વસે છે તેને મુક્તિ પ્રાપ્ત થાય છે.

૧૭. 'અભિધાન ચિંતામણિ' પ્રમાણે કૈલાસ પર્વત રજતાદ્રિ, અષ્ટાપદ, સ્ફટિકાચલ, હરાદ્રિ, હિમાવત અને ધવલગિરિ જેવાં નામોથી ઓળખાય છે. (૪-૯૪)

*** અન્ય ઉલ્લેખો :**

૧. પૂજ્ય સહજાનંદઘનજી પોતાના પત્રોમાં લખે છે કે ૭૨ બિંબોની ત્રણ ચોવીસીઓ અહીં બરફમાં દટાયેલી છે. તેઓ નોંધે છે કે કેટલાંક જિન બિંબો બૌદ્ધ ભિક્ષુઓ પાસે છે.

૨. એક મંગોલિયન ભિક્ષુના મત પ્રમાણે તીર્થંકર શ્રી ઋષભદેવે અષ્ટાપદગિરિ પર ધ્યાન અને પ્રાર્થના કર્યાં હતાં. આ ઉલ્લેખ કંજૂર અને તંજૂર પુસ્તકોમાં મળે છે.

૩. તિબેટમાં આવેલા પોતાલા મહેલ (દલાઈ લામાનો પૂર્વ નિવાસ)માં કેટલાક પ્રાચીન તાડપત્રીય ગ્રંથ છે, જેમાં ઋષભદેવના અષ્ટાપદ કૈલાસ પરના નિર્વાણનું વર્ણન મળે છે.

૪. કાંગારી કરચ્ચક (Kangari Karcchak) જે ગ્રંથ તિબેટી કૈલાસ પુરાણ તરીકે પ્રસિદ્ધ છે, તે દર્શાવે છે કે કૈલાસ આખી સૃષ્ટિનું કેન્દ્ર છે.

૫. ગંગકારે તેશી (Gangkare Teashi) શ્વેત કૈલાસ (White Kailas) નામના પુસ્તકમાં દર્શાવે છે કે અહીં બૌદ્ધ ધર્મીઓ પૂર્વે જૈનો વસતા હતા. તેઓ ગ્યાલ ફાલ પા અને

ચે પુ પા (Gyan Phal Pa and Chean Pu Pa) તરીકે ઓળખાતા હતા. તેમના પ્રથમ ભગવાનનું નામ ખયુ ચોક - ભગવાન ઋષભનાથ હતું અને છેલ્લા ભગવાન ફેલ વા અર્થાત્ મહાવીર સ્વામી હતું. આ પુસ્તકમાં દર્શાવ્યા મુજબ એના ઘણા સિદ્ધાંતો જૈન સિદ્ધાંતો સાથે સામ્ય ધરાવે છે.

### * અષ્ટાપદની રચનાનો વિચાર અને વિકાસ :

ન્યુયોર્કના જૈન સેન્ટર ઓફ અમેરિકા દ્વારા નિર્મિત જિનાલયમાં શ્રી ચોવીસી મૂકવાની હતી, પરંતુ મર્યાદિત જગ્યાને કારણે એ શક્ય ન હતું. પછીથી રત્નોની ૨૪ પ્રતિમાઓ બનાવી દેરાસરમાં બીજે માળે ગભારાની દીવાલ પર મૂકવાનું નક્કી થયું.

આ રત્નમંદિરનો વિચાર ચાલતો હતો, ત્યારે જયપુરમાં શ્રી અષ્ટાપદ મહાતીર્થનો પટ જોવા મળ્યો અને પરિણામે રત્નમંદિરનો વિચાર શ્રી અષ્ટાપદ તીર્થની પ્રતિકૃતિના સર્જનમાં પરિવર્તન પામ્યો. આ પ્રમાણે રત્નમંદિર અને પછી અષ્ટાપદ તીર્થની રચનાની કલ્પના આકાર લેવા માંડી.

શ્રી અષ્ટાપદ તીર્થ અંગે સંશોધન કરતાં પહેલી નજરે લાગ્યું કે આ તીર્થ વિશે ખૂબ ઓછી માહિતી મળે છે, પરંતુ આ તીર્થનું વિશિષ્ટ મહત્ત્વ એ છે કે આ તીર્થ પ્રથમ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવની નિર્વાણભૂમિ છે. ન્યુયોર્કના જૈન સેન્ટરમાં કઈ રીતે શ્રી અષ્ટાપદ તીર્થની રચના કરવી તેનો વિચાર કર્યો. આને માટે શ્રી અષ્ટાપદ તીર્થ વિશે વધુ હકીકતો અને માહિતીના સંશોધન માટે કાર્ય શરૂ કર્યું. આમાં પૂ. સાધુમહારાજો અને વિદ્વાનો પાસેથી કેટલુંક માર્ગદર્શન મળ્યું. આ વિષયને લગતા પ્રાચીન જૈનસાહિત્યના કેટલાક લેખોની ઝેરોક્ષ કોપી મળી, જેમાંથી અષ્ટાપદ તીર્થ વિશે માહિતી મળવા લાગી અને ધર્મગ્રંથોની એ માહિતીને લક્ષમાં રાખીને અષ્ટાપદ તીર્થના 'મોડેલ' બનાવવાના વિચારને કાર્યરત કરવામાં આવ્યો.

અષ્ટાપદ વિશેની માહિતી માટેના અમારા સંશોધનનું તારણ એ આવ્યું કે શ્રી અષ્ટાપદ તીર્થ બરફથી છવાયેલા હિમાલય પર્વતના શાંત વાતાવરણમાં આવેલો છે. એ નીચેનાં નામોથી પણ પ્રસિદ્ધ છે -

**રત્નમય :** ૨૪ તીર્થંકરોની રત્નજડિત પ્રતિમાઓ ધરાવતો રત્નજડિત મહેલ.

**રજતાદ્રિ :** રજતાદ્રિ અથવા ચાંદીનો પર્વત, કારણ કે અષ્ટાપદ પર્વત બરફથી છવાયેલો હોવાથી રજત (ચાંદી)ના અદ્રિ (પર્વત) જેવો લાગે છે.

**સ્ફટિકાચલ :** સ્ફટિકનો બનેલો હોય તેવો પર્વત.

અષ્ટાપદ તીર્થના મોડેલ બનાવવામાં ગ્રંથોમાંથી ઉપલબ્ધ માહિતી અને વર્ણન સહાયરૂપ બન્યાં. મૂળ પ્રતિકૃતિને અનુરૂપ બનાવવા પર્વતને સ્ફટિક પથ્થર (કુદરતી રીતે પારદર્શક અને પ્રકાશ પસાર થઈ શકે તેવા રંગ)નો બનાવવામાં આવ્યો, જેથી બરફથી છવાયેલો હોય તેવો એ પર્વત જણાય. રત્નમંદિરની કલ્પના પરિપૂર્ણ કરવા માટે આઠ પગથિયાં રચવામાં આવ્યાં અને પર્વતની મધ્યમાં ચોવીસી માટે ૨૪ ગોખલા બનાવવામાં આવ્યા. પર્વતનો દેખાવ ઊભો થાય તે રીતે એની બાંધણી કરવામાં આવી.

આ રીતે ૨૪ તીર્થંકર ભગવાનની ચોવીસી ધરાવતા રત્નમંદિરને ન્યુયોર્કના દેરાસર પર બિરાજમાન કરવાનું વિચાર્યું. આને માટે ધર્મગ્રંથો અને પૂજ્ય આચાર્યશ્રીનું માર્ગદર્શન મેળવીને આ કાર્ય આગળ ધપાવ્યું.

## * જૈન સેન્ટર ઓફ અમેરિકા (ન્યુયોર્ક)ના જિનાલયમાં અષ્ટાપદની રચનાની પ્રક્રિયા :

**ડિઝાઈન :** પર્વત માટે સ્ફટિક વાપરવાનું નક્કી થયું પણ તે માટે જરૂરી સામગ્રીનું વજન આશરે ૧૦ ટન જેટલું થાય, તે ન્યુયોર્કના આ જૈન સેન્ટરના ભવન માટે પડકારરૂપ બની રહ્યું. વળી, તે અષ્ટાપદ ચોથા માળે આવેલું હોવાથી એની વજન ખમવાની ક્ષમતાની મર્યાદા હોય તે સ્વાભાવિક છે. ૧૨ ટનથી વધુ વજન તો થવું જ ન જોઈએ. બાંધણી મજબૂત બને તે માટે એક ટન વજનની સ્ટીલની ફ્રેમ જયપુરમાં બનાવવામાં આવી. સ્ટીલ ફ્રેમમાં એકની ઉપર બીજું એવી રીતે આઠ પડ બનાવવામાં આવ્યાં છે. પર્વતનો આકાર લાગે તે માટે ઢાળ બનાવવામાં આવ્યો, તેની રચના એ રીતે કરવામાં આવી કે સૌથી નીચેના ભાગની પહોળાઈ ૫'.૧'' અને સૌથી ઉપરની પહોળાઈ માત્ર ૦.૭૫' છે.

**સ્ફટિક અને કીમતી રત્નો (પથ્થર) :** ૩૦ ટન રફ સ્ફટિકની આયાત કરવામાં આવી. તેના પર કરવામાં આવતી પ્રક્રિયા અને કોતરણી કર્યા પછી આ પર્વતનું કુલ વજન આશરે ૧૦ ટન જેટલું થયું છે. આ વજન ઝીલી શકે તે માટે ૧.૫ ટન સ્ટીલની ફ્રેમ બનાવવામાં આવી છે. વિશ્વના જુદા જુદા રંગનાં રત્નો આયાત કરવામાં આવ્યા અને તેમાંથી જુદા જુદા પ્રકારની મૂર્તિઓ ઘડવામાં આવી. દરેક મૂર્તિ એક જ રત્નમાંથી ઘડવામાં આવી. વળી, આ દરેક રત્ન જેમોલોજિકલ લેબોરેટરી દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યા. આથી રત્નમાંથી બનાવેલી આ મૂર્તિઓમાં કોઈ સાંધા નથી, એટલું જ નહીં, પરંતુ દરેક મૂર્તિ ધાર્મિક નિયમ અનુસાર અને નિશ્ચિત કરેલા માપ પ્રમાણે ઘડવામાં આવી છે. આ માટે વાપરવામાં આવેલાં રત્નો સારી ગુણવત્તાવાળાં હોય તે અંગે ખાસ ધ્યાન રાખવામાં આવ્યું. આ મૂર્તિઓ આ યોજનાનું અંતિમ સ્વરૂપ છે. આ માટે એમરલ્ડ, રુબી, એમેથિસ્ટ, કુનઝાઈટ, રોઝ ક્વાટ્ઝ, સોડાલાઈટ જેવાં કીમતી રત્નો વાપરવામાં આવ્યાં છે.

**અષ્ટાપદ પર્વત :** પર્વત એ મુખ્ય અંગ છે અને તે સ્ફટિકનો બનાવવામાં આવ્યો છે. સ્ફટિકના ૧૦૦થી ૩૦૦ કિલોનું વજન ધરાવતા ટુકડાઓને ઢોળાવવાળો પર્વત દેખાય તેમ ગોઠવવામાં આવ્યા. એની મધ્યમાં આઠ પગથિયાં બનાવવામાં આવ્યાં, આના ઉપર ૨૪ ગોખલા છે. આમાં તીર્થંકર ભગવાનની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી છે. આ પર્વતમાં જ ૨૪ ગોખલા કોતરવામાં આવ્યા છે.

પર્વતને સ્ફટિકના આઠ બ્લોકમાં કોતરવામાં આવ્યો છે. પહેલા બે ભાગ પગથિયાં, બીજા ચાર મૂર્તિઓ માટે અને છેલ્લા બે શિખર માટે છે. આખી રચના મંદિર જેવી દેખાય તે માટે ટોચ પર પાંચ શિખરની ડિઝાઈન ઉમેરવામાં આવી છે. બધાં શિખર ડિઝાઈન પ્રમાણે કોતરીને તેને સુવર્ણકળશથી સુશોભિત કરેલ છે. સૌથી ઉપરના ભાગમાં ધજા છે.

અત્યારે ચાલતી યોજના પ્રમાણે ઢાળ આપીને માપ પ્રમાણે પર્વતનો દેખાવ બનાવવાની યોજના નક્કી કરવામાં આવી છે. વિશાળ આકાશમાં કૈલાસ પર્વતનો ખ્યાલ મળી રહે તે માટે પાછળની દીવાલ પર આકાશની સાથે કૈલાસ-માનસરોવર દર્શાવવામાં આવેલ છે.

**ગોખલાઓ :** ૨૪ પ્રતિમાજીઓ સ્થાપિત કરવા માટે ૨૪ ગોખલા છે. દરેક લાઈનમાં દરેક ગોખલાની સાઈઝ એકસરખી છે. અગાઉ આ ગોખલા સ્વતંત્ર રીતે બનાવેલા હતા. પણ પછીથી એવું નક્કી કરવામાં આવ્યું કે પર્વતમાં સીધા જ કોતરવા. આથી એ પર્વતનો ભાગ બની ગયા. દરેક ગોખલામાં આગળ બે થાંભલી, પ્રતિમા માટે ગોખલો, કોતરણી, છજું અને ઉપર શિખર રચવામાં આવેલ છે.

શરૂઆતમાં પદ્ધતિસરની ડિઝાઈન બનાવી હતી, પણ પછીથી તમામ ૨૪ ગોખલાઓમાં અષ્ટ-પ્રાતિહાર્યની કોતરણી કરવામાં આવી છે.

**શ્રી જિન ચોવીસી :** ૨૪ તીર્થંકરોને દર્શાવતી ૨૪ પ્રતિમાઓ કોતરવામાં આવી છે. દરેક

પ્રતિમાની નીચે એનાં લાંછન છે, જેથી દર્શનાર્થી આ કયા તીર્થંકર ભગવાનની પ્રતિમા છે તે જાણી શકશે. પ્રત્યેક પ્રતિમાજી કીમતી રત્નોમાંથી કોતરવામાં આવી છે. રંગો મળવાની મર્યાદાને કારણે દરેક તીર્થંકરનો મૂળ રંગ મેળવવો મુશ્કેલ છે. અગાઉ નક્કી થયા પ્રમાણે ધાર્મિક નિયમ અનુસાર આ પ્રતિમાઓ સ્થાપિત થઈ છે. પ્રતિમાનાં કદ એમની નિયત જગ્યા અનુસાર નક્કી કરેલ છે. નીચેની બે સૌથી ઊંચી ૯''-૧૧'' (પ્રતિમા ૧ અને ૨), પછીની ચાર ૭''-૯'' ઊંચાઈમાં (પ્રતિમા ૩ થી ૬), પછીની આઠ ૫''-૭'' ઊંચાઈમાં (પ્રતિમા ૭ થી ૧૪) અને છેલ્લી ૧૦ ૩''-૫'' ઊંચાઈમાં (પ્રતિમા ૧૫ થી ૨૪) સૌથી નાની છે. આને ધર્મગ્રંથોને આધારે મૂળ ઊંચાઈના પ્રમાણસર ભાગે બનાવવામાં આવી છે.

**કથાઓની કોતરણી :** શ્રી અષ્ટાપદ તીર્થ સાથે જોડાયેલી અનેક કથાઓ મળે છે. પ્રારંભમાં આ વાર્તાઓને બે ભાગમાં (૨-ડી) દર્શાવવાનું વિચાર્યું હતું. પર્વતની બાજુના નીચેના ભાગમાં અગાઉની બે ડિઝાઈન (૨-ડી) પ્રમાણે કોતરણી કરવાની હતી, પણ આગળ જતાં શ્રી અષ્ટાપદ તીર્થ વિશે વધુ ને વધુ ધર્મકથાઓ મળતી ગઈ એટલે બધાને રત્નોમાં (૩-ડી) જુદા જુદા કોતરવાનું નક્કી થયું. આમાંની કેટલીક ઘટનાઓ શ્રી અષ્ટાપદ ગિરિ ઉપર બનેલી છે અને કેટલીક અષ્ટાપદને સંબંધિત ઘટનાઓ છે. આવી કુલ ચોવીસ કથાઓ કોતરણી સાથે મળશે.

### * અષ્ટાપદ વિષયક સામગ્રીનું સંકલન :

પ્રાચીન ધર્મગ્રંથો, યાત્રાળુઓનાં પ્રવાસ-વર્ણનો, સંશોધકોની નોંધો અને અન્ય માધ્યમ દ્વારા અષ્ટાપદ વિષયક તમામ સાહિત્યને એકત્રિત કરવાનું કામ ચાલી રહ્યું છે. એની પ્રાપ્ય સામગ્રીને ઝેરોક્ષ રૂપે ૨૦ વોલ્યુમમાં સંગ્રહિત કરવામાં આવી છે. શ્રી અષ્ટાપદ મહાતીર્થ અને તેને સંબંધિત તમામ માહિતીનું સંકલન કરવાનો આ ભગીરથ પ્રયાસ છે. ભગવાન ઋષભદેવનું જીવન, ચક્રવર્તી ભરતદેવની આસ્થા, ગુરુ ગૌતમસ્વામીની અષ્ટાપદયાત્રા વિશેની સામગ્રી આમાંથી મળી રહેશે.

બીજી બાજુ, કૈલાસ, માનસરોવર અને અષ્ટાપદ અંગેની ભૌગોલિક માહિતી અને પ્રવાસીઓના અનુભવો આમાંથી મળી રહે છે. અષ્ટાપદ તીર્થનું પ્રાચીન ગ્રંથોમાં મળતું વર્ણન અને એને લગતી કથાઓની પ્રમાણભૂત સામગ્રી આમાં એકત્રિત કરી છે. અષ્ટાપદ તીર્થના રત્નમય મંદિરના સંદર્ભમાં રત્નોની સમજ અને એના મૉડેલ માટે કરવામાં આવેલા પ્રયાસોનું આલેખન મળે છે. અષ્ટાપદ વિશે પ્રાચીન ગ્રંથોમાંથી મેળવેલા પ્રમાણભૂત આધારો અને ઉલ્લેખો ઉપરાંત અષ્ટાપદ તીર્થની સ્તુતિઓ, સજ્ઝાયો અને પૂજાઓનો પણ આમાં સમાવેશ કર્યો છે. આમ અષ્ટાપદ વિશેની તમામ માહિતી ધરાવતા આ વોલ્યુમની ૨ ડીવીડી પણ તૈયાર કરવામાં આવી છે અને એની સાથોસાથ વીસ વોલ્યુમના વિષયો દર્શાવતી અનુક્રમણિકાની પુસ્તિકા પણ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત આ બધા વોલ્યુમની સામગ્રીમાંથી સંચય કરીને દસ ટકા જેટલી સામગ્રી અલગ તારવવામાં આવી છે, તેમ જ સંશોધકોને માટે ઉપયોગી એવી માહિતી તારવીને અલાયદી સીડીમાં મૂકી છે.

આ પ્રકારના સાહિત્યની વિશેષ શોધ માટે હિમાચલ પ્રદેશમાં ધર્મશાલાના ગ્રંથાલયમાં તિબેટી ગ્રંથોની તપાસ કરવામાં આવી છે. આ ગ્રંથોમાં રહેલી માહિતી જ્યારે બહાર આવશે ત્યારે જૈન ધર્મની પ્રાચીનતા વિશે કેટલીય નવી નવી બાબતો પર પ્રકાશ પડશે.

### * પ્રદર્શન અને સેમિનાર :

અષ્ટાપદ મૉડેલ અને ત્રણે ચોવીસી (તીર્થંકરની ૭૨ પ્રતિમા) અને અન્ય પ્રતિમાઓનું ઘણાં નગરો અને મહાનગરોમાં પ્રદર્શન યોજવામાં આવ્યું. આવું કરવાનું કારણ એ કે વિશાળ ધર્મપ્રિય જનસમૂહ

આ ત્રણે ચોવીસીના દર્શનનો પાવન લાભ પામી શકે છે. આને કારણે દેશવિદેશમાં વ્યાપક જનસમૂહમાં અષ્ટાપદ તીર્થ વિશે જાગૃતિ આવી છે. અષ્ટાપદ તીર્થ વિશેનું સાહિત્ય અને અન્ય વિગતનાં વીસ વોલ્યુમ પણ ઠેર ઠેર પ્રદર્શિત કરવામાં આવ્યાં. કૈલાસ માનસરોવરની સંશોધન-યાત્રાની સુંદર વિડિયોએ નવો ઉત્સાહ જગાડ્યો છે. અષ્ટાપદ તીર્થનું આ પ્રદર્શન મુંબઈ, ન્યુયોર્ક, સુરત, એન્ટવર્પ, પાલીતાણા, અમદાવાદ, જયપુર, દિલ્હી, કોલકત્તા, ન્યુજર્સી (જૈના કન્વેન્શન)માં તથા લોસ એન્જલિસમાં દર્શાવ્યું છે, જેના દર્શનનો ધાર્મિક જનસમુદાયે મોટી સંખ્યામાં લાભ લીધો અને આ પ્રાચીન સંશોધન કાર્યમાં ઊંડો રસ લીધો છે.

*** અષ્ટાપદની સંશોધનયાત્રા :**

અષ્ટાપદ મહાતીર્થ અને અષ્ટાપદના પર્વતનું સ્થાન નક્કી કરવા માટે ત્રણ વખત મધ્ય હિમાલયની મુલાકાત અને સંશોધન માટે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં મુખ્ય હેતુઓ આ પ્રમાણે હતા :

૧. અત્યાર સુધી જે સંશોધન થયું છે, તેમાં ઉમેરો કરવો.

૨. જૈન સાહિત્યમાં વર્ણવાયેલા અષ્ટાપદના સ્થળને શોધવું.

૩. ભૌગોલિક તથા પુરાતત્ત્વની દૃષ્ટિએ અષ્ટાપદની ભાળ મેળવવી.

આ સંશોધનમાં વિદ્વાનો, અનુભવીઓ સંશોધકો અને વૈજ્ઞાનિકો સામેલ હતા. એ સૌના અનુભવોએ એક નવી દિશા ખોલી આપી.

*** અષ્ટાપદનાં સંભવિત સ્થાનો :**

અષ્ટાપદનું સંભવિત સ્થાન હિમાલય પર છે. અત્યારે અષ્ટાપદ તીર્થની સંભાવના ધરાવતાં સ્થાનોની વિગતો એકત્રિત કરાઈ છે. એક સ્થાન બદરીનાથથી ઉત્તર દિશા તરફ આશરે ૧૬૮ માઈલના અંતરે આવેલું છે. કૈલાસ પર્વત કાંગરિમ્પોચે તરીકે પણ ઓળખવામાં આવે છે. તે માનસરોવરથી ઉત્તર તરફ આશરે ૨૫ માઈલના અંતરે આવેલું છે.

બીજો એક પર્વત માનસરોવર (પદ્માહદ) અને કૈલાસની વચ્ચે આવેલો છે, તે ૫-૭ માઈલ દક્ષિણ-પૂર્વે આવેલો છે. તે પણ અષ્ટાપદ કહેવાય છે. આ પર્વતની ઊંચાઈ ૮ માઈલ છે (અત્યારે ૪ માઈલ છે) અને સફેદ ખડકોથી ઢંકાયેલો છે તેથી તેને ધવલગિરિ તરીકે પણ ઓળખવામાં આવે છે. 'દારેચીન'થી ૧૫-૨૦ ટેકરીઓ પાર કરીને ૪થી ૬ કલાકમાં પહોંચી શકાય છે. બૌદ્ધયાત્રીઓ આ પર્વતને 'કાંગશીચે' કહે છે.

આશરે ૪૦ કિ.મી.ના અંતરે આવેલું પર્વતનું એક બીજું શિખર 'ગુરલામાંધાતા' તરીકે ઓળખાય છે. 'માંધાતા' શબ્દ સગર રાજાના પૂર્વજના મૂળમાંથી આવ્યો છે. કૈલાસ અને ગુરલામાંધાતાની વચ્ચે રાક્ષસ તાલ નામનું સરોવર આવેલું છે.

નંદી પર્વતની ઘણી તસવીરો લેનાર અને આ પ્રદેશમાં સારું એવું ભ્રમણ કરનારા શ્રી ભરતભાઈ હંસરાજ શાહના કહેવા પ્રમાણે આ પર્વત સાથે આ અષ્ટાપદના વર્ણનનો મેળ બેસે તેવો છે. આઠ પગથિયાં અને 'સ્ફિંક્સ' જોવા મળે છે.

અમે સેટેલાઈટ દ્વારા આ પ્રદેશની તસવીરો લેવા પ્રયત્ન કરીએ છીએ, જેથી કોઈ દટાયેલું સ્થાન મળી આવે. આ સંદર્ભમાં શ્રી પી. એસ. ઠક્કરના અહેવાલો અભ્યાસ કરવા જેવા છે.

અષ્ટાપદની સંભવિત જગ્યા કૈલાસ પર્વત (૬૬૩૮ મીટર)થી દક્ષિણ પૂર્વમાં ૫૯૯૬ મીટર

ઊંચે હોવી જોઈએ. કૈલાસ પર્વત કાંગરિમ્પોચે-ગંગ તિસે નામે ઓળખાય છે. આ સ્થળ દેરાફૂગથી દક્ષિણ પૂર્વમાં ૫ કિ.મી. ડોલ્માપાસથી દક્ષિણ-પશ્ચિમ ૫. કિ.મી., ઝુતુલ ફુગથી ઉત્તર-પશ્ચિમ ૭.૫ કિ.મી., જ્ઞાનડ્રેગ મોનાસ્ટ્રીથી ઉત્તર પૂર્વ ૮ કિ.મી., સરલુંગ ગોમ્પાથી ઉત્તર-પૂર્વ ૮.૫ કિ.મી., ડોરેપોંચે અથવા યમદ્વાર અથવા મોક્ષદ્વારથી ઉત્તર-પૂર્વ ૯ કિ.મી.ના અંતરે આવેલું છે. તે ૧૩ ડ્રીંગુગ કાંગ્યૂ ચોર્ટનથી ૨.૫ કિ.મી., સેર્લુંગ ચુકસમ લાથી પૂર્વમાં ૨.૦૦ કિ.મી. અથવા ગંગપો-સંગલમ લાથી દક્ષિણ પશ્ચિમમાં ૨.૫૦ કિ.મી. દૂર આવેલું છે. તે જગ્યાએ સરલુંગ ચુકસમ લા અને ગંગ-પો સંગ્લામ લાથી સહેલાઈથી પહોંચી શકાય છે.

આમ કુલ ૧૦ સ્થાનોની સંભાવના અંગે વિચાર ચાલે છે.

(૧) કૈલાસ પર્વત (૨) કૈલાસ પર્વતની નજીક બોનારી (૩) બર્ખા પ્લેઈન્સ (૪) ટર્બોચે (૫) નંદી પર્વત (૬) સેર્લુંગ ગોમ્પા અને જ્ઞાનડ્રેગ મોનાસ્ટ્રી વચ્ચેનો પર્વત (૭) જ્ઞાનડ્રેગ મોનાસ્ટ્રી (૮) ૧૩ ડ્રિગુંગ કાંગ્યુ ચોર્ટેન (૯) અષ્ટાપદની સંભવિત જગ્યા જે ગોમ્બો ફંગ અથવા ત્રિનેત્ર અથવા મહાકાલ તરીકે ઓળખાય છે. (૧૦) સેટેલાઈટ દ્વારા નક્કી કરેલી જગ્યા, ધર્મકિંગ નોર્સંગ તરીકે ઓળખાય છે.

### * વિશ્વ સંસ્કૃતિનું પરોઢ :

હિમાલય પર્વતના આ સ્થાન પર સિંધુ નદીનું ઉદ્ગમસ્થાન છે, જે કૈલાસથી લદ્દાખ, કાશ્મીર થઈને પાકિસ્તાનમાંથી પસાર થઈ સમુદ્રમાં મળે છે. જગતની સૌથી પ્રાચીન સભ્યતા સિંધુ નદીના કિનારે ઉદ્ભવી હતી. કદાચ આ સંશોધન આપણને એ આદિ સ્રોતની ઓળખ આપી જાય અને વિશ્વસંસ્કૃતિના પ્રારંભકાળના સગડ એમાંથી જ મળી રહે. વળી, ભગવાન ઋષભદેવના નિર્વાણકલ્યાણકની ભૂમિ અષ્ટાપદ પર્વત મળશે તો સ્તૂપ, સ્થાપત્ય, મંદિર, પ્રાચીન નગર અને જૈન ધર્મની પ્રાચીન પરંપરાની માહિતી મળશે અને એ રીતે માત્ર ભારતીય સંસ્કૃતિ જ નહીં, સાથોસાથ વિશ્વસંસ્કૃતિના આદિ સ્રોતની જાણકારી સાંપડશે. પરિણામે આ સંશોધન એક વ્યાપક આકાર ધારણ કરી રહ્યું છે અને તે જૈન ધર્મની પ્રાચીનતા ઉપરાંત ભારતીય સંસ્કૃતિ અને વિશ્વની સભ્યતાના આદિ સ્રોત વિશે મૂલ્યવાન સામગ્રી આપનારું બની રહેશે.

# 2

# ।। श्री अष्टापद तीर्थ ।।

**पूर्वाचार्य**

विश्व में जैनधर्म के प्राचीन-अर्वाचीन अनेक तीर्थ हैं। उनमें श्रीशत्रुंजयादि पाँच तीर्थों की महिमा विशेष अधिकतर है। इसलिये तो कहा है कि -

**आबू-अष्टापद-गिरनार, सम्मेतशिखर शत्रुंजय सार।**
**ए पाँचे उत्तम ठाम, सिद्धि गया तेने करूं प्रणाम।।१।।**

**श्री अष्टापदतीर्थ** - अष्टापद पर्वत इस अवसर्पिणी काल में प्रथम तीर्थंकर श्री ऋषभदेव प्रभुकालीन अयोध्या नगरी की उत्तरदिशा में स्थित था। श्रीऋषभदेव भगवान् का निर्वाण यानी मोक्ष इस अष्टापद पर्वत पर हुआ था।

श्री ऋषभदेव भगवान् के प्रथम पुत्र श्री भरतचक्रवर्ती ने उनके निर्वाण-मोक्षस्थल पर ही सिंहनिषद्या नामक मणिमय एक विशालकाय भव्य जिनप्रासाद-जिनमन्दिर बनवाया था। तीन कोस ऊँचे और एक योजन विस्तृत ऐसे उस जिनप्रासाद में स्वर्ग के मण्डप जैसे मण्डप, उसके भीतर पीठिका, देवच्छन्दिका तथा वेदिका का भी निर्माण करवाया। उत्तम पीठिका के कमलासन पर आसीन अशोक वृक्षादि आठ प्रातिहार्य युक्त देह-शरीर-लाञ्छन सहित तद्-तद् वर्ण वाली वर्तमानकालीन चौबीस तीर्थंकर भगवन्तों की मणि-रत्नों की भव्य मूर्तियाँ-प्रतिमायें बिराजमान कीं।

तदुपरान्त इस प्रासाद-चैत्य में श्री भरतचक्रवर्ती (महाराजा) ने अपने पूर्वजों, भाईयों तथा बहिनों की विनम्र भाव से सान्नद भक्ति प्रदर्शित करते हुए स्वयं की मूर्ति भी बनवाई।

इस विशालकाय सिंहनिषद्या-जिनप्रासाद के चारों तरफ चैत्यवृक्ष-कल्पवृक्ष-सरोवर-कूप-बावड़ियाँ और मठ भी बनवाये।

इस अनुपम अष्टापद तीर्थ की रक्षा के लिये अपने दण्डरत्न के द्वारा एक-एक योजन की दूरी पर आठ पेढ़ियाँ बनवाईं। अर्थात् आठ सोपान-पगथिये बनवाये। जिससे यह प्रथम तीर्थ अष्टापद के नाम से विश्व में प्रख्यात हुआ।

लोक के इस अनुपम आद्य जिनप्रासाद-जिनालय में प्रथम तीर्थंकर श्री ऋषभदेव-आदिनाथ भगवान् से लेकर चौबीसवें चरम तीर्थंकर श्रमण भगवन्त श्री महावीर स्वामी तक चौबीस तीर्थंकरों की महामंगलकारी प्रतिष्ठा करवा कर, श्री भरतचक्रवर्ती (महाराजा) ने भक्तिभावपूर्वक उत्तम आराधना, अर्चना एवं वन्दना की। अन्त में, संयम साधना द्वारा आरीसा भवन में केवलज्ञान प्राप्त कर वे मोक्ष के अनन्त सुख के भागी बने। तथा सादि अनन्त स्थिति में स्थिर रहे।

---

**Shri Ashtapad Tirth, (Bharat & Rushabdev) Vol. I Ch. 1-F, Pg. 075-083**

पौराणिक आख्यान के अनुसार श्री सगरचक्रवर्त्ती के साठ हजार (६०,०००) पुत्र थे। उनमें ज्येष्ठ पुत्र जह्नु था। उसके नेतृत्व में सगरचक्रवर्त्ती के साठ हजार पुत्रों ने श्री अष्टापद पर्वत के चारों ओर तीर्थरक्षा के लिये खाई खुदवाई, और उसमें परिश्रमपूर्वक गंगानदी को प्रवाहित किया। इसलिये गंगानदी का नाम जाह्नवी पड़ा।

श्रीअष्टापद पर्वत की तलहटी के नीचे भू-भाग में नागकुमारों के भवन थे, जो खाई खोदने और उसमें गंगा नदी का जल भरने के कारण विनष्ट हो गये। नागकुमारों ने अत्यन्त कुपित होकर सगरचक्रवर्ती के साठ हजार पुत्रों को विष-ज्वाला से भस्म कर दिया।

इस तीर्थ की भक्ति-सेवा करने के कारण ही सगरचक्रवर्ती के वे पुत्र बारहवें अच्युतदेवलोक में देवरूप से उत्पन्न हुए।

चरम तीर्थंकर श्रमण भगवान् महावीर परमात्मा ने इस अष्टापद तीर्थ की महिमा का वर्णन करते हुए कहा है कि—

**'जो मनुष्य अपनी आत्मशक्ति द्वारा श्रीअष्टापद पर्वत पर पहुँचता है, वह व्यक्ति इसी भव में इसी जन्म में ही अवश्यमेव मोक्ष को प्राप्त करता है।'**

सर्वज्ञविभु श्री महावीर परमात्मा के प्रथम गणधर अनंतलब्धि करने वाले श्री गौतम स्वामीजी महाराज सूर्य-रश्मि के आलम्बन द्वारा, अपनी अलौकिक शक्ति से श्री अष्टापद तीर्थ के अष्ट सोपान-पगथियों को स्पर्श किये बिना ही श्रीअष्टापद पर्वत पर पहुँचे। वहाँ बने हुए सिंहनिषद्या नामक जिनप्रासाद-जिनमन्दिर में जाकर, श्री जगचिन्तामणि चैत्यवन्दन-स्तोत्र की स्वयं रचना कर, चौबीस जिनमूर्तियों के दर्शन-वन्दनादि द्वारा भक्तिपूर्वक भावपूजा की।

बाद में नीचे आकर श्री अष्टापद तीर्थ के सोपान-पगथियों पर भिन्न-भिन्न चौरासी आसनों में स्थिर रहे हुए ऐसे पन्द्रह सौ तीन (१५०३) तापसों को प्रतिबोधित कर, तथा संयममार्ग में लाकर सभी को अपनी अनन्तलब्धि द्वारा क्षीरास्रवी लब्धि से एक छोटे काष्ठ के पात्र में अपने दाहिने हाथ के अंगूठे द्वारा क्षीर का स्पर्श कर पन्द्रह सौ तीन तापसों को क्षीर (खीर) द्वारा पारणा करवाया।

यह प्रसंग श्री अष्टापदपर्वत-तीर्थ की तलहटी में हुआ।

लंकाधिपति रावण अपनी पटराणी मन्दोदरी के साथ इसी श्री अष्टापदजी तीर्थ के जिनमन्दिर में भगवान् के सन्मुख भक्तिभावपूर्वक संगीत-नृत्य में मग्न बना। रावण वीणा बजा रहा है। संगीत चल रहा है और मन्दोदरी नृत्य कर रही है। बीच में वीणा के तार के टूटने की परवाह नहीं करते हुए उसी समय रावण ने अपने हाथ की नस के साथ उसका अनुसन्धान किया। जिससे प्रभुभक्ति में अंश मात्र भी ओंच/व्यवधान नहीं आने दिया। प्रभुभक्ति में अतिमग्न-लीन बने हुए रावण ने भविष्य में तीर्थङ्कर पद प्राप्त करने हेतु तीर्थङ्कर नामकर्म उपार्जन किया। ऐसे अनेक उदाहरण इस तीर्थ के सम्बन्ध में मिलते हैं।

*** श्री शत्रुंजय से अष्टापद का अन्तर :**

श्री शत्रुंजय-सिद्धाचल तीर्थ से श्री अष्टापदजी तीर्थ का अन्तर प्रायः एक लाख और पचासी हजार गाऊ का है।

इसके विषय में श्री दीपविजयजी कृत अष्टापदजी की पूजा के अन्तर्गत जलपूजा में कहा है कि-

**आशरे एक लाख ऊपरे रे, गाउ पचासी हजार रे मनवसिया।**
**सिद्धगिरिथी छे वेगलो रे, अष्टापद जयकार रे गुणवसिया।।११।।**

## * श्री अष्टापद तीर्थ पर चौबीस जिनमूर्त्तियों का क्रम :

श्री अष्टापद पर्वत पर आये हुए - 'सिंहनिषद्या' नामक जिनप्रासाद में श्री भरतचक्रवर्त्ती द्वारा स्थापित की हुई चौबीस जिनमूर्त्तियों का क्रम दिशाओं की अपेक्षा निम्नलिखित प्रमाण में है— दक्षिण दिशा में चार, पश्चिम दिशा में आठ, उत्तर दिशा में दश, तथा पूर्व दिशा में दो। सब मिलकर चौबीस जिनमूर्तियाँ हैं।।

इस विषय में 'सिद्धाणं बुद्धाणं (सिद्धस्तव)' सूत्र में कहा है कि -

**चत्तारि अट्ठ दस दोय, वंदिया जिणवरा चउव्वीसं।**
**परमट्ठनिट्ठिअट्ठा, सिद्धा सिद्धिं मम दिसंतु।।५।।**

**दक्षिण दिशा में** - श्री सम्भवनाथ, श्री अभिनन्दन स्वामी, श्री सुमतिनाथ, श्री पद्मप्रभ जिन परमात्मा की मूर्तियाँ हैं।

**पश्चिम दिशा में -** श्री सुपार्श्वनाथ, श्री चन्द्रप्रभ स्वामी, श्री सुविधिनाथ, श्री शीतलनाथ, श्री श्रेयांसनाथ, श्री वासुपूज्य स्वामी, श्री विमलनाथ, श्री अनंतनाथ जिन परमात्मा की मूर्तियाँ हैं।

**उत्तर दिशा में** - श्री धर्मनाथ, श्री शान्तिनाथ, श्री कुन्थुनाथ, श्री अरनाथ, श्री मल्लिनाथ, श्री मुनिसुव्रत स्वामी, श्री नमिनाथ, श्री नेमिनाथ, श्री पार्श्वनाथ तथा श्री महावीर स्वामी जिन परमात्मा की मूर्तियाँ हैं।

**पूर्व दिशा में** - श्री ऋषभदेव तथा श्री अजितनाथ जिन की मूर्तियाँ हैं।

### * श्री अष्टापद तीर्थ की ऊँचाई :

जम्बूद्वीप की दक्षिण दिशा के दरवाजे से वैताढ्य पर्वत के मध्य भाग में अयोध्या नगरी श्री भरत महाराजा की है।

जम्बूद्वीप की उत्तर दिशा के दरवाजे से तथा वैताढ्य पर्वत एवं ऐरावत के मध्य भाग में अयोध्या नगरी (विनीता) है; जो बारह योजन लम्बी और नौ योजन चौड़ी है।

अयोध्या नगरी के समीप श्री अष्टापद पर्वत बत्तीस कोस ऊँचा है। इस विषय के सम्बन्ध में श्री दीपविजयजी कृत अष्टापद की पूजा के अन्तर्गत जलपूजा में कहा है कि -

**जंबूना दक्षिण दरवाजेथी, वैताढ्य थी मध्यम भागे रे।**
**नयरी अयोध्या भरतजी जाणो, कहे गणधर महाभाग रे। धन.।।८।।**

**जंबूना उत्तर दरवाजेथी, वैताढ्य थी मध्यम भागे रे।**
**अयोध्या ऐरावतनी जाणो, कहे गणधर महाभाग रे। धन.।।९।।**

**बार योजन छे लांबी पहोली, नव योजन ने प्रमाण रे।**
**नयरी अयोध्या नजीक अष्टापद, बत्रीश कोश ऊँचाण रे।।धन.।।१०।।**

## * चत्तारि-अट्ठ-दस-दोय जिणंद मूर्तियों की स्थापना एवं संकलन :

श्री अष्टापदगिरि पर दस हजार मुनिवरों के साथ प्रथम तीर्थंकर श्री ऋषभदेव भगवान् ने महा वदी तेरस के दिन निर्वाण-मोक्ष प्राप्त किया। वहाँ पर देवों ने स्तूप बनाये।

श्री भरतचक्रवर्त्ती ने उसी स्तूप पर सिंह-निषद्या नामक प्रासाद बनवाया। उसमें श्री ऋषभदेव से यावत् श्री महावीर स्वामी भगवन्त पर्यन्त चौबीस जिनेश्वरों की समनासिका वाली, लांछन, वर्ण और देहप्रमाण यक्ष-यक्षिणी युक्त मणिरत्नों द्वारा निर्मित भव्य चौबीस मूर्तियों में से पूर्व दिशा में दो, दक्षिण दिशा में चार, पश्चिम दिशा में आठ तथा उत्तर दिशा में दस; कुल २४ जिनेश्वर भगवन्तों की चौबीस मूर्तियाँ स्थापित कीं।

इनको इस तरह स्थापित करने का कारण यह है कि— श्री अष्टापद पर्वत पर दस हजार मुनिवरों के साथ श्री ऋषभदेव भगवान् पधारे। निर्वाण भी वहीं पर हुआ तथा श्री भरतचक्रवर्त्ती ने आकर सिंहनिषद्या प्रासाद बनाया।

* सगरचक्रवर्त्ती के साठ हजार पुत्र भी दक्षिण दिशा से ही ऊपर आये।

* श्री महावीर स्वामी भगवान् के प्रथम गणधर श्री गौतम स्वामी भी दक्षिण दिशा से ऊपर आये।

इसका वर्णन श्री दीपविजयजी महाराज द्वारा रची हुई श्री अष्टापदजी की पूजा में है। 'सिद्धाणं बुद्धाणं' में 'चत्तारि-अट्ठ-दस-दोय' का पाठ भी इस सम्बन्ध में साक्षी है।

श्री अष्टापद पर्वत हराद्रि, कैलाश और स्फटिक इत्यादि नाम से सुप्रसिद्ध है। सच्चिदानन्द श्री आदिनाथ शिवशंकर का धाम होने से, इसको शिवधाम भी कहते हैं। शिव कैलाशवासी कहे जाते हैं।

वर्तमानकाल में यह अष्टापद पर्वत भरतक्षेत्र से अदृश्य-लोप है। श्री ऋषभदेव भगवान् के प्रथम पुत्ररत्न भरतचक्रवर्त्ती ने सिंहनिषद्या नामक चैत्य-प्रासाद के द्वारों पर लोहमय यान्त्रिक द्वारपाल नियुक्त किये थे, इतना ही नहीं किन्तु इस पर्वत को चारों तरफ से छिलवा कर सामान्य भूमिविहारी मनुष्यों के लिये इसके शिखर पर पहुँचना अशक्य कर दिया था।

ऐसा करने का कारण यह था कि कालान्तर में कोई मनुष्य अपने स्वार्थ के खातिर इसको अपवित्र न कर सके। इसलिये तो स्वयं भरत चक्रवर्त्ती ने इसकी आठ योजन ऊँचाई के आठ भाग कर क्रमशः आठ मेखलाएँ बनवाई थीं। इसी कारण इस तीर्थ पर्वत का 'अष्टापद' नाम प्रख्यात हुआ है।

श्री सगरचक्रवर्त्ती के पुत्रों ने भी इस अष्टापद पर्वत के चारों ओर खाई खुदवाई और उसमें पवित्र गंगाजल भरवाया।

ऐसी इस तीर्थ की महिमा अनुपम है। प्रतिदिन प्रातःकाल में इस महान् श्री अष्टापदजी तीर्थ को तथा चौबीस श्री जिनेश्वर भगवान् को हमारा (त्रिविध) वन्दन-नमस्कार हो।

# 3

# ॥ અષ્ટાપદ ॥

જિતેન્દ્ર શાહ

મહાકવિ ધનપાલે ઋષભદેવની સ્તુતિ કરતા ઋષભપંચાશિકામાં જણાવ્યું છે કે,

जम्मि तुमं अहिसित्तो, जत्थ य सिवसुक्ख संपयं पत्तो ।
ते अट्ठावयसेला, सीसामेला गिरिकुलस्स ।।८।।

**અર્થાત્** - ''જે સુવર્ણના ગિરિ ઉપર તમારો (જન્મ) અભિષેક થયો તે એક અષ્ટાપદ (મેરુ) પર્વત તેમ જ જ્યાં તમે શિવસુખની સંપત્તિને (નિર્વાણ) પામ્યા, તે (વિનિતાનગરીની સમીપમાં રહેલો આઠ પગથિયાંવાળો) બીજો અષ્ટાપદ પર્વત એ પર્વતો (સમસ્ત) પર્વતોના સમૂહના મસ્તકને વિશે મુકુટરૂપ થયા.'' ધનપાલે આ શ્લોકમાં ભગવાન ઋષભદેવની સ્તુતિના આધારે અષ્ટાપદની પણ મહત્તા વર્ણવી છે. ભગવાન ઋષભદેવનું નિર્વાણ અષ્ટાપદ ઉપર થયું હતું તેથી તે તીર્થ બન્યું અને કાલક્રમે તેને જે મહત્તા મળી તે મેરુપર્વતની જેટલી જ મહાન મળી છે. અષ્ટાપદ પર્વતને સમસ્ત પર્વતના સમૂહમાં મુણ્ડમણિ સમાન ગણ્યો છે. આથી જ સકલાર્હત્ સ્તોત્રમાં જ્યારે કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય તીર્થોની સ્તુતિ કરે છે ત્યારે સર્વપ્રથમ અષ્ટાપદને વંદે છે.

ख्यातोऽष्टापदपर्वतो गजपदः सम्मेतशैलाभिधः
श्रीमान् रैवतकः प्रसिद्धमहिमा, शत्रुञ्जयो मण्डपः ।
वैभारः कनकाचलोऽर्बुदगिरिः, श्री चित्रकूटादयः,
तत्र श्री ऋषभादयो जिनवरा कुर्वन्तु वो मङ्गलम् ।।३३।।

– સકલાર્હત્ સ્તોત્ર

**અર્થાત્** - પ્રસિદ્ધ એવો અષ્ટાપદ પર્વત, ગજાગ્રપદ, પર્વત, સમ્મેતશિખર, શોભાવાળો ગિરનાર પર્વત, પ્રસિદ્ધ મહિમાવાળો શત્રુંજયગિરિ, માંડવગઢ, વૈભારગિરિ, કનકાચલ (સુવર્ણગિરિ) શ્રી ચિત્રકુટ આદિ તીર્થો છે. ત્યાં રહેલા શ્રી ઋષભ વગેરે જિનેશ્વર તમારું કલ્યાણ કરો.

અષ્ટાપદ તીર્થ જૈન ધર્મનું એક અત્યંત પવિત્ર તીર્થ મનાય છે. તેમાં આગમિક સાહિત્ય, ટીકાગ્રંથો તીર્થકલ્પો, ચરિત્રો ગ્રંથોમાં અનેક ઉલ્લેખો ઉપલબ્ધ થાય છે. પણ દુર્ભાગ્યે મૂળ અંગ આગમમાં અષ્ટાપદ તીર્થનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. હા ! અષ્ટાપદ શબ્દનો પ્રયોગ થયો છે ખરો. જ્ઞાતાધર્મકથાંગસૂત્ર અને સ્થાનાંગસૂત્રમાં અષ્ટાપદ શબ્દ પ્રયોજાયો છે. પરંતુ ત્યાં પુરુષોની ૭૨ કલામાંની એક કલારૂપે પ્રયોજાયો છે. તેથી તે અહીં તે અષ્ટાપદ અભિપ્રેત નથી. અહીં તો આપણે અષ્ટાપદ તીર્થ સંબંધી ઉલ્લેખોની ચર્ચા કરી રહ્યા છીએ.

---

Ashtapad Vol. XIII Ch. 96-G, Pg. 5854-5859

અષ્ટાપદ તીર્થ અંગેનો સહુથી પ્રાચીન ઉલ્લેખ ચતુર્દશપૂર્વધર પૂ. ભદ્રબાહુસ્વામી કૃત આવશ્યક નિર્યુક્તિ (આ.નિ.)માં પ્રાપ્ત થાય છે. આ નિ.માં ભદ્રબાહુસ્વામીએ ઋષભદેવ ભગવાનના ચરિત્રનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે ભવ-સંસારને મથી નાખનાર પરમાત્મા પૂર્વોમાં અન્યૂન શતસહસ્રવર્ષ અનુક્રમે વ્યતીત થયા બાદ વિહાર કરતાં કરતાં પરમાત્મા અષ્ટાપદ પર્વત ઉપર આવ્યા. અષ્ટાપદ પર્વત ઉપર તેઓએ છ દિવસના ઉપવાસ કર્યા અને દશ હજાર મુનિઓ સાથે અનુત્તર નિર્વાણને પ્રાપ્ત થયા. નિર્વાણપ્રાપ્તિ પછી તેમનો ઉત્સવ કરવામાં આવ્યો અને ત્યાં નિર્વાણ, ચિતિકર્મ, કથા, જિનભવન, યાચક આ પાંચ પ્રકારે ઉત્સવ કરવામાં આવ્યો.

મૂળ નિર્યુક્તિમાં આ પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. પ્રસંગ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પરમાત્મા ઋષભદેવનું નિર્વાણ અષ્ટાપદ પર્વત ઉપર થયું હતું. તેમણે છ દિવસના ઉપવાસ કર્યા હતા અને દશ હજાર સાધુઓ સાથે નિર્વાણ પામ્યા હતા. નિર્વાણ પામ્યા બાદ ત્યાં ભરતાદિ ચક્રવર્તીએ નિર્વાણ મહોત્સવ કર્યો હતો. અને ત્યાં સ્તૂપ તથા જિનચૈત્યનું નિર્માણ કર્યું હતું. મૂલગાથાઓ આ પ્રમાણે છે.

अह भगवं भव महणो पुव्वाणमणूणगं सय सहस्सं ।
अणुपुव्वि विहरिऊणं पत्तो अट्ठावयं सेलं ।।४३३।।

अट्ठावयंमि सेले चउदसभत्तेण सो महरिसीणं ।
दसहिं सहस्सेहिं समं निव्वाणमणुत्तरं पतौ ।।४३४।।

णिव्वणां चिइगाणई  जिणस्स इक्खाग से सयाणं च ।
सकहा थूभ जिणहरे जायगं तेणाहि अहिगत्ति ।।४३५।।

**અર્થાત્** - ભવને મથનાર ભગવાન શતસહસ્રવર્ષ અન્યૂન વર્ષ વિતાવી વિહાર કરતાં કરતાં અષ્ટાપદ પર્વત ઉપર આવ્યા. અષ્ટાપદ પર્વત ઉપર છ દિવસના ઉપવાસ કરી દશ હજાર સાધુ સાથે અનુત્તર નિર્વાણને પ્રાપ્ત થયા. નિર્વાણ બાદ ત્યાં સ્તૂપ અને જિનચૈત્યનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ ભાષ્યકારે જિનચૈત્ય અને સ્તૂપની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે,

थूभसय भाउगाणा चउवीसं चेव जिणहरे कासी ।
सव्वजीणाणं पडिमा वण्णपमाणेहिं नियएहिं ।।४५।। મૂ. ભા.

**અર્થાત્**- સો ભાઈઓના સ્તૂપ નિર્માણ કરાવ્યા તથા સર્વ જિનેશ્વરોના અર્થાત્ ચોવીસ જિનેશ્વર ભગવાનના પોતપોતાના વર્ણાનુસાર જિનબિંબ બનાવી જિનમંદિરમાં સ્થાપિત કર્યાં.

આવશ્યક નિર્યુક્તિ ઉપર આચાર્ય હરિભદ્રસૂરિ વૃત્તિ પ્રાપ્ત થાય છે. આ વૃત્તિ અત્યંત વિસ્તૃત અને અનેકવિધ માહિતીથી સભર છે. તેમાં ઉક્ત ગાથાઓની વૃત્તિમાં જણાવ્યું છે કે પરમાત્મા અષ્ટાપદ પર્વત ઉપર મોક્ષ પામ્યા છે તે સાંભળીને તરત જ પગે ચાલીને (दुःखसंतप्तमानसः पद्भयामेयेव अष्टापदं ययौ) અષ્ટાપદ પર્વત ઉપર આવ્યા. અને ત્યાં દેવોએ મહોત્સવ કર્યો. ભરતચક્રીએ ત્રણ માળ ઊંચું યોજન પ્રમાણ સિંહનિષદ્યા જિનમંદિર બનાવ્યું. તેમાં પોત-પોતાના વર્ણવાળી તીર્થંકર પ્રતિમાઓ, સો ભાઈઓની પ્રતિમા, પોતાની પ્રતિમા અને સો સ્તૂપ બનાવ્યા. કોઈ આક્રમણ ન કરે અને પ્રતિમા ખંડિત ન કરે તે માટે લોહમય યંત્રપુરુષો અને દ્વારપાળોની રચના કરી. દંડરત્નથી અષ્ટાપદને બધી જ બાજુથી છિન્ન કર્યો. યોજને યોજને આઠ પગથિયાં કર્યાં. સગરપુત્રોએ પોતાના વંશના અનુરાગથી ગંગા અવતરિત કરી.

भरहो भगवन्तमुद्दिश्य वर्धकीरत्नेन योजनायामं त्रिगव्यूतोच्छ्रितं सिंहनिषद्यायतनं कारितवान्, निजवर्णप्रमाण युक्ताः चतुर्विंशतिः जीवाभिगमोक्तपरिवारयुक्ताः, तीर्थंकर प्रतिमाः तथा भ्रातृशतप्रतिमा, आत्मप्रतिमां च स्तूपशतं च, मा कश्चित् आक्रामणं करिष्यतीति तत्रैकां भगवतः शेषान् एकोनशतस्म् भ्रातृणामिति

तथा लोहमयान् यन्त्रपुरूषान्, तद्वारपालान्चकारः, दण्डरत्नेन अष्टापद सर्वत्तः छिन्नवान्, योजने योजने अष्टौ पदानी च कृतवान् सगरसूतैस्तु स्ववंशानुरागाद्यथा परिखां कृत्वा गंगामवतरिता तथा ग्रन्थान्तरतो विज्ञेयमिति ।। पृ. १२३ ।।

આ ઉપરાંત દિગંબર શાસ્ત્રોમાં હરિવંશપુરાણ, આદિપુરાણ, હરિષેણચરિત્ર, ઉત્તરપુરાણ, બૃહત્કથા, પદ્મપુરાણ આદિગ્રંથોમાં વિસ્તારથી અષ્ટાપદના ઉલ્લેખો મળે છે જેના આધારે નીચે મુજબની ઘટનાઓ અષ્ટાપદ સાથે સંકળાયેલી છે.

(૧) ઋષભસેન આદિ ગણધરોએ પણ અષ્ટાપદ પર્વત ઉપરથી મોક્ષ પ્રાપ્ત કર્યો. (હરિવંશપુરાણ) આચાર્ય જિનસેન.

(૨) બાહુબલી આદિ ૯૯ પુત્રો કૈલાસ પરથી મોક્ષ પામ્યા. (આદિપુરાણ)

(૩) અજિતનાથ ભગવાનના પિતામહ (દાદા) ત્રિદશંજય અષ્ટાપદ ઉપરથી મોક્ષે ગયા હતા.

(૪) સગર ચક્રવર્તીના ઉત્તરાધિકારી ભાગીરથ રાજાએ અષ્ટાપદ ઉપર દીક્ષા લીધી અને ગંગાતટ પર તપ કરતાં મોક્ષે ગયા. (ઉત્તર)

(૫) અષ્ટાપદ શિખર ઉપરથી વ્યાલ, મહાવ્યાલ, અચ્છેદ્ય, નાગકુમાર મુક્ત થયા-પ્રાકૃત નિર્વાણ ભક્તિ.

णायकुमार मुणिन्दो बाल महाबाल चेव अच्छेया।
अट्ठावयगिरि सिहरे णिव्वाण गया णमो तेसिं ।।१५।।

(૬) હરિષેણ ચક્રવર્તીનો પુત્ર હરિવાહન અષ્ટાપદ પર્વત ઉપરથી મોક્ષે ગયા.

પ્રથમ તીર્થંકર આદિનાથ પરમાત્માનો એક વિશેષ પ્રસંગ જે અન્યત્ર કોઈ ગ્રંથમાં નોંધાયેલો નથી તેવો એક પ્રસંગ બૃહત્કલ્પસૂત્ર ભાષ્ય અને વૃત્તિમાં નોંધાયેલો છે. ભદ્રબાહુસ્વામી નિર્યુક્તિમાં જણાવે છે કે એક વખત અષ્ટાપદ પર્વત ઉપર ઋષભદેવ પરમાત્મા સમવસર્યા છે તે સાંભળી ભરત મહારાજા સર્વઋદ્ધિ સહિત પાંચસો ગાડાઓ સાથે પરમાત્મા પાસે જઈ પહોંચ્યાં. પરમાત્માને વંદન કરીને ભક્તિપૂર્વક સાધુ ભગવંતોને ગોચરી માટે નિમંત્રિત કરે છે. રાજાનું નિમંત્રણ હોવા છતાં સાધુઓને આધાકર્મી, અભ્યાહત, રાજપિંડ દોષથી દૂષિત ગોચરી કલ્પે નહીં અને આવી ગોચરી વ્રતોને પીડાકારક હોવાથી સાધુઓને કલ્પે નહીં. સાધુનાં આવા વચનો સાંભળી ખૂબ જ મોટા દુઃખથી દુખિત થયેલા રાજા સાધુ ભગવંતોને વિનંતી કરી છે કે હે સાધુભગવંતો! મારા પર અનુગ્રહ કરો, શા માટે મને ત્યાગો છો? તેમ ન કરો!

ત્યાં તે સમયે શક્ર-ઈન્દ્ર-પણ વંદન કરવા આવ્યા હતા. તેમણે ભરત મહારાજાના ભાવો જાણ્યા એટલે તરત જ પરમાત્માને અવગ્રહ અંગે પ્રશ્ન પૂછ્યો જેથી ભરતરાજાને પણ અવગ્રહના આચારને વર્ણવે છે. આ પ્રસંગની ગાથા બૃહદ્કલ્પ સૂત્ર નિર્યુક્તિમાં પ્રાપ્ત થાય છે તે આ પ્રમાણે છે.

